
વર્ષઃ 02 અંકઃ 20

16-30 એપ્રિલ, 2022

નિઃશુલ્ક

# ન્યૂ ઈન્ડિયા સમાચાર



## #સબકા પ્રયાસ

# જાહેર-ખાનગી ભાગીદારીનો સેતુ

‘એક પણ નાગરિક વિકાસનાં માર્ગમાં પાછળ ન રહી જાય’ ના સિધ્ધાંત સાથે 100 ટકા લોકો સુધી પહોંચવાના સંકલ્પોને દર વર્ષે 100 ટકા સાકાર કરવા માટે શરૂ કરવામાં આવેલી સંવાદની પરંપરાને સતત ગતિ મળી રહી છે.



# "જ્યારે દરેક ભારતવાસી 'લોકલ' માટે 'વોકલ' થાય છે ત્યારે 'લોકલ'ને 'ગ્લોબલ' થતાં વાર નથી લાગતી"

**જ્યારે સપનાથી પણ મોટાં સંકલ્પ હોય ત્યારે દેશ મોટાં પગલાં ભરે છે. જ્યારે સંકલ્પ માટે દિવસ-રાત પ્રામાણિકતાથી પ્રયત્ન થાય છે ત્યારે એ સંકલ્પ સિધ્ધ પણ થાય છે. તાજેતરમાં નિકાસના લક્ષ્ય હાંસલ કરવાનો રેકોર્ડ હોય કે પછી નાના દુકાનદારો માટે ટેકનોલોજીથી સજ્જ સરકારી મંચ, કે પછી જળ સંરક્ષણની વાત હોય, કે પછી સ્વચ્છતા અને આરોગ્યની દુનિયામાં ભારતના આયુષ ( Ayurveda, Yoga and Naturopathy, Unani, Siddha and Homeopathy)ની વધતી અસર. આ જ છે નવું ભારત જે એ દર્શાવે છે કે જ્યારે પણ કોઈના સંકલ્પ, તેનાં પ્રયત્નો તેનાં સપનાથી પણ મોટાં થઈ જાય છે ત્યારે સફળતા સામેથી ચાલીને તેની પાસે આવે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાના માસિક રેડિયો કાર્યક્રમ મન કી બાતમાં આ મહત્વપૂર્ણ મુદ્દાઓ પર પોતાના વિચાર રજૂ કર્યાઃ**

- **જળ સંરક્ષણઃ** આપણે પાણીનું રિસાઇકલિંગ, ચેક ડેમનાં નિર્માણ, વરસાદી પાણીનો સંચય અને જળ સંરક્ષણ માટે વ્યક્તિગત પ્રયત્નો પર સમાન રીતે ભાર મૂકતા રહેવાનો છે. મુપટ્ટમ શ્રી નારાયણ ઉનાળા દરમિયાન પશુ-પક્ષીઓ માટે માટીના વાસણો વહેંચી રહ્યા છે. અરૂણ કૃષ્ણમૂર્તિ પોતાના વિસ્તારોના તળાવો અને સરોવરોને  સાફ કરવાનું અભિયાન ચલાવી રહ્યા છે. રોહન કાળે મહારાષ્ટ્રમાં સીડી વાળા જૂના કુવાના સંરક્ષણની ઝૂંબેશ ચલાવી રહ્યા છે. ઓડિશાના પુરીના રાહુલ મહારાણા દર રવિવારે સવાર સવારમાં યાત્રાધામોની પાસે પ્લાસ્ટિકનો કચરો સાફ કરે છે.
- **આયુષઃ** આયુષનું બજાર ઝડપથી વધી રહ્યું છે અને આજે આયુષ ઉત્પાદન ઉદ્યોગ લગભગ 1.4 લાખ કરોડ રૂપિયા સુધી પહોંચી ગયો છે. સ્ટાર્ટઅપની દુનિયામાં કપિવા, નિરોગ-સ્ટ્રીટ અને આત્રેય ઇનોવેશન જેવા આયુષ સ્ટાર્ટઅપ પોતાની ઓળખ ઊભી કરી રહ્યા છે.
- **આરોગ્યઃ** આરોગ્ય અંગે જાગૃતિ વધારવા માટે 7 એપ્રિલનાં રોજ આપણે વિશ્વ આરોગ્ય દિવસ મનાવીશું. ગયા સપ્તાહે જ કતારમાં આયોજિત એક યોગ કાર્યક્રમમાં 114 દેશોના નાગરિકોએ ભાગ લઇને નવો વિશ્વ વિક્રમ સર્જ્યો હતો.
- **નિકાસમાં વિક્રમઃ** ભારતે ગયા સપ્તાહે 400 અબજ ડોલરની નિકાસનો લક્ષ્યાંક હાંસલ કર્યો છે. આ ભારતની તાકાત અને આત્મનિર્ભર ભારતના આપણા પ્રયાસોનું સફળ પરિણામ દર્શાવે છે. હવે તમને લડાખનાં વિશ્વ પ્રસિધ્ધ જરદાળુ દુબઈમાં પણ મળશે અને સાઉદી અરેબિયામાં તામિલનાડુમાંથી મોકલેલા કેળાં મળશે. હવે સૌથી મોટી વાત એ કે નવી નવી પ્રોડક્ટ, નવા નવા દેશોમાં પણ મોકલવામાં આવી રહી છે. જેમ કે, હિમાચલ, ઉત્તરાખંડમાં પેદા થતા 'મિલેટ' એટલે કે જાડાં ધાન્યની પ્રથમ ખેપ ડેન્માર્કમાં નિકાસ કરવામાં આવી.
- **નાનો વેપાર અને GEM:** જેમ પોર્ટલથી સરકારની ખરીદ પ્રક્રિયામાં પરિવર્તન આવ્યું છે, એટલું જ નહીં પણ તેણે સમગ્ર દેશમાં ગ્રાહકો અને વિક્રેતાઓને પણ મજબૂત બનાવ્યાં છે. જેમની વધુ એક સફળતા એ છે કે નાણાકીય વર્ષ 2021-22માં એક લાખ કરોડ રૂપિયાથી વધુની કિંમતના સામાનની ખરીદી તેનાં દ્વારા થઈ છે.
- **સ્વચ્છતાઃ** બાળકોએ આપણા સ્વચ્છતા અભિયાનને સફળ બનાવ્યું છે. આપણે પાણીનાં રિસાઇક્લિંગ પર ધ્યાન આપવું જોઇએ. આવો, 'વોટર વોરિયર્સ' બનવાનો સંકલ્પ લઇએ.
- **એક ભારત-શ્રેષ્ઠ ભારતઃ** ગુજરાતના પોરબંદરમાં યોજાતો માધવપુરનો મેળો એક ભારત-શ્રેષ્ઠ ભારતનું સુંદર ઉદાહરણ છે. તે પૌરાણિક લોકકથાઓમાં પૂર્વ અને પશ્ચિમ ભારત વચ્ચેનો ગાઢ સંબંધ દર્શાવે છે. ભગવાન કૃષ્ણનાં લગ્ન પૂર્વોત્તરની રાણી રુકમણી સાથે પોરબંદરમાં થયાં હતાં.
- **કન્યા શિક્ષણઃ** મહાત્મા ફુલે અને સાવિત્રીબાઇ ફુલેએ શાળાઓ સ્થાપીને મહિલાઓને શિક્ષિત અને સમાજને સશક્ત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી. દીકરીઓનાં અભ્યાસ માટે તેમને ફરી શાળામાં લાવવા અને અભ્યાસ શરૂ કરવા પર ફોકસ કરવામાં આવી રહ્યું છે.
- **પદ્મ સન્માનઃ** પદ્મ સન્માન સમારોહમાં તમે બાબા શિવાનંદજીને ચોક્કસ જોયા હશે. 126 વર્ષનાં વડીલની સ્ફૂર્તિ જોઇને મારી જેમ દરેકને આશ્ચર્ય થયું. મેં જોયું, આંખનાં પલકારમાં તેઓ નંદી મુદ્રામાં પ્રણામ કરવા લાગ્યા. મેં પણ બાબા શિવાનંદજીને નમીને વારંવાર પ્રણામ કર્યા.

મન કી બાત સંપૂર્ણ સાંભળવા માટે QR કોડ સ્કેન કરો

ન્યૂ ઈન્ડિયા
# સમાચાર

વર્ષ: 02 ,અંકઃ 20 | 16-30 એપ્રિલ, 2022

સંપાદક
**જયદીપ ભટનાગર,**
મુખ્ય મહાનિદેશક,
પ્રેસ ઈન્ફોર્મેશન બ્યુરો, નવી દિલ્હી

વરિષ્ઠ સલાહકાર સંપાદક
**સંતોષકુમાર**

વરિષ્ઠ સહાયક સલાહકાર સંપાદક
**વિભોર શર્મા**

સહાયક સલાહકાર સંપાદક
**ચંદન કુમાર ચૌધરી**

ભાષા સંપાદન
**સુમીત કુમાર (અંગ્રેજી), અનિલ પટેલ (ગુજરાતી), નદીમ અહેમદ (ઉર્દુ), સોનિત કુમાર ગોસ્વામી (આસામીઝ), વિનયા પીએસ (મલયાલમ), પોલમી રક્ષિત (બંગાળી), હરિહર પંડા (ઉડિયા)**

સીનિયર ડિઝાઈનર
**શ્યામ શંકર તિવારી**
**રવિન્દ્રકુમાર શર્મા**
ડિઝાઈનર
**દિવ્યા તલવાર, અભય ગુપ્તા**




**13 ભાષામાં ઉપલબ્ધ ન્યૂ ઈન્ડિયા સમાચાર વાંચવા માટે ક્લિક કરો**
https://newindiasamachar.pib.gov.in/news.aspx

**ન્યૂ ઈન્ડિયા સમાચારના જૂના અંક વાંચવા માટે ક્લિક કરો**
https://newindiasamachar.pib.gov.in/archive.aspx

## અંદરના પાના પર...

# બજેટને ગતિ, રાષ્ટ્રને પ્રગતિ





**કવર સ્ટોરી** બજેટ વેબિનારના માધ્યમથી ખાનગી ક્ષેત્ર અને અન્ય હિતધારકો સાથે વડાપ્રધાન સંવાદ કરે છે, જેથી સરકાર નહીં, દેશનો દરેક સામાન્ય નાગરિક બજેટમાં ભાગીદાર બને. 16-29

**ફ્લેગશિપ યોજનાઃ ખેલો ઈન્ડિયા પ્રતિભાઓને નવી ઓળખ, નવી તકો મળી**



પ્રતિભાઓને ઓળખવાનો અને ઘડવાનો કાર્યક્રમ 'ખેલો ઈન્ડિયા'ના 6 વર્ષ | 38-39

**આઝાદી કા અમૃત મહોત્સવ**
**ભારતની આઝાદી માટે જ્યારે સેંકડો વીરોએ આપી પ્રાણોની આહૂતિ**



આઝાદીના અમૃત મહોત્સવમાં આ અંકમાં વાંચો મણિપુરના ખોંગજોમ અને ઓડિશાના ક્યોંઝરમાં થયેલા સ્વતંત્રતા સંગ્રામની કહાની..... 41-44

**ગ્રામ-જન પ્રતિનિધિઓના સંકલ્પથી થશે સમૃદ્ધિ**
પંચાયતી રાજ દિવસે વડાપ્રધાને અગાઉ કરેલા સંબોધનો પર વિશેષ લેખ | 4-5

**સમાચાર સાર** | 6-7

**સમાજથી બહિષ્કૃત થઈને જેમણે મહિલા સશક્તિકરણનો પાયો નાખ્યો**
કહાની ભારતરત્ન ધોંડો કેશવ કર્વેની | 8

**'અન્ન સલામતી' સુનિશ્ચિત, કેન્દ્રીય કર્મચારીઓને ડીએમાં વધારો**
કેબિનેટની બેઠકમાં વિવિધ નિર્ણયો | 9

**ભારતનો વારસો ફરી ભારતની ધરતી પર**
ઓસ્ટ્રેલિયાથી 228 અમૂલ્ય પ્રાચીન ચીજો પાછી લવાઈ | 10-11

**પરીક્ષાઓને તહેવાર બનાવી દો તો તેમાં રંગ ભરાશે**
પરીક્ષા પે ચર્ચા કાર્યક્રમમાં વડાપ્રધાને બાળકોને આપ્યાં જીતના મંત્ર | 12-14

**હિંસા અને અરાજકતાનો વિરોધ કરવો આપણી ફરજ**
શ્રી શ્રી હરિચંદ્ર ઠાકુરની 211મી જન્મજયંતીએ વડાપ્રધાનનું સંબોધન | 15

**પ્રગતિના સાથી**
ભારત-જાપાન 14મું વાર્ષિક શિખર સંમેલન | 30-31

**બદલાઈ ગઈ જિંદગી.. જ્યારે વંચિતોને મળ્યું પોતાનું ઘર**
મ.પ્રમાં પીએમ આવાસ યોજનાના 5,25 લાખ લાભાર્થીઓનો ગૃહપ્રવેશ | 32-33

**નવા ભારતના પદ્મ**
રાષ્ટ્રપતિએ પદ્મ પુરસ્કાર અર્પણ કર્યા | 34-35

**પ્રતિબંધો ખતમ**
કોવિડ સામેની લડાઇમાં આગેકૂચ | 36-37

**ગુરુકુળ પરંપરાએ 'સર્વજન હિતાય'ને આત્મસાત કર્યું હતું**
એસજીવીપી ગુરુકુળના ભાવ વંદના કાર્યક્રમમાં વડાપ્રધાનનું સંબોધન | 40



**પ્રકાશક અને મુદ્રક:** સત્યેન્દ્ર પ્રકાશ, મુખ્ય મહાનિદેશક, બીઓસી (બ્યૂરો ઓફઆઉટરીચ એન્ડ કમ્યુનિકેશન વતી) | **મુદ્રણઃ** અરાવલિ પ્રિન્ટર્સ એન્ડ પબ્લિશર્સ પ્રાઈવેટ લિમિટેડ, W-30 ઓખલા ઇન્ડસ્ટ્રીયલ એરિયા, ફ્રેઝ-ટુ, નવી દિલ્હી-110020 | **સંદેશાવ્યવહારનું સરનામું અને ઇમેલ:** રૂમ નંબર-278, બ્યૂરો ઓફ આઉટરીચ એન્ડ કમ્યુનિકેશન, સૂચના ભવન, બીજો માળ, નવી દિલ્હી-110003| **ઇમેલઃ** response-nis@pib.gov.in **RNI No.** : DELGUJ/2020/78810

# સંપાદકની કલમે

उद्यमेन हिसिध्यन्तिकार्याणि न मनोरथैः।
न हिसुप्तस्यसिंहस्यप्रविशन्तिमुखे मृगाः

**એટલે કે-મહેનતથી જ કાર્ય સફળ થાય છે, ઈચ્છાઓથી નહીં. જેવી રીતે સૂતેલા સિંહના મોંમાં હરણ જાતે નથી આવતું, એનાં માટે સિંહે મહેનત કરવી પડે છે.**

સાદર નમસ્કાર

સામાન્ય બજેટની વાત હોય કે, અન્ય યોજનાઓને આકાર આપવાનો હોય, સંકલ્પોને સાકાર કરવા માટે પરિશ્રમ જ કેન્દ્ર સરકારની નીતિઓનો આધાર છે. આઝાદી બાદ લાંબા સમય સુધી સામાન્ય બજેટ રજૂ થતાં પહેલાં કેટલાંક પસંદગીના લોકો સાથે જ મંત્રણા કરવાની પરંપરા હતી. જ્યારે દેશ આઝાદીના સ્વર્ણિમ વર્ષ માટે નવો સંકલ્પ, નવી દિશા નક્કી કરી રહ્યો હોય, ત્યારે પહેલાંની પરંપરા અપેક્ષિત પરિણામ ન આપી શકે. એવામાં અમૃત મહોત્સવ વર્ષમાં સ્વર્ણિમ રાષ્ટ્રની અમૃત યાત્રા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સંસદીય ઈતિહાસમાં એક નવી પરંપરા –'બજેટ બાદ હિતધારકો સાથે સંવાદ અને સમન્વય'ની શરૂઆત કરી. બજેટ સુધારાઓની સાથે આ નવી પરંપરાનાં ઉત્સાહવર્ધક પરિણામ ગયા વર્ષે જોવા મળ્યાં. નાણાકીય વર્ષના સમાપનના ત્રણ મહિના પહેલાં જ સામાન્ય બજેટની મોટા ભાગની જાહેરાતોનો વાસ્તવિક અમલ થઈ ગયો હતો.

2047ના સ્વર્ણિમ ભારત માટે જે રીતે સામાન્ય બજેટને દર વર્ષે સાતત્યપૂર્ણ રીતે આગળ વધારવામાં આવી રહ્યું છે, તે જ રીતે સંવાદની શ્રૃંખલાને વિસ્તારતા વડાપ્રધાને 2022-23ના સામાન્ય બજેટને લગભગ ડઝનબંધ સેક્ટરમા વિભાજીત કરીને 40,000થી વધુ હિતધારકો સાથે મંથન કર્યું. તેનો હેતુ, તકોની સાથે જાહેર-ખાનગી ભાગીદારી વચ્ચે વિકાસનો રાષ્ટ્ર સેતુ તૈયાર કરવાનો છે, જ્યાં ઉદ્યોગ સાહસિકો પોતાની સ્વદેશી ચીજવસ્તુઓ પર ગર્વ કરે અને ગ્રાહકો પણ તેનાથી પ્રેરાય. 'સબકા પ્રયાસ'નો મંત્ર કઈ રીતે રાષ્ટ્રના વિકાસમાં હવે મહત્વપૂર્ણ ભાગીદાર બની ગયો છે, તેનાં પર કવર સ્ટોરી બનાવવામાં આવી છે.

આ અંકમાં પંચાયતી રાજ વ્યવસ્થાની મજબૂતી અને તેનાં પ્રયત્નો અંગે વિશેષ લેખ, ખેલો ઈન્ડિયા યોજનાથી ખેલ ક્રાંતિની શરૂઆત, વિશ્વ વારસા દિવસ પ્રસંગે વારસાની જાળવણી અને ભારતમાંથી ચોરાયેલી પ્રાચીન ચીજોને ભારત પાછી લાવવાની ગૌરવવંતી કહાની પણ છે. આ ઉપરાંત, ભારત રત્નથી સન્માનિત ડો. ધોંડો કેશવ કર્વે, અમૃત મહોત્સવની શ્રૃંખલામાં ક્રાંતિની ભૂમિનું સ્મરણ, ભારત-જાપાન સંબંધોની મજબૂતીને નવાં પરિમાણ અને પખવાડિયાનાં અન્ય તાજા સમાચારો આ અંકમાં ઉપલબ્ધ છે.


**તમારાં સૂચનો response-nis@pib.gov.in પર મોકલતાં રહો**

**હિંદી, અંગ્રેજી અન્ય અન્ય 11 ભાષાઓમાં ઉપલબ્ધ મેગેઝીન વાંચો/ડાઉનલોડ કરો.**

**https://newindiasamachar.pib.gov.in/news.aspx**

**(જયદીપ ભટનાગર)**

# પ્રતિભાવ




## ગાગરમાં સાગર છે "ન્યૂ ઇન્ડિયા સમાચાર"

જળ જ આપણાં જીવનનો આધાર છે અને જળને કઈ રીતે સુશાસનનો આધાર બનાવવામાં આવ્યો છે તે અંગે "ન્યૂ ઇન્ડિયા સમાચાર"ના 16-31 માર્ચના અંકની કવર સ્ટોરીમાં મહત્વની માહિતી આપવામાં આવી છે. આ વિષય પર કેન્દ્રીય જળશક્તિ મંત્રી ગજેન્દ્રસિંહ શેખાવતનો વિશેષ લેખ પ્રશંસનીય છે. 'ઇન્ટરનેશનલ હેપ્પીનેસ ડે'ના સંદર્ભમાં કરોડો ચહેરા પર હાસ્ય, ટેકનિકલ ટેક્ટાઇલ્સ ક્ષેત્રમાં આત્મનિર્ભરતાની શરૂઆત, જળવાયુ ન્યાય જ પર્યાવરણ સંરક્ષણનો વિકલ્પ, મહાદેવી વર્માનો જીવન પરિચય પણ ઉલ્લેખનીય છે. આ લેખોએ જાણે 'ગાગરમાં સાગર' ભરી દીધો છે.

**ચૌધરી શક્તિસિંહ એડવોકેટ**
**shaktisinghadv@gmail.com**

## માહિતીથી ભરપૂર ઉત્તમ મેગેઝીન છે "ન્યૂ ઇન્ડિયા સમાચાર"

કેન્દ્ર સરકારની યોજનાઓ સાથે સંકળાયેલી માહિતી અત્યંત રોચક અને સરળતાથી સમજાવવી એ આપનાં મેગેઝીનની વિશેષતા છે. આ એવી માહિતી છે, જેની જરૂર આપણને બધાંને ક્યારેક ને ક્યારેક પડે જ છે. પણ તમામ માહિતી એક જગ્યાએ મળી જાય એ શક્ય નહોતું. તમારાં લેખ વાંચીને સ્મૃતિપટલ પર અંકિત થઈ જાય છે. જેટલું અમારે જાણવું જોઇએ તેનાંથી વધારે અને તે પણ રોચક અંદાજમાં વાંચવા મળે છે.

**-શૈલેન્દ્રકુમાર સોની**

## મેગેઝીન અત્યંત રસપ્રદ અને સંક્ષિપ્ત

ન્યૂ ઇન્ડિયા સમાચારના 16-31 માર્ચના અંકમાં 'જળ સુશાસન' અંગે વાંચ્યું. તમારું આ મેગેઝીન અત્યંત રસપ્રદ છે અને તેમાં તમામ વિગતો આવરી લેવામાં આવે છે. દરેક વર્ગના વાચકને તેનાથી લાભ થાય છે. આમ તો, આ અંકનો દરેક લેખ સંપૂર્ણ છે, પણ ખાસ કરીને હું છાયાવાદની મીરા-મહાદેવી વર્મા પર લખેલા લેખની વાત કરીશ. મહાદેવી વર્મા આજની મહિલાઓ માટે એક દ્રષ્ટાંત છે, કે કઈ રીતે મહેનત અને ધગશથી સમાજ અને અધ્યયનના ક્ષેત્રમાં પોતાનું સ્થાન બનાવી શકાય છે. મહાદેવી વર્મા જેવી પ્રગતિશીલ મહિલાની જીવન-કથા વાસ્તવમાં આજે પણ પ્રેરણાદાયી છે.

**સંજય કાલા**
**sanjay_kala7s@rediffmail.com**

## જળ અર્પણ કરતા વડાપ્રધાનની મનમોહક તસવીર

આ અંકના મુખપૃષ્ઠ પર જળ અર્પણ કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીની તસવીર પ્રકાશિત કરવામાં આવી, જે અત્યંત મનમોહક લાગી. આ અંકમાં 'છાયાવાદની મીરા' મહાદેવી વર્માજી અંગે સુંદર લેખ પ્રકાશિત કરવામાં આવ્યો છે, જે ખૂબ રોચક છે. આ ઉપરાંત, વડાપ્રધાન મોદી દ્વારા નદીઓને જોડવા સંબંધી યોજનાઓની માહિતી જાણવા મળી. આપની સમગ્ર ટીમ અભિનંદનને પાત્ર છે.

**શ્રી ગોપાલ શ્રીવાસ્તવ | shrigopal6@gmail.com**


## નારી શક્તિ પરનો અંક સંગ્રહણીય છે

દરેક દેશને બે પાંખ હોય છે. એક સ્ત્રી, બીજી પુરુષ. કોઇ પણ દેશના વિકાસની ઉડાન એક પાંખથી ન થઈ શકે. મહિલાઓ વિકાસનો મુખ્ય આધાર હોય છે. તેઓ પરિવાર, સમાજ અને દેશની પ્રગતિમાં પોતાની મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ભારતમાં પણ નારી શક્તિની સફળતા આપણને બધાંને ગૌરવ અપાવી રહી છે. તેની ઝલક ન્યૂ ઇન્ડિયા સમાચાર મેગેઝીનના 1-15 માર્ચના અંકમાં વર્તાય છે. સિંધુતાઇની મમતાભરી સત્યતા હોય કે પલંગની નીચે મશરુમ ઉગાડનારી બીના દેવી. આવી તમામ મહિલાઓ પર સમગ્ર દેશને ગર્વ છે. આંતરરાષ્ટ્રીય મહિલા દિને સંગ્રહણીય સામગ્રી પ્રકાશિત કરનાર ન્યૂ ઇન્ડિયા સમાચાર મેગેઝીનની સમગ્ર ટીમને અભિનંદન.

**-વીરેન્દ્ર વિશ્વકર્મા | virendrakbpl@gmail.com**

**સંદેશાવ્યવહારનું સરનામું અને ઇમેલ: રૂમ નંબર-278, બ્યૂરો ઓફ આઉટરીચ એન્ડ કમ્યુનિકેશન, સૂચના ભવન, બીજો માળ, નવી દિલ્હી-110003 | ઇમેલઃ response-nis@pib.gov.in**

# "ગ્રામ-જન પ્રતિનિધિઓના સંકલ્પથી થશે સિધ્ધિ"



**નરેન્દ્ર મોદી**
**વડાપ્રધાન**

**"ગ્રામ પંચાયતો આપણી લોકશાહીની એકતાની તાકાત અને કેન્દ્ર છે. આપણે ત્યાં કહેવાય છે કે, "संघमूलम् महाबलम्". એટલે કે સંગઠન કે એકતામાં જ મોટી શક્તિનું કેન્દ્ર હોય છે."**

**દેશ માટે જેટલું મહત્વ લોકસભાનું છે, એટલું જ મહત્વ ગામ માટે ગ્રામસભાનું હોય છે. લોકસભા દેશનું ભવિષ્ય નક્કી કરે છે, તો ગ્રામ સભા ગામનું ભવિષ્ય નક્કી કરે છે. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી કહેતા હતા, ગામમાં સફાઈ, ગામમાં શિક્ષણ, ગામમાં આરોગ્ય, ગામમાં અસ્પૃશ્યતામાંથી મુક્તિ, ગામમાં રોજગાર અને સ્વાવલંબન મૂળભુત સુવિધા છે. વીતેલાં કેટલાંક વર્ષોમાં અંત્યોદયના સિધ્ધાંતને સાકાર કરતા અંતિમ વ્યક્તિ સુધી યોજનાઓના લાભ પહોંચ્યા છે, તો તેનું કારણ છે કેન્દ્ર સરકારની ગામડાં સુધી સર્વાંગી, સર્વસ્પર્શી, સમાવેશી વિકાસની દ્રષ્ટિ. અને પંચાયતી રાજના સશક્તિકરણ વગર તે શક્ય નથી. 24 એપ્રિલનાં રોજ પંચાયતી રાજ દિવસ હોય છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અગાઉના પંચાયતી રાજ દિવસોએ વિવિધ કાર્યક્રમોમાં વ્યક્ત કરેલા વિચારોનું સંકલન પ્રસ્તુત છે...**

હું પંચાયતી રાજ દિવસની શુભકામના પાઠવું છું. પંચાયતી રાજ દિવસ ગ્રામીણ ભારતના નવનિર્માણના સંકલ્પોનું પુનરાવર્તન કરવાનો પ્રસંગ હોય છે. આ પુજ્ય બાપુના સપનાઓને સાકાર કરવાની મહત્વપૂર્ણ તક છે, કારણ કે મહાત્મા ગાંધી વારંવાર કહેતા હતા કે "સાચું ભારત ગામડાંઓમાં વસે છે." મહાત્મા ગાંધીએ ગ્રામ સ્વરાજની કલ્પના કરી હતી. મહાત્મા ગાંધીએ ગ્રામોદયથી રાષ્ટ્રોદય સુધીનો માર્ગ પ્રશસ્ત કરવા પ્રેરણા આપી હતી. બાપુ હંમેશા ગ્રામીણ વિકાસ અને આત્મનિર્ભર ગામોની વાત કરતા હતા. દેશ ઓગસ્ટ, 2023 સુધી આઝાદીનો અમૃત મહોત્સવ મનાવી રહ્યો છે. આપણે બાપુનાં 'ગ્રામીણ વિકાસ'ના સપનાને પૂરું કરવું જોઈએ. પંચાયતી રાજ દિવસ આપણી ગ્રામ પંચાયતોના યોગદાન અને તેમનાં અસાધારણ કાર્યોને જોવાનો, સમજવાનો અને તેમની પ્રશંસા કરવાનો દિવસ છે. આપણા દેશની પ્રગતિ અને સંસ્કૃતિનું નેતૃત્વ હંમેશા ગામોએ જ કર્યું છે. એટલાં માટે, આજે દેશ પોતાની દરેક નીતિ, દરેક પ્રયાસના કેન્દ્રમાં ગામોને રાખીને આગળ વધે

છે. આપણો પ્રયાસ છે કે આધુનિક ભારતનું ગામ શક્તિશાળી હોય, આત્મનિર્ભર હોય. આ માટે પંચાયતી રાજની ભૂમિકાનું વિસ્તરણ કરવામાં આવી રહ્યું છે, પંચાયતોને નવાં અધિકાર આપવામાં આવી રહ્યા છે. અમારી સરકારે ગામડાંને સમૃધ્ધ કરવા માટે મકાન, આરોગ્ય સેવાઓ અને દરેક ઘરમાં નળથી જળની સુવિધા પૂરી પાડી છે એટલું જ નહીં, પણ સ્વામિત્વ યોજના, ડિજિટાઇઝેશન, કોમન સર્વિસ સેન્ટર, સવા લાખ ગામડાં સુધી બ્રોડ બેન્ડ હાઈ સ્પીડ ઈન્ટરનેટ, રોડ અને રેલવે કનેક્ટિવિટી પર પણ ઝડપથી કામ કરી રહી છે. આઝાદીના 72 વર્ષ બાદ ખુલ્લામાં શૌચ માટે જવાની બહેનોની પીડા હોય કે પછી અડધી જિંદગી પીવાનું પાણી દૂરથી ઊંચકીને લાવવાનો અભિશાપ, નવું ભારત દેશમાં ખુલ્લામાં શૌચથી મુક્ત થયું છે, તો 2024 સુધી દરેક ઘરમાં પીવાનું પાણી પણ મળવા લાગશે. જેટલાં નળ જોડાણ 72 વર્ષમાં નથી લાગ્યાં, તેનાંથી લગભગ બમણાં ઘરોમાં 30 મહિનામાં પાણી પહોંચાડવામાં આવ્યું છે.

ક્યારેક ક્યારેક એવું થતું કે ગામમાં વિકાસ કરવાની વાત આવે ત્યારે મોટાં ભાગનાં લોકો બજેટની વાત કરતા હતા. એક જમાનો હતો, જ્યારે બજેટને કારણે કદાચ તકલીફ પડી હોય, પણ આજે બજેટની ચિંતા ઓછી છે. આજે ચિંતા એ વાતની છે કે બજેટના પૈસાનો સાચા લોકો માટે સાચા સમયે પારદર્શિતા અને ઈમાનદારીની સાથે સાચો ઉપયોગ કઈ રીતે થાય.

હું જ્યારે ગુજરાતનો મુખ્યમંત્રી હતો ત્યારે એક ઘટનાએ મારા પર ઘેરી અસર કરી હતી. ખેડા જિલ્લાની વાત હતી, જ્યાં સરદાર પટેલ સાહેબનો જન્મ થયો હતો. અહીં એક ગામમાં પંચાયત પ્રધાનની સીટ મહિલા માટે અનામત હતી. ગામનાં લોકોએ નક્કી કર્યું કે આપણે તમામ મહિલા સભ્યો બનાવીએ. ચૂંટણીમાં એક પણ પુરુષ ઊભો ન રહ્યો અને તમામ સભ્યો મહિલા હતી, જ્યારે કે અનામત તો માત્ર એક તૃતીયાંશ બેઠકો પર હતું. આ ઘટના 2005 કે 2006ની હશે. એ તમામ મહિલાઓ મને મળવા આવી. એ બધાંમાં સૌથી ભણેલી મહિલા પાંચમું ધોરણ પાસ હતી. મેં પૂછ્યું, આગળના પાંચ વર્ષ કઈ રીતે ચલાવવના છે, તો પ્રધાને જવાબ આપ્યો, અમે ઇચ્છીએ છીએ કે ગામમાં કોઇ ગરીબ ન રહે. હું માનું છું કે એક સરકાર, પંચાયત, નગરપાલિકા કે મહાનગરપાલિકાએ આ અગાઉ એક જગ્યાએ મળીને નક્કી કર્યું છે કે આપણે આપણા ગામમાં એવી યોજનાઓ બનાવીશું કે ગામમાં કોઈ ગરીબ ન રહે. જો પંચાયતો એવો નિર્ધાર કરે અને વિચારી લે કે ગમે તે કરીશું, પણ પાંચ લોકોને તો ગરીબીમાંથી બહાર લાવીશું. તો વિચારો કે કેવાં પરિવર્તન આવશે. આ વાતો બજેટથી નહીં, સંકલ્પથી પૂરી થશે.

## પંચાયતોમાં મહિલા અનામત વિશ્વના દેશો માટે આશ્ચર્ય, SP કલ્ચર બંધ થાય

દેશમાં આશરે 31 લાખ પંચાયત જનપ્રતિનિધિ છે, તેમાંથી એક તૃતીયાંશથી વધુ માતા-બહેનો છે. તેઓ નેતૃત્વ કરી રહ્યાં છે. આપણા દેશે બહુ મોટો નિર્ણય લીધો છે. વિદેશોમાં જ્યારે પણ ભારતમાં મહિલાઓ માટે પંચાયતી વ્યવસ્થામાં અનામત અંગેની વાત થાય છે ત્યારે બધાંને આશ્ચર્ય થાય છે કે રાજકીય પ્રક્રિયા અને નિર્ણય લેવામાં મહિલાઓને આટલો મોટો અધિકાર આપવામાં આવ્યો છે. પણ ક્યારેક-ક્યારેક આપણે ત્યાં શું થાય છે. ? સાંભળવામાં આવે છે કે હું સરપંચ પતિ (SP) છું. જૂઓ, કાયદાએ મહિલાઓને શાસન કરવાની તક આપી છે, પણ વહીવટ SP ચલાવે છે. જ્યારે મહિલાઓને અધિકાર આપવામાં આવ્યો છે તો એમને તક આપો. બહુ સારું કામ કરશે, સાચા અર્થમાં ગામમાં પરિવર્તન થશે. એટલાં માટે આ SP કલ્ચર બંધ થવું જોઇએ.

## તમે સંકલ્પ કરો, ભારત સરકાર ખભેથી ખભો મિલાવીને સાથે ચાલશે

મારું માનવું છે કે ભાગ્યે જ કોઈ પંચાયત પ્રધાન કે પંચાયત પ્રતિનિધિ એવા હશે જે એવું ના ઇચ્છતા હોય કે તેમનાં કામને ભવિષ્યની પેઢી યાદ કરે. હું પંચાયતના જનપ્રતિનિધિઓની એ ઈચ્છાઓને મજબૂત કરવા માંગું છું. હું તમામ પંચ પરમેશ્વરોને વિશ્વાસ અપાવવા માંગું છું કે જે પણ સંકલ્પ કરો, તે સંકલ્પોને પૂરા કરવામાં ભારત સરકાર પણ ખભેથી ખભો મિલાવીને તમારી સાથે ચાલશે. આપણે જે ગામમાં જન્મ્યાં, તેનાં પ્રત્યે સન્માન હોવું જોઇએ. જ્યાં મહાત્મા ગાંધી જન્મ્યાં, એ ગામનો માણસ ક્યારેક ક્યાંક મળી જાય તો કહેશે, હું એ ગામનો છું જ્યાં મહાત્મા ગાંધીનો જન્મ થયો હતો. આપણે, ગામનો જન્મદિવસ મનાવી શકીએ અને એક કાર્યક્રમ યોજીને ગામનાં તમામ લોકોને બોલાવવામાં આવે. આમાં પોતીકાપણાનો ભાવ છે. એ ગામમાંથી બહાર જઈને આગળ આવેલા લોકો પોતાનાં ગામનાં વિકાસ પર ભાર મૂકશે. તમે જૂઓ, જન-ભાગીદારીનો એવો માહોલ બનશે, ગામનું રુપ રંગ બદલાઈ જશે.

## ગામડાં બનશે આત્મનિર્ભર, દરેક કામ પર રહેશે નજર

ભારતમાં આત્મનિર્ભરતાનો વિચાર સદીઓથી રહ્યો છે, પણ આજે બદલાયેલી સ્થિતિઓએ આપણને ફરીથી યાદ અપાવ્યું છે કે આત્મનિર્ભર બનો. તેમાં ગ્રામ પંચાયતોની ઘણી મોટી ભૂમિકા છે. પંચાયતની વ્યવસ્થા જેટલી મજબૂત થશે, એટલી જ લોકશાહી વધુ મજબૂત બનશે અને એટલો જ વિકાસનો લાભ અંતિમ હરોળમાં ઉભેલી વ્યક્તિ સુધી પહોંચશે. ઈ-ગ્રામ સ્વરાજ પોર્ટલમાં પંચાયતી રાજ વ્યવસ્થામાં થતાં દરેક કામનો હિસાબ કિતાબ કલ્ચરને પારદર્શી બનાવી રહ્યો છે. આ જ ર રીતે સ્વામિત્વ યોજના, e-NAM ગામડાંને આત્મનિર્ભર બનવામાં મદદ કરશે. ●

**(આ લેખ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અગાઉ પંચાયતો અંગે કરેલા વિવિધ સંબોધનો પર આધારિત છે.)**



## આત્મનિર્ભર ભારતની યાત્રામાં સીમાચિહ્ન

# 400 અબજ ડોલરનો નિકાસ લક્ષ્યાંક હાંસલ

કોવિડ જેવી સદીની સૌથી ભયંકર મહામારીએ જ્યારે સમગ્ર વિશ્વ સમક્ષ નવાં પડકારો રજૂ કર્યા ત્યારે ભારતે 'આપત્તિમાં અવસર'ના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મંત્રની સાથે આત્મનિર્ભરતાનાં માર્ગ પર આગળ વધવાની પ્રતિજ્ઞા લીધી, નવાં લક્ષ્ય નક્કી કરવામાં આવ્યા, જેને પરિણામે નાણાકીય વર્ષ 2021-22 પૂરું થવાનાં નવ દિવસ પહેલાં જ ભારતે 400 અબજ ડોલરનાં ઐતિહાસિક સ્તરને પાર કરી લીધું. ભારતમાંથી નિકાસનો અત્યાર સુધીનો આ સૌથી મોટો આંક છે. વડાપ્રધાન મોદીએ કોવિડ મહામારી દરમિયાન જ મિશન આત્મનિર્ભર ભારત અંતર્ગત વિશ્વભરનાં તમામ હિતધારકો સાથે સીધો સંવાદ કર્યો. તેમણે માત્ર ભારતીય વેપારીઓ જ નહીં પણ વિદેશોમાં કાર્યરત ભારતીય દૂતાવાસો સાથે પણ પોતાનાં વિઝન અંગે વાત કરી. આશરે 200 દેશોમાં થતાં બિઝનેસ પર તેમની સીધી નજર હતી. તેમનાં આ લક્ષ્ય પર વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલ સતત મોનિટરીંગ કરતા હતા અને લગભગ દર સપ્તાહે નિકાસ સંલગ્ન વેપારીઓ-ઉદ્યોગપતિઓ સાથે સંપર્ક સ્થાપિત કરીને તેમની સમસ્યાઓનો ઉકેલ શોધતા રહ્યા. આ લક્ષ્યને હાંસલ કરવા માટે સૌ પ્રથમ ભારતમાં તેનાંથી સંકળાયેલી ક્ષમતાવાળા રાજ્યોની ઓળખ કરવામાં આવી. એ પછી એવા 480 જિલ્લાઓને પણ નિકાસ નેટવર્ક સાથે જોડવામાં આવ્યા જેની ચીજોની વિદેશોમાં જરૂરિયાત પડવાની હતી.

**ટોચની પાંચ નિકાસ ચીજો**

- એન્જિનિયરીંગ ગુડ્સ
- પેટ્રોલિયમ પેદાશો
- જેમ્સ એન્ડ જ્વેલરી
- ઓર્ગેનિક/ઇનોઓર્ગેનિક કેમિકલ્સ
- દવા અને ફાર્માસ્યુટિકલ્સ

**ટોચનાં પાંચ આયાતકાર દેશ**

- અમેરિકા
- સંયુક્ત આરબ અમિરાત
- ચીન
- બાંગલાદેશ
- નેધરલેન્ડ્સ

**ભારતે પ્રથમ વાર 400 અબજ ડોલરનાં માલની નિકાસનો લક્ષ્યાંક હાંસલ કર્યો છે. હું આ સફળતા માટે દેશનાં ખેડૂતો, વણકરો, એમએસએમઇ, ઉત્પાદકો અને નિકાસકારોને અભિનંદન પાઠવું છું. આ આપણી આત્મનિર્ભર ભારત યાત્રામાં મહત્વનું સીમાચિહ્ન છે.**

**-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**

# GEM પર એક વર્ષમાં રૂ. એક લાખ કરોડનાં ઓર્ડર આવ્યા

એક સમય હતો જ્યારે સરકારી વિભાગોમાં ખરીદીને ભ્રષ્ટાચારનો સૌથી મોટો પર્યાય માનવામાં આવતો હતો. નાના વેપારીઓ અને તેમની ચીજવસ્તુઓ અહીં સુધી પહોંચવી અશક્ય હતી. પણ ઓગસ્ટ 2016માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પારદર્શિતાવાળા વિઝન સાથે ગવર્મેન્ટ ઇ-માર્કેટ પ્લેસ પોર્ટલ (GEM)ની શરૂઆત થઈ. તમામ સરકારી ખરીદી માટે આ પોર્ટલનો ઉપયોગ ફરજિયાત કરવામાં આવ્યો છે અને દેશના કોઇ પણ ખૂણાનો વેપારી કે ઉત્પાદક પોતાનો સામાન વેચવા માટે આ પોર્ટલ પર રજીસ્ટ્રેશન પણ કરાવી શકે છે. આ પોર્ટલને અપ્રતિમ સફળતા મળી અને આ વર્ષે જીઇએમ પોર્ટલ પર એક લાખ કરોડ રૂપિયાનાં કુલ ઓર્ડર પ્રાપ્ત થયા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ અંગે ખુશી વ્યક્ત કરતી ટ્વિટ કરતાં કહ્યું, "અગાઉનાં વર્ષની સરખામણીમાં આ નોંધપાત્ર વૃદ્ધિ છે. જેમ પ્લેટફોર્મ ખાસ કરીને સુક્ષ્મ, લઘુ અને મધ્યમ વેપારીઓને મજબૂત બનાવી રહ્યું છે તથા ઓર્ડરની કુલ કિંમતનો 57 ટકા હિસ્સો આ સેક્ટરથી જ આવે છે." આંકડા પ્રમાણે જેમ પોર્ટલ પર નાણાકીય વર્ષ 2016-17માં 4,299 વિક્રેતા રજીસ્ટર્ડ હતા, જે 2020-21માં લગભગ 14 લાખ અને પછીનાં વર્ષમાં જ 40 લાખને વટાવી ગયા. ગ્રાહકોની સંખ્યા પણ 2020-21ની 52,000ની સરખામણીમાં 2021-22માં 59,000ને પાર થઈ ગઈ. આ ઉપરાંત, પ્રથમ વાર એવું બન્યું કે આ પ્લેટફોર્મ પર 160 ટકાનાં વધારા સાથે નાણાકીય વર્ષ 2021-22માં એક લાખ કરોડથી વધુનાં ઓર્ડર મળ્યાં.

# હવે 13 નદીઓની કાયાપલટ કરશે ભારત સરકાર



વિશ્વની દરેક પ્રાચીન સંસ્કૃતિ નદીઓનાં કિનારે જ ઉદભવી છે અને કાળ ક્રમે વિકસી છે. આ નદીઓનાં કિનારાઓ પર ઇતિહાસ બન્યો છે, તો આજે પણ મોટા ભાગની વસતિ પોતાની જરૂરિયાતો માટે તેનાં પર આધારિત છે. જો કે એવી ઘણી નદીઓ છે, જે ધીરે ધીરે પોતાનું મૂળ સ્વરૂપ ગુમાવી રહી છે. 2014માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નમામિ ગંગે દ્વારા ગંગા નદીની કાયાપલટ કરવાનું બીડું ઝડપ્યું અને હવે ઝેલમ, ચિનાબ, રાવી, બિયાસ, સતલજ, યમુના, બ્રહ્મપુત્રા, લૂની, નર્મદા, ગોદાવરી, મહાનદી, કૃષ્ણા અને કાવેરીના સંરક્ષણનો વારો છે. પર્યાવરણ મંત્રાલયે તેની જવાબદારી સંભાળી છે. વન સંવર્ધન દ્વારા આ નદીઓના સંરક્ષણ અંગે વિસ્તૃત પ્રોજેક્ટ રિપોર્ટ (ડીપીઆર) જારી કરવામાં આવી છે. 14 માર્ચનાં રોજ કેન્દ્રીય પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રી ભુપેન્દ્ર યાદવ અને કેન્દ્રીય જળશક્તિ મંત્રી ગજેન્દ્રસિંહ શેખાવતે આ રિપોર્ટ પ્રસિધ્ધ કર્યો. આ નદીઓ સામૂહિક રીતે 18,90,110 વર્ગ કિલોમીટરના કુલ બેસિન વિસ્તારને આવરી લે છે, જે દેશના ભૌગોલિક વિસ્તારનો 57.45% છે. આ 13 નદીઓની લંબાઈ 42,830 કિમી છે. આશરે 20,000 કરોડ રૂપિયાનાં ખર્ચે નદીઓની બંને બાજુ વૃક્ષો વાવવામાં આવશે. તેનાંથી 10 વર્ષમાં 50.21 મિલિયન ટન કાર્બન ડાયોક્સાઇડનાં શોષણમાં મદદ મળશે. આ નદીઓને તેમની પેટા નદીઓની સાથે પ્રાકૃતિક, કૃષિ અને વૃક્ષારોપણ દ્વારા સમૃધ્ધ બનાવવામાં આવશે, વૃક્ષારોપણ અંતર્ગત અહીં ઘાસ, ઔષધિય વૃક્ષો, ઝાડી અને ફળોના વૃક્ષ વાવવામાં આવશે. તેનાં દ્વારા જમીનનાં ધોવાણને રોકવામાં આવશે.

### આત્મનિર્ભર બની રહેલું રમકડાં ક્ષેત્ર

## 4 વર્ષમાં રમકડાંની આયાતમાં 62% ઘટાડો



બાળકોનાં હાથમાં રમકડાં માત્ર મનોરંજનનું સાધન નથી હોતું, પણ તેનાં શારીરિક અને માનસિક વિકાસમાં રમકડાંનું મોટું પ્રદાન હોય છે. મોડર્ન અને ઇનોવેટિવ રમકડાંના વધતા ચલણને કારણે ભારતના રમકડાં બજારમાં વિદેશી રમકડાંનો કબ્જો હતો. જૂન, ઓગસ્ટ 2020માં પોતાના 'મન કી બાત' કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રમકડાં ક્ષેત્રમાં ભારતની આત્મનિર્ભરતાનું આહવાન કર્યું. સલામત રમકડાં, ભારતના પરંપરાગત રમકડાંને પ્રોત્સાહન, ટોય ફેર, ટોયકોથોન, ટોય ક્લસ્ટરનું નિર્માણ અને જરૂરી મદદ જેવા પ્રયાસોને કારણે ભારતમાં વિદેશી રમકડાંની આયાતમાં સતત ઘટાડો થયો છે. વાણિજ્ય મંત્રાલય દ્વારા લોકસભામાં આપવામાં આવેલા એક જવાબ પ્રમાણે 2018-19માં ભારતમાં રૂ. 7,125 કરોડનાં રમકડાંની આયાત કરવામાં આવી હતી, 2020-21મા આ આંક ઘટીને રૂ. 4,027 કરોડ થયો હતો. નાણાકીય વર્ષ 2021-22* (જાન્યુઆરી સુધી) માત્ર રૂ. 2,655 કરોડનાં રમકડાંની આયાત કરવામાં આવી છે.

## વારાણસી-ગોરખપુર વચ્ચે સીધી વિમાન સેવા




બાબા વિશ્વનાથની ધરતી વારાણસી અને બાબા ગોરખનાથની ધરતી ગોરખપુર હવે વિમાન સેવા દ્વારા જોડાઈ ચૂકી છે. ઉત્તરપ્રદેશનાં આ બે પ્રાચીન અને ઐતિહાસિક શહેરો વચ્ચે 27 માર્ચે ફ્લાઈટ શરૂ કરવામાં આવી છે. 'ઉડાન' યોજના અંતર્ગત આ સેવા શરૂ કરવામાં આવી છે. આ સેવાથી બંને શહેરો વચ્ચેનું અંતર માત્ર 20 મિનિટમાં કાપી શકાશે. ઉલ્લેખનીય છે કે નાના અને નવા શહેરોને વિમાન સેવાથી જોડવા માટેની પહેલ 'ઉડાન' યોજના દ્વારા હાથ ધરવામાં આવી રહી છે. છેલ્લાં પાંચ વર્ષમાં ઉડાન યોજના અંતર્ગત 409 માર્ગ અને 66 એરપોર્ટનું સંચાલન કરવામાં આવ્યું છે અને 90 લાખથી વધુ લોકોએ તેનો લાભ લીધો છે. આ યોજના અંતર્ગત 1.75 લાખથી વધુ ફ્લાઈટ ઓપરેટ થઈ ચૂકી છે. નાગરિક ઉડ્ડયન મંત્રાલય વર્ષ 2025 સુધી ઉડાન રિજનલ કનેક્ટિવિટી યોજના અંતર્ગત 1,000 નવાં રૂટ સાથે ભારતમાં કુલ એરપોર્ટની સંખ્યા 100 સુધી લઈ જવા માટે 34 નવા એરપોર્ટનાં નિર્માણની યોજના ઘડી રહ્યું છે.●

# સમાજમાંથી બહિષ્કૃત થઈને જેમણે મહિલાઓના સશક્તિકરણનો પાયો નાખ્યો

**મહારાષ્ટ્રના મુરુદ નામના ગામની વાત છે. ગામમાં ભારે ઉત્સાહનું વાતાવરણ હતું. વડોદરાના મહારાજના પ્રતિનિધિ ગામમાં દરેક બ્રાહ્મણને દક્ષિણા પેટે 10 રૂપિયા આપી રહ્યા હતા. આ ગામમાં કેશવપંત કર્વેનો પરિવાર પણ રહેતો હતો. તેમના મોટા પુત્ર ભીકુએ આ વાત સાંભળી તો માતા પાસે દક્ષિણા લેવા જવાની જીદ કરવા માંડ્યો. માતાએ કહ્યું, એક સમયે આપણા પરિવારે વડોદરાના મહારાજને ઋણ આપ્યું હતું, અને આપણે જ દક્ષિણા લેવા જઈશું તો પછી આપણું કોઈ સ્વાભિમાન નહીં રહે. ભીકુ નિરાશ થઈ ગયો. પણ નાના ભાઈ ધોંડુનાં મનમાં આ વાત અસર કરી ગઈ બાળપણમાં માતાની આ શીખને આત્મસાત કરનાર ધોંડુને બાદમાં દુનિયા ડો. ધોંડો કેશવ કર્વેનાં નામે ઓળખવા માંડી, જેમણે પોતાનું સમગ્ર જીવન મહિલા ઉત્થાનમાં લગાવી દીધું...**

**જન્મઃ 18 એપ્રિલ, 1858 મૃત્યુઃ 9 નવેમ્બર, 1962**



મહારાષ્ટ્રના રત્નાગિરી જિલ્લાના શેરાવલી ગામના ગરીબ પરિવારમાં 18 એપ્રિલ, 1858નાં રોજ ધોંડો કેશવ કર્વેનો જન્મ થયો હતો. વર્ષ 1881માં મેટ્રીક પરીક્ષા પાસ કર્યા બાદ મુંબઈની એલફિન્સ્ટન કોલેજમાં પ્રવેશ લીધો. 1891માં તેમણે પૂણેની ફર્ગ્યુસન કોલેજમાં ગણિત વિષય ભણાવવાનું શરૂ કરી દીધું. આ એ સમય હતો જ્યારે દેશમાં ક્રાંતિકારી પરિવર્તન થઈ રહ્યું હતું. કર્વે પણ રાજા રામમોહન રાય, ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર, વિષ્ણુ શાસ્ત્રી, પંડિતા રમાબાઈ અ જ્યોતિરાવ ફુલે જેવા મહાન સમાજ સુધારકોના સંપર્કમાં આવ્યા. તેમનાં વિચારો સાથે સંમત કર્વેએ પણ દેશમાં મહિલાઓ, ખાસ કરીને વિધવાઓની સ્થિતિ સુધારવાની દિશામાં કામ કરવાની પ્રતિજ્ઞા લીધી. કર્વે જ્યારે 14 વર્ષના હતા ત્યારે તેમનાં લગ્ન રાધાબાઈ સાથે થયાં. પણ 1891માં પ્રસુતિ દરમિયાન બહુ નાની ઉંમરમાં રાધાબાઈનું મૃત્યુ થયું. કર્વે પર તેની ઊંડી અસર પડી.

**બેટી બચાઓ-બેટી પઢાઓ અને મહિલા સશક્તિકરણ સંલગ્ન કેન્દ્ર સરકારની યોજનાઓ નારીશક્તિના નેતૃત્વમાં વિકાસનો પાયો નાખી રહ્યાં છે.**

એ પછી, કર્વેએ બાળ વિવાહ, નાની ઉંમરમાં ગર્ભધારણ, બાળ વિધવા જેવી મહિલાઓની સમસ્યાઓ પર ગંભીરતાથી ચિંતન કર્યું. 1893માં તેમણે વિધવા પુનર્વિવાહ માટે એક મંડળી બનાવી. ઉદાહરણ સ્થાપિત કરવા માટે તેમણે પોતાના મિત્રની વિધવા બહેન ગોદુબાઈ સાથે લગ્ન કર્યાં. કર્વેને સમાજમાંથી બહિષ્કૃત કરવામાં આવ્યા. એ પછી તેમણે પૂણેની હિંગણે નામની જગ્યાએ વિધવાઓ માટે દેશની પ્રથમ શાળા શરૂ કરી. કર્વેની વિધવા ભાભી પાર્વતી આઠવલે આ સ્કુલની પ્રથમ વિદ્યાર્થીની હતી. સ્કુલ બાદ તેમણે 1907માં પૂણેમાં જ મહિલા શાળાની સ્થાપના કરી, જે રેસિડેન્શિયલ સ્કુલ હતી. કર્વેનાં આ કામો ધ્યાનમાં આવતા ખુદ મહાત્મા ગાંધીએ તેમનાં સન્માનમાં પોતાના સાપ્તાહિક અખબાર ઈન્ડિયન ઓપિનિયન અંગે લખ્યું. એ વખતે ગાંધીજી દક્ષિણ આફ્રિકામાં હતા, છતાં કર્વે અંગે લખ્યું. 1914માં કર્વેએ પોતાની નોકરીમાંથી રાજીનામું આપી દીધું અને પોતાને જાતને સંપૂર્ણપણે પોતાની સંસ્થાઓ માટે સમર્પિત કરી દીધી. જાપાનમાં ટોક્યોની મહિલા યુનિવર્સિટી અંગે જાણીને કર્વે એ પણ નક્કી કર્યું કે તે ભારતમાં પણ માત્ર મહિલાઓ માટેની યુનિવર્સિટી શરૂ કરશે. યુનિવર્સિટીનાં નિર્માણ માટે ભંડોળ એકત્ર કરવા તેમણે દેશ-વિદેશની યાત્રાઓ કરી અને લગભગ રૂ. 2.5 લાખનાં ભંડોળ સાથે યુનિવર્સિટીનો પાયો નાખ્યો, પણ પૈસા ખૂટી પડતાં કામ અટકી પડ્યું. એવામાં, મુંબઈના જાણીતા ઉદ્યોગપતિ વિઠ્ઠલદાસ દામોદર ઠાકરસીએ યુનિવર્સિટી માટે રૂ. 15 લાખનું દાન આપ્યું. માત્ર પાંચ વિદ્યાર્થીનીઓ સાથે 1916માં આ યુનિવર્સિટી શરૂ થઈ. આજે આ યુનિવર્સિટીની 26 કોલેજોમાં હજારો વિદ્યાર્થીનીઓ ભણે છે. કર્વે શિક્ષણની સાથે સાથે જાતિવાદનાં મુદ્દાઓ પર પણ કામ કરતા રહ્યા. ગામડાંમાં શિક્ષણનાં પ્રચાર માટે કર્વેએ “મહારાષ્ટ્ર ગ્રામ પ્રાથમિક શિક્ષા સમિતિ”ની સ્થાપના કરી, જેણે એક પછી એક વિવિધ ગામોમાં 40 પ્રાથમિક શાળાઓ ખોલી. એ પછી તેમણે ‘સમતા સંઘ’ની પણ શરૂઆત કરી, જેના અંતર્ગત તેમનો હેતુ લોકોને એ સમજાવવાનો હતો કે તમામ વ્યક્તિઓ સમાને છે. 1955માં ભારત સરકારે તેમને ‘પદ્મ વિભૂષણ’ પુરસ્કારથી સન્માનિત કર્યા. 1958માં તેમને દેશનાં સર્વોચ્ચ સન્માન ‘ભારત રત્ન’થી વિભૂષિત કરવામાં આવ્યા. ●

કેબિનેટના નિર્ણયો

# અન્ન યોજના લંબાવવાથી અન્ન સલામતી સુનિશ્ચિત, કેન્દ્રીય કર્મચારીઓનાં ડીએમાં 3 ટકા વધારો

**ભારતની તાકાત તેનાં એક-એક નાગરિકની શક્તિમાં સમાયેલી છે. કોવિડનાં સમયમાં રોજગારી નહોતી, ત્યારે મુશ્કેલીમાં મૂકાયેલા 80 કરોડ લોકોને કેન્દ્ર સરકારે મફતમાં અનાજ આપવા માટે વિશ્વની સૌથી મોટી યોજના 'પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના'ની શરૂઆત કરી. હવે કેબિનેટે આ યોજનાને વધુ છ મહિના લંબાવીને સપ્ટેમ્બર 2022 સુધી ચાલુ રાખવાનો નિર્ણય લીધો છે. સરકારનાં આ નિર્ણયથી દેશનાં 80 કરોડથી વધુ લોકો પહેલાંની જેમ તેનો લાભ ઉઠાવી શકશે. 2022-23ની સીઝન માટે કાચા શણની એમએસપીમાં વધારો અને 47 લાખથી વધુ કેન્દ્રીય કર્મચારીઓ અને 68 લાખથી વધુ પેન્શનધારકોનાં હિતમાં ત્રણ ટકા મોંઘવારી રાહત ભથ્થું વધારવા મંજૂરી આપવામાં આવી.**

**નિર્ણયઃ સમાજનાં ગરીબ અને નબળા વર્ગો પ્રત્યે ચિંતા અને સંવેદનશીલતા ધ્યાનમાં રાખતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં વડપણમાં કેન્દ્રીય મંત્રીમંડળે પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજનાની મુદત વધુ છ મહિના એટલે કે સપ્ટેમ્બર મહિના સુધી લંબાવી છે.**

- **અસરઃ** દરેક લાભાર્થીને અન્ન સલામતી યોજના અંતર્ગત સામાન્ય ક્વોટા ઉપરાંત દર મહિને પાંચ કિલો મફત રેશન આપવામાં આવશે. આ માટે સપ્ટેમ્બર 2022 સુધી 80,000 કરોડ રૂપિયા અને 244 એલએમટી અનાજ ફાળવવામાં આવ્યું છે.
- પીએમ-GKAYને એપ્રિલ 2020થી જ વિશ્વનાં સૌથી મોટાં અન્ન સલામતી કાર્યક્રમ તરીકે લાગુ કરવામાં આવી રહી છે. આ યોજનાનો લાભ દેશભરમાં 80 કરોડ લોકોને મળી રહ્યો છે.
- પીએમ-GKAY અંતર્ગત કુલ ખર્ચ લગભગ 3.40 લાખ કરોડ રૂપિયા થશે અને 1003 એલએમટી નિઃશુલ્ક અનાજ વિતરણ કરવામાં આવ્યું છે.
- દેશભરમાં લગભગ પાંચ લાખ રેશનિંગ દુકાનો પર લાગુ 'એક રાષ્ટ્ર એક રેશન કાર્ડ' યોજના દ્વારા કોઇ પણ પરપ્રાંતીય શ્રમિક અથવા લાભાર્થી કોઇ પણ સ્થળેથી નિઃશુલ્ક રેશનનો લાભ લઈ શકે છે.

**નિર્ણયઃ શણ ઉત્પાદકોને વધુ વળતરનો લાભ સુનિશ્ચિત કરવા માટે 2022-23ની સીઝન માટે કાચા શણની એમએમસપીમાં વધારાને મંજૂરી**

- **અસરઃ** ગુણવત્તાસભર જ્યુટ ફાઇબરને પ્રોત્સાહન આપવાની દિશામાં આ પહેલ છે, જેનાંથી ખેડૂતો પ્રત્યે બજારની સલામતી ઉપરાંત સારી આવકની ખાતરી મળશે.
- 2022-23ની સીઝન માટે કાચા શણ (Tdn3એ Td5 ગ્રેડની સમકક્ષ)નો લઘુતમ ટેકાનો ભાવ (એમએસપી) પ્રતિ ક્વિન્ટલ રૂ. 4750 નક્કી કરવામાં આવ્યો છે. આનાથી, પડતર કિંમત પર સરેરાશ 60.53 ટકા વધુ ભાવ મળશે.

**નિર્ણયઃ કેન્દ્ર સરકારના કર્મચારીઓ માટે મોંઘવારી ભથ્થું અને પેન્શનધારકો માટે મોંઘવારી રાહતનો વધારાનો હપ્તો જારી કરવાની મંજૂરી આપવામાં આવી છે. તેનો અમલ 1 જાન્યુઆરી, 2022થી ગણાશે અને તેમાં બેઝિક સેલરી/પેન્શનના 31 ટકાનાં વર્તમાન દરમાં ત્રણ ટકાનો વધારો કરવામાં આવ્યો છે.**

- **અસરઃ** આનાથી કેન્દ્ર સરકારનાં લગભગ 47.68 લાખ કર્મચારીઓ અને 68.62 લાખ પેન્શનધારકોને લાભ થશે. મોંઘવારી ભથ્થું અને મોંઘવારી રાહતને કારણે સરકારી તિજોરી પર કુલ રૂ. 9,544.50 કરોડનો ફટકો પડશે. ●



## વિશ્વ વારસા દિવસ (18 એપ્રિલ) વિશેષ

# ભારતનો વારસો ફરીથી ભારતની ધરતી પર

**ભારતના હજારો વર્ષોનાં ઈતિહાસમાં દેશનાં ખૂણે ખૂણે એકથી એક ચડિયાતી મૂર્તિઓ બનતી રહી છે. ભારતની મૂર્તિકળા વિશ્વભરમાં જાણીતી છે. આ મૂર્તિઓ સાથે આપણી આસ્થા પણ જોડાયેલી છે. ભૂતકાળમાં આવી અનેક મૂર્તિઓ ચોરી થઈને વિદેશમાં જતી રહી છે. એક સમયે તેને પાછા લાવવાનાં પ્રયત્નોની ચર્ચા પણ નહોતી થતી, કારણ કે ત્યારે તેને માત્ર એક કલાકૃતિ જ સમજવામાં આવતી હતી. પણ, 2014માં જ્યારે દેશમાં સત્તા પરિવર્તન થયું ત્યારે આ બાબત પર ધ્યાન ગયું અને આપણી આસ્થા સાથે સંકળાયેલા વારસાને પાછો લાવવાની શરૂઆત થઈ. 21 માર્ચનાં રોજ ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે વર્ચ્યુઅલ સંમેલન થયું ત્યારે આવી 29 કલાકૃતિઓ ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન સ્કોટ મોરિસને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પાછી આપી તેનાં પર પણ ઘણી ચર્ચા થઈ...**

સરહદ પર ઘુસણખોરીનાં પ્રયત્નો હોય, વિસ્તારવાદી તાકાતોનું દુઃસ્સાહસ હોય કે પછી દેશની અંદર દેશને તોડવાનું કાવતરું હોય, ભારત બધાંને જડબાં તોડ જવાબ આપી રહ્યું છે. એક બાજુ, દેશમાં ગરીબી, અન્યાય અને ભેદભાવ, ભ્રષ્ટાચાર સામે કડક પગલાં લેવામાં આવી રહ્યાં છે, તો બીજી બાજુ આત્મનિર્ભરતાના માર્ગ પર અગ્રેસર ભારત નવા ભારતનાં નિર્માણ તરફ આગળ વધી રહ્યું છે. તો ભારત તેની સભ્યતા, સંસ્કૃતિ માટે વિશ્વભરમાં જાણીતું છે. દેશનો અમૂલ્ય અને ઐતિહાસિક વારસો ભૂતકાળમાં ચોરી કરીને વિદેશોમાં વેચી દેવામાં આવતો હતો, આ વારસાને હવે સરકારનાં પ્રયાસોથી પાછો લાવવામાં આવી રહ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની શ્રધ્ધા, આસ્થા અને ભારતના સ્વર્ણિમ ઈતિહાસ પ્રત્યે લગાવને પરિણામે 2014થી અત્યાર સુધી પુરાતત્વ મહત્વ ધરાવતી 228 અમૂલ્ય પ્રતિમાઓને

વડાપ્રધાન દ્વારા ઓસ્ટ્રેલિયાથી લાવવામાં આવેલી પ્રતિમાઓનું નિરીક્ષણ કરતો વીડિયો જોવા માટે QR કોડ સ્કેન કરો.





## જ્યારે અમેરિકાથી 157 મૂર્તિઓ પાછી આવી

ગયા વર્ષે સપ્ટેમ્બરમાં પોતાની અમેરિકા યાત્રા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી 157 કલાકૃતિઓ લઈને સ્વદેશ પાછા ફર્યા હતા. આ એ કલાકૃતિઓ હતી, જેમને ચોરી, ગેરકાનૂની વેપાર અને દાણચોરી દ્વારા લાવવામાં આવી હતી, જેને અમેરિકાએ જપ્ત કરી લીધી હતી. અમેરિકાએ આ કલાકૃતિઓ વડાપ્રધાન મોદીને પાછી આપવાનો નિર્ણય લીધો હતો. વડાપ્રધાને અમેરિકાના આ નિર્ણયની પ્રશંસા કરી હતી. આ 157 કલાકૃતિઓ અથવા વસ્તુઓમાં 10મી સદીના બલુઆ પથ્થરમાંથી બનાવેલી દોઢ મીટરની કોતરણીથી માંડીને 12મી સદીની કાંસાની 8.5 સેન્ટિમીટર ઊંચી નટરાજની મૂર્તિનો સમાવેશ થાય છે. કલાકૃતિઓમાં 71 સાંસ્કૃતિક, 60 હિન્દુ ધર્મની, 16 બૌધ્ધ ધર્મની અને 9 જૈન ધર્મની મૂર્તિઓનો સમાવેશ થાય છે.

## ભારત લાવવામાં આવી ચોરાયેલી 14 પ્રાચીન વસ્તુઓ

વડાપ્રધાન નરેન્દ્ર મોદી સરકારનાં પ્રયત્નોને કારણે ઓસ્ટ્રેલિયામાં કેનબેરા સ્થિત નેશનલ ગેલેરી ઓફ ઓસ્ટ્રેલિયાએ ભારતને 14 પ્રાચીન કલાકૃતિઓ પાછી આપવાનો નિર્ણય લીધો છે. આ 14 મહત્વપૂર્ણ કલાકૃતિઓમાં કાંસા અને પથ્થરની મૂર્તિઓ, પેઈન્ટેડ સ્ક્રોલ અને તસવીરોનો સમાવેશ થાય છે. તેનું મૂલ્ય 30 લાખ ડોલર આંકવામાં આવ્યું છે.

સફળતાપૂર્વક ભારત પાછી લાવવામાં આવી છે, જ્યારે 2013 સુધીમાં આવી માત્ર 13 પ્રતિમાઓ જ ભારત પાછી લાવવામાં આવી હતી. પણ હવે, અમેરિકા, બ્રિટન, નેધર્લેન્ડ્સ, ફ્રાન્સ. કેનેડા અને જર્મની જેવાં અનેક દેશોએ ભારતની લાગણીને સમજીને મૂર્તિઓ પાછી આપી છે. આવું જ એક ઉદાહરણ 21 માર્ચનાં રોજ ભારત-ઓસ્ટ્રેલિયા શિખર સંમેલન પહેલાં જોવા મળ્યું, જ્યારે ઓસ્ટ્રેલિયાએ 29 અમૂલ્ય પ્રાચીન ચીજો ભારતને પાછી આપી. વડાપ્રધાન કાર્યાલયનાં જણાવ્યા પ્રમાણે આ ચીજોમાં બલુઆ પથ્થર, સંગેમરમર, કાંસ્ય, પિત્તળની મૂર્તિઓ અને કાગળ પર બનાવેલા પેઈન્ટિંગ્સનો સમાવેશ થાય છે. ઓસ્ટ્રેલિયામાંથી લાવવામાં આવેલી આ પ્રાચીન મૂર્તિઓ અને વસ્તુઓ રાજસ્થાન, ગુજરાત, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, તામિલનાડુ, તેલંગાણા અને પશ્ચિમ બંગાળમાંથી ચોરી થઈ હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ 29 કલાકૃતિઓનું ઝીણવટભર્યું નીરિક્ષણ કર્યું હતું. આ પ્રાચીન વસ્તુઓને છ વ્યાપક શ્રેણીઓમાં વિભાજીત કરી શકાય- શિવ અને તેમના શિષ્ય, શક્તિની પૂજા, ભગવાન વિષ્ણુ અને તેમનાં રૂપ, જૈન પરંપરા, ચિત્ર અને સુશોભનની ચીજો. ઉલ્લેખનીય છે કે આ પ્રાચીન ચીજો ઈસ્વિન પૂર્વે 9થી 10મી સદીની છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી કહે છે, "આ મૂર્તિઓને પાછી લાવવી એ ભારત માતા પ્રત્યે આપણી ફરજ છે. તેનું સાંસ્કૃતિક અને ઐતિહાસિક મહત્વ પણ છે.. કારણ કે તેની સાથે ભારતની લાગણી જોડાયેલી છે, ભારતની શ્રધ્ધા જોડાયેલી છે..આ ભારત પ્રત્યે બદલાઈ રહેલા વૈશ્વિક અભિગમનું જ ઉદાહરણ છે."

2014માં સત્તામાં આવ્યા બાદ મોદી સરકારના પ્રયાસોથી જે પ્રાચીન વસ્તુઓ કે મૂર્તિઓ વિદેશોમાંથી પાછી આવી શકી છે, તેમાં ચૌલ શાસકોનાં સમયની શ્રીદેવીની ધાતુની મૂર્તિ અને મૌર્ય શાસનની ટેરાકોટાની એક મહિલાની મૂર્તિનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, 24 ચર્ચિત પ્રાચીન વારસાને પાછું લાવવાનું કામ પણ કરવામાં આવ્યું, જેમાં 16 અમેરિકામાંથી, 5 ઓસ્ટ્રેલિયામાંથી અને એક એક મૂર્તિ કેનેડા, જર્મની અને સિંગાપોરમાંથી લાવવામાં આવી છે. આ પ્રતિમાઓમાં બાહુબલીની ધાતુની પ્રતિમા અને એક નટરાજની પ્રતિમાનો પણ સમાવેશ થાય છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં નેતૃત્વમાં ઐતિહાસિક વારસાને પાછો લાવવા 2014થી જે પહેલ શરૂ થઈ છે, તેવા પ્રયાસ બહુ પહેલાં કરવા જોઈતા હતા. આ દુર્ભાગ્ય કહેવાય કે ભારતીયોની આસ્થાનાં પ્રતીક સમાન મૂર્તિઓ વર્ષો સુધી લૂંટ અને ચોરી દ્વારા વિદેશોમાં વેચાતી રહી. પણ કૂટનીતિથી માંડીને પરસ્પરના સંબંધોનો માર્ગ અપનાવીને વડાપ્રધાન મોદીએ જે પહેલ શરૂ કરી છે, તે દરેક ભારતીયની આસ્થા અને ભારતનાં ઐતિહાસિક ગૌરવને પાછું લાવવાનું પ્રશંસનીય કાર્ય છે. ●



પરીક્ષા પે ચર્ચા

# પરીક્ષાઓ ન હોય તો જીવનમાં આગળ વધવું મુશ્કેલ બની જાય

**કોઈને પણ નવાઈ લાગે કે એક સમયે ઘણાં બધાં મહત્વનાં કામો કરતાં વિશ્વના સૌથી શક્તિશાળી અને લોકપ્રિય નેતાઓમાં સ્થાન પામતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીને વિદ્યાર્થીઓ સાથે પોતાના જીવનનું જ્ઞાન વહેંચવાનો સમય મળી જાય છે. દર વર્ષે પરીક્ષાની તૈયારી કરનારા વિદ્યાર્થીઓ અને વાલીઓ તથા શિક્ષકો સાથે તેઓ મિત્ર, માર્ગદર્શક અને સંરક્ષક તરીકે 'પરીક્ષા પે ચર્ચા' અંતર્ગત સીધો સંવાદ કરે છે. 1 એપ્રિલનાં રોજ નવી દિલ્હીના તાલકટોરા સ્ટેડિયમમાં 'પરીક્ષા પે ચર્ચા'ની પાંચમી આવૃતિમાં વડાપ્રધાન મોદીએ ફરી એક વાર વિદ્યાર્થીઓને મંત્ર આપ્યો..**

શ્રેષ્ઠતાની ઓળખ અને કોઈ પણ સ્થિતિનો સામનો કરવાની તૈયારીનું નિરીક્ષણ જ પરીક્ષાનો હેતુ છે. પરીક્ષા આપણી ખામીઓની સાથે આપણી તાકાત અંગે પણ બતાવે છે. આ એક એવા મિત્રની જેમ છે, જે આપણને સચ્ચાઇનો અરીસો દર્શાવે છે. જો પરીક્ષાઓનું અસ્તિત્વ ન હોત તો કદાચ જિંદગીમાં આગળ વધવું બહુ મુશ્કેલ હોત. પણ કેટલાંક વિદ્યાર્થીઓ પરીક્ષાને કારણે તણાવ કે ડિપ્રેશનનો ભોગ બની જાય છે. યાદ રાખો કે પરીક્ષા જીવનને ઘડવાનો પ્રસંગ છે, ટેન્શન લેવાનો નહીં. 'પરીક્ષા પે ચર્ચા'ની પાંચમી આવૃતિમાં ફરી એક વાર વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકો સાથે સંવાદ કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું, જો સ્પર્ધા ન હોય, તો જિંદગી જ શું. આપણે સ્પર્ધાને આમંત્રિત કરવી જોઇએ. તે જીવનનો આગળ વધારવાનું માધ્યમ છે. આપણે પોતાની સમીક્ષા કરીને સારું કરી શકીએ છીએ. આજે સ્પર્ધા વધુ પડતી છે, તો તક પણ વધુ છે. "

"

ભારતના એક નાગરિક તરીકે આપણી સૌથી મોટી ફરજ છે-રાષ્ટ્ર પ્રથમની નીતિ. રાષ્ટ્રની ઉપર કોઈ નથી. આપણું દરેક કામ રાષ્ટ્રને પ્રથમ રાખીને થવું જોઇએ. કોઇ પણ પગલું ભરતાં પહેલાં આપણે એ ચોક્કસ વિચારીએ કે તેનાંથી રાષ્ટ્રનું ભલું થાય. આ સ્થિતિમાં, ભ્રષ્ટાચારને ડામવો એ સમાજ અને રાષ્ટ્ર પ્રત્યે એક નાગરિક તરીકે આપણી ફરજ બની જાય છે. ક્યાંય પણ કોઇ પણ અત્યાચાર થઈ રહ્યો હોય, તો ત્યાં ચોક્કસ અવાજ ઉઠાવવો સમાજ પ્રત્યે અને રાષ્ટ્ર પ્રત્યે પણ આપણી ફરજ બની જાય છે.

-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન

વડાપ્રધાનનું સંપૂર્ણ સંબોધન સાંભળવા માટે QR કોડ સ્કેન કરો.

## કોવિડનાં પડકારોનાં બે વર્ષ બાદ વિદ્યાર્થીઓ સાથે વર્ચ્યુઅલની જગ્યાએ વડાપ્રધાનનો સીધો સંવાદ

# પીએમે વિદ્યાર્થીઓને કહ્યું- એક ચિઠ્ઠી લખો, 'ડિયર એક્ઝામ, હું તને હરાવીને જ રહીશ.'

બે વર્ષ કોવિડનાં પડકારો વચ્ચે 'પરીક્ષા પે ચર્ચા'નું આયોજન વર્ચ્યુઅલી થયું હતું પણ આ વખતે વડાપ્રધાને વિદ્યાર્થીઓ સાથે સામસામે ચર્ચા કરી. અઢી કલાક સુધી ચાલેલા આ કાર્યક્રમમાં આશરે 1,000 વિદ્યાર્થીઓ સાથે વડાપ્રધાને સીધો સંવાદ કર્યો, તેમનાં સવાલોના જવાબ આપ્યા. વિદ્યાર્થીઓએ અનેક પ્રકારનાં સવાલો પૂછ્યાં, જેમ કે, પરીક્ષાને કારણે તણાવને કઈ રીતે ઘટાડવો, મોટિવેશન માટે શું કરીએ, માતા-પિતાને સપના અંગે કઈ રીતે સમજાવું?

### પોતાની પરીક્ષા લેતાં રહો, નવી દિશા મળશે

વડાપ્રધાને જણાવ્યું કે ક્યારેક પોતાની પરીક્ષા પણ લો. મેં આ અંગે મારા પુસ્તક એક્ઝામ વોરિયર્સમાં પણ લખ્યું છે. ક્યારેક એક્ઝામને એક ચિઠ્ઠી લખી દો- હે ડિયર એક્ઝામ. હું આટલું શીખીને આવ્યો છું. આટલી તૈયારી કરી છે. તુ શું હું જ તારી પરીક્ષા લઈશ. હું તને હરાવીને જ રહીશ. રીપ્લે કરવાની આદત બનાવો. જે તમે શીખ્યા તે મિત્રોને પણ શીખવાડો. તમે જોશો કે કેટલાંક પોઈન્ટ જોડાઈ જશે.

### પરીક્ષાના અનુભવોને તાકાત બનાવો

પરીક્ષાનું ટેન્શન ન હોવું જોઈએ. પરીક્ષાને તહેવાર બનાવો તો તેમાં રંગ ભરાઈ જશે. પરીક્ષા જીવનનો સહજ હિસ્સો છે. આ નાના-મોટા પડાવ છે. તેનાંથી ડરવું ન જોઈએ. અહીં બેઠેલામાંથી કોઈ એવું નથી જેણે પહેલાં પરીક્ષા ના આપી હોય. તમે પહેલાં પણ પરીક્ષા આપી ચૂક્યા છે. આવા અનુભવોને તમારી તાકાત બનાવો. જે કરતા આવ્યા છો એમાં વિશ્વાસ કરો. હવે આપણે એક્ઝામ આપતા આપતા એક્ઝામ પ્રુફ બની ગયા છે, તેથી ટેન્શન લેવાની કોઈ જરૂર નથી. સમસ્યા માધ્યમ નથી, મન છે. તમે જ્યારે ઓનલાઈન અભ્યાસ કરતા હો ત્યારે તમે ખરેખર અભ્યાસ કરો છો કે પછી રીલ જૂઓ છો. ? હકીકતમાં દોષ ઓનલાઈન કે ઓફલાઈનનો નથી. ક્લાસમાં પણ ઘણી વાર તમારું શરીર ક્લાસમાં હશે, તમારી આંખો ટીચર તરફ હશે પણ કાનમાં એક પણ વાત નહીં જતી હોય કારણ કે તમારું મગજ બીજે ક્યાંક હશે. એનો અર્થ માધ્યમ સમસ્યા નથી, મન સમસ્યા છે.

### યોગ્ય બનવા માટે ભણ્યા હોવ તો પરિણામની ચિંતા ન કરો

હું નથી માનતો કે આપણે પરીક્ષા માટે વાંચવું જોઈએ, ભૂલ ત્યાં જ

### પીએમનો મંત્ર- પોતાનામાં શોધો હતાશાનું કારણ

**દિલ્હીની કેન્દ્રીય વિદ્યાલય, જનકપુરીના વિદ્યાર્થી વૈભવ કનૌજિયા, જયપુરની વિદ્યાર્થીની કોમલ અને ઓડિશાના વાલી સુજીત પ્રધાને પૂછ્યું કે, કઈ રીતે ખુદને બાળકો અને સહપાઠીઓને મોટિવેટ કરીએ?**

પીએમ મોદીએ જવાબમાં કહ્યું, મોટિવેશનનું કોઈ ઈન્જેક્શન કે ફોર્મ્યુલા નથી હોતી. તમે પોતે જૂઓ કે એવી કઈ ચીજ છે, જેનાંથી તમે ડિમોટિવેટ થઈ જાવ છો. પોતાની હતાશાનું મૂળ કારણ જાણો. પોતાનાં વિષે વિશ્લેષણ કરો. કોઈ અન્ય પર આધાર ન રાખો. તેનાથી વીકનેસ પેદા થશે. પોતાની પોઝિટિવ અને નેગેટિવ બાજુને સમજો. તેનાથી તમે ખુદને સારી રીતે સમજી શકશો અને બીજા કોઈનાં મોટિવેશનની જરૂર નહીં પડે. એવું મન બનાવો કે મારા જીવનમાં મુસીબતમાં હતાશા-નિરાશા આવશે તો હું લડીશ. હું જ તેને ખતમ કરીશ, એવો વિશ્વાસ પેદા કરો. બીજું, વસ્તુઓનું નિરીક્ષણ કરો, તેનાથી પ્રેરણા મળે છે. ઈશ્વરે દરેક વ્યક્તિમાં વિશેષ તાકાત આપી છે. દિવ્યાંગમાં શરીરમાં બહુ જ ખામી છે, છતાં તે નવા માર્ગ કાઢી જ લે છે. તે કઈ રીતે ખામીઓને માત આપે છે, તેનાં પરથી શીખો.

### તમે જ્યાં છો એ પળને ભરપૂર જીવો

**નમો એપ પર ગાયત્રી સક્સેનાએ અને ચર્ચા દરમિયાન તેલંગાણાની વિદ્યાર્થીનીએ પૂછ્યું, જ્યારે શિક્ષક ભણાવે છે ત્યારે અમે શીખી લઈએ છીએ, પણ થોડાં દિવસો બાદ પરીક્ષા ખંડમાં બેઠા પછી ભૂલી જઈએ છીએ. ?**

વડાપ્રધાને કહ્યું, દરેકને લાગે છે કે મને યાદ નથી રહેતું, હું ભૂલી ગયો. પણ ઘણી વાર એવું પણ અનુભવાયું હશે કે પરીક્ષામાં એવો સવાલ આવ્યો, જે હમણાં નહોચો વાંચ્યો પણ બહુ સારું લખી દઈએ છીએ. આવું એટલાં માટે થાય છે કે જ્યારે જ્યારે તે વાંચ્યું હોય ત્યારે મનના દરવાજા ખુલ્લા હતા, ધ્યાન કેન્દ્રીત હતું. ધ્યાનને સરળતાથી સ્વીકારો. આ કોઈ સાયન્સ નથી. ધ્યાન બહુ સરળ ચીજ છે. તમે જે પળમાં છો, એ પળને મન ભરીને જીવો છો ત્યારે તે તમારી તાકાત બની જાય છે. ઈશ્વરની સૌથી મોટી તાકાત વર્તમાન છે. જે વર્તમાનને જાણી શકે છે, જે તેને જીવી શકે છે, તેનાં માટે ભવિષ્યનો કોઈ પ્રશ્ન નથી હોતો. મેમરીનો જીવન સાથે સંબંધ હોય છે. માત્ર એક્ઝામથી નથી હોતો.

# પરીક્ષા ઉપરાંત સમાજ અને પર્યાવરણની વાત

### નવી પેઢી ભારતના ભવિષ્યને સારું બનાવવા માટે શું યોગદાન આપી શકે છે?

**પીએમનો જવાબઃ** સમગ્ર વિશ્વ ગ્લોબલ વોર્મિંગથી પરેશાન છે. પરમાત્માએ આપણને જે આપ્યું છે તેને બરબાદ કરી નાખ્યું. આજે આપણને વૃક્ષ, પાણી, નદી વગેરે આપણા પૂર્વજોને કારણે મળ્યાં છે. આપણે આપણી આવનારી પેઢીઓ માટે પણ પોતાની ફરજ અને જવાબદારી નિભાવવાના છે. આ કોઈ સરકારી નિયમથી નહીં થાય. દરેક બાળકો પોતાનાં ઘરમાં સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ બંધ કરી દે તો પર્યાવરણ માટે આ સારું યોગદાન હશે. યુઝ એન્ડ થ્રો કલ્ચરની જગ્યાએ રી-યુઝ કલ્ચરને પ્રોત્સાહન આપવું પડશે.

### ગ્રામીણ ક્ષેત્રની વિદ્યાર્થીઓએ વિકાસ અંગે શું કરવું જોઈએ, માર્ગદર્શન આપો

**પીએમનો જવાબઃ** પહેલાં કરતાં વિચારોમાં પરિવર્તન આવ્યું છે. પહેલાં પુત્રોને ભણાવવામાં આવતા હતા, અને દીકરીઓને સાસરિયાના ભરોસે છોડી દેવામાં આવતી હતી. હજુ પણ ક્યાંક ક્યાંક આવું થાય છે. પણ, દીકરીઓ વગર સમાજનો વિકાસ ન થઈ શકે. સમાજની અંદર દીકરા-દીકરીમાં ભેદભાવ ન થવો જોઈએ. રાણી અહલ્યાબાઈ અને રાણી લક્ષ્મીબાઈ જેવાં અનેક ઉદાહરણો છે. આજે રમતગમત, વિજ્ઞાન, બોર્ડ પરીક્ષાઓ બધાંમાં દેશની દીકરીઓ પ્રગતિ કરી રહી છે. સમાજ માટે આ મોટી શક્તિ છે.



## બાળકોના સપનાઓને ન સમજી શકવા, એ મા-બાપની ખામી છે

માતા-પિતા પોતાનાં જીવનમાં જે કરવા માંગે છે, તેને બાળકો પર લાગુ કરવા માંગે છે. માતા-પિતા આજનાં સમયમાં પોતાની મહત્વાકાંક્ષા અને સપનાં બાળકો પર થોપવાનો પ્રયાસ કરે છે. બીજી વાત, ટીચર પણ પોતાની શાળાનું ઉદાહરણ આપીને તેનાં પર દબાણ વધારે છે. આપણે બાળકોની સ્કિલને સમજવાનો પ્રયત્ન જ નથી કરતાં, જેનાથી ઘણી વાર બાળકો ભાંગી પડે છે. બાળકોને સમજવાનો પ્રયાસ કરો. દરેક બાળકની પોતાની વિશેષતા હોય છે. સ્વજનો, શિક્ષકોના ત્રાજવામાં તે ફિટ હોય કે ન હોય, પણ ઇશ્વરે તેને કોઈને કોઈ વિશેષ તાકાત સાથે મોકલ્યો છે. તમે તેની તાકાતને, તેનાં સપનાને સમજી નથી શકતાં એ માતા-પિતાની ખામી છે. તેનાંથી બાળકોથી તમારું અંતર પણ વધવા લાગે છે.

## એનઈપીને સાકાર કરવાના શિક્ષકો માર્ગ બનાવે

નેશનલ એજ્યુકેશન પોલિસી (NEP) વ્યક્તિત્વના વિકાસ માટે મોટી તકો પ્રદાન કરી રહી છે. આપણે એનઈપીને જેટલી સારી રીતે સમજી શકીશું, એટલો ફાયદો થશે. શિક્ષકોને આગ્રહ છે કે તેને વાસ્તવિક રીતે સાકાર કરવાનાં માર્ગ બનાવો. વિશ્વમાં શિક્ષણની નીતિ ઘડવામાં ભાગ્યે જ આટલા લોકો સંકળાયેલા હશે. 2014માં મને તક આપવામાં આવી ત્યારથી દરેક સ્તરે બ્રેઈન સ્ટોર્મિંગ થયું, તેમાંથી જે તારણ નીકળ્યું તેનાં પરથી નિષ્ણાતોએ મુસદ્દો બનાવ્યો અને પછી લોકો વચ્ચે મોકલવામાં આવ્યો. 15થી 20 લાખ સૂચનો પર ચર્ચા કરીને અંતિમ ઓપ આપવામાં આવ્યો. એનઈપીમાં રમતગમતને હવે અભ્યાસનો હિસ્સો બનાવવામાં આવ્યો છે. રમ્યા વગર કોઈ બાળક ખીલી શકતું નથી. આપણે 20મી સદીનાં અભિગમ અને નીતિ સાથે આપણે આગળ ન વધી શકીએ. નવી નીતિમાં માર્ગ બદલીને નવા રસ્તા તરફ સન્માનની સાથે આગળ વધી શકીએ છીએ. હવે માત્ર જ્ઞાન જ નહીં, કૌશલ્ય પણ જરૂરી છે.

થઈ જાય છે. હું આ પરીક્ષા માટે વાંચીશ, પછી હું એ પરીક્ષા માટે વાંચીશ. આનો અર્થ એ થયો કે તમે વાંચી નથી રહ્યા, તમે એ જડી-બુટ્ટીઓને શોધી રહ્યા છો જે તમારું કામ સરળ કરી દે. તમે યોગ્ય બનવા માટે વાંચ્યું હોય, તો પરિણામની ચિંતા ન કરો. પરીક્ષા માટે તૈયાર કરવાને બદલે ખુદને યોગ્ય, શિક્ષિત વ્યક્તિ બનવા અને વિષયના માસ્ટર બનવા માટે મહેનત કરો.

### ઓનલાઈનમાં મેળવીને ઓફલાઈનમાં સાકાર કરો

આજે આપણે ડિજિટલ ગેજેટના માધ્યમથી ખૂબ સરળતાથી અને વ્યાપક રીતે માહિતીને શોધી શકીએ છીએ. ઓનલાઈનને આપણે તક માનવી જોઈએ, સમસ્યા નહીં. ઓનલાઈન અભ્યાસને એક રિવોર્ડ તરીકે પોતાનાં ટાઈમટેબલમાં રાખી શકીએ છીએ. ઓનલાઈન મેળવવા માટે છે અને ઓફલાઈન બનવા માટે છે. મારે જેટલું જ્ઞાન મેળવવું છે, તે હું મારા મોબાઈલ ફોન પર લઈ આવીશ. મેં ઓફલાઈનમાં જે મેળવ્યું છે તેને ખીલવાની તક આપીશ. ઓનલાઈનમાં તમારો આધાર મજબૂત કરો અને ઓફલાઈનમાં તેને સાકાર કરો. જીવનમાં પોતાની સાથે જોડાવાનો એટલો જ આનંદ હોય છે, જેટલો આઈપેડ કે ફોનમાં ઘુસવાનો હોય છે. દિવસમાં કેટલોક સમય એવો કાઢો જ્યારે તમે ઓનલાઈન અથવા ઓફલાઈન નહીં, પણ ઈનર લાઈન રહો. ●

# હિંસા અને અરાજકતાનો વિરોધ કરવો આપણી ફરજ



**ભારતના એક નાગરિક તરીકે આપણી સૌથી મોટી ફરજ છે, 'રાષ્ટ્ર પ્રથમ'ની નીતિ- રાષ્ટ્રથી ઉપર કોઇ નથી. આપણું દરેક કામ રાષ્ટ્રને આગળ રાખીને થવું જોઇએ. કોઇ પણ પગલું ઉઠાવતાં પહેલાં આપણે એ ચોક્કસ વિચારવું જોઇએ કે તેનાંથી રાષ્ટ્રનું ભલું થવું જોઇએ. ભ્રષ્ટાચારને નાબૂદ કરવો એ એક નાગરિક તરીકે સમાજ અને રાષ્ટ્ર પ્રત્યે આપણી ફરજ બને છે. ક્યાંય પણ, કોઇની સતામણી થતી હોય તો તેની સામે અવાજ ઉઠાવવો એ સમાજ પ્રત્યે અને રાષ્ટ્ર પ્રત્યે આપણી ફરજ બને છે....**

જ્યારે બધાં લોકો મળીને રાષ્ટ્રની પ્રગતિમાં યોગદાન કરે છે, ત્યારે આપણે એક સમાવેશી સમાજનાં નિર્માણની દિશામાં આગળ વધીએ છીએ. એક એવા સમાવેશી સમાજનાં નિર્માણની દિશામાં, જ્યાં હિંસા, અરાજકતાની માનસિકતા સામે તેનો વિરોધ કરવામાં આવે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 29 માર્ચનાં રોજ શ્રીશ્રી હરિચંદ ઠાકુરજીની 211મી જયંતી પ્રસંગે શ્રીધામ ઠાકુરનગર, ઠાકુરબાડી, પશ્ચિમ બંગાળમાં આયોજિત મતુઆ ધર્મ મહામેલા 2022ને સંબોધિત કરતા કહ્યું, "રાજકીય પ્રવૃત્તિઓમાં ભાગ લેવો એ આપણો લોકશાહી અધિકાર છે. પણ રાજકીય વિરોધનાં કારણે કોઇને હિંસાથી, ડરાવી ધમકાવીને કોઇ રોકે, તો તે બીજાના અધિકારોનો ભંગ છે. એટલે, સમાજમાં ક્યાંય પણ હિંસા, અરાજકતાની માનસિકતા હોય તો તેનો વિરોધ કરવો જોઇએ." મૂળ તો, આપણું બંધારણ અનેક અધિકારો આપે છે. એ અધિકારોને આપણે ત્યારે જ સલામત રાખી શકીએ જ્યારે આપણે આપણી ફરજોને પ્રામાણિકતાથી નિભાવીશું. વડાપ્રધાન નરેન્દ્ર મોદી માર્ચ 2021માં બાંગલાદેશના ઓરકાંડી ઠાકુરબાડી ગયા હતા અને ત્યાં શ્રી શ્રી ગરુચંદ ઠાકુરજી અને મહાન મહાન મતુઆ પરંપરાને શ્રધ્ધાપૂર્વક નમન કર્યું હતું. વડાપ્રધાન ફેબ્રુઆરી 2019માં પણ ઠાકુરનગરની યાત્રા પર ગયા હતા.

### સામાજિક આર્થિક આંદોલનથી 'મતુઆ-ધર્મ'નો ઉદભવ થયો

શ્રી શ્રી હરિચંદ ઠાકુરજીએ દેશની આઝાદી પહેલાંના સમયમાં સંયુક્ત બંગાળમાં પીડિત, સમાજનાં કચડાયેલા અને પ્રાથમિક સુવિધાઓથી વંચિત લોકોની ભલાઇ માટે પોતાનું જીવન સમર્પિત કરી દીધું હતું. તેમણે 1860માં ઓરકાંડી (હાલમાં બાંગલાદેશ)થી શરૂ કરેલી સામાજિક અને ધાર્મિક ચળવળ 'મતુઆ મહાસંઘ'માં પરિણમી હતી. ઓલ ઇન્ડિયા મતુઆ ફેડરેશન દ્વારા 29 માર્ચથી 5 એપ્રિલ, 2022 સુધી મતુઆ ધર્મ મહામેલાનું આયોજન કરવામાં આવ્યું હતું. પોતાનું સમગ્ર જીવન સામાજિક ન્યાય અને લોક કલ્યાણ માટે સમર્પિત કરી દેનારા શ્રી શ્રી હરિચંદ ઠાકુરની 211મી જન્મજયંતીનું આયોજન 29 માર્ચ, 2022નાં રોજ કરવામાં આવ્યું હતું.


### મતુઆ પરંપરાને નમન કરવાની તક

મતુઆ ધર્મ મહામેલા, મતુઆ પરંપરાને નમન કરવાનો પ્રસંગ છે. આ એ મૂલ્યો પ્રત્યે આસ્થા વ્યક્ત કરવાનો પ્રસંગ છે, જેનો પાયો શ્રી શ્રી હરિચંદ ઠાકુરજીએ નાખ્યો હતો. તેને ગુરુચંદ ઠાકુરજીએ અને બોરો માંએ આ પરંપરાને મજબૂત કરી. આ મહામેલા એક ભારત, શ્રેષ્ઠ ભારતનાં મૂલ્યોને મજબૂત કરે છે. આપણી સંસ્કૃતિ અને સભ્યતા મહાન એટલાં માટે છે, કારણ કે તેમાં સાતત્ય છે, તે વહેતી છે અને તેમાં ખુદને મજબૂત કરવાની સ્વાભાવિક પ્રવૃત્તિ છે. ●

વડાપ્રધાનનું સંપૂર્ણ સંબોધન સાંભળવા માટે QR કોડ સ્કેન કરો

## #સબકા પ્રયાસ

# બજેટને ગતિ રાષ્ટ્રની પ્રગતિ



**એક સમય હતો, જ્યારે દેશમાં સામાન્ય બજેટ રજૂ થયા બાદ લોકો ભૂલી જતા હતા. પણ સંસદીય ઈતિહાસમાં 2021માં પ્રથમ વાર એવું બન્યું કે બજેટમાં આપવામાં આવેલા તમામ વચનોને પૂરાં કરવામાં આવ્યાં. બજેટ પહેલાં સલાહ અને માર્ગદર્શન લેવાની આ પરંપરાને આગળ ધપાવતા સરકારે આ વર્ષે એક ડગલું આગળ વધીને બજેટ પછી પણ સંવાદની નવી પરંપરા શરૂ કરી. બજેટમાં કરવામાં આવેલી જાહેરાતો સામાન્ય માણસ સુધી પહોંચે તે માટે વડાપ્રધાને ખાનગી ક્ષેત્ર સહિતનાં તમામ હિતધારકો સાથે સંવાદ શરૂ કર્યો, જેથી સામાન્ય બજેટ ભારતનાં આઝાદી વર્ષ 2047 સુધી વિઝન દસ્તાવેજ તરીકે સાકાર થાય અને તેમાં માત્ર સરકાર જ નહીં, દેશનો દરેક નાગરિક ભાગીદાર બને...**

**"તમને બધાંને ખબર છે કે આપણે છેલ્લાં બે વર્ષોથી નવી પરંપરા શરૂ કરી છે. બજેટને અમે એક મહિના પહેલું કર્યું છે. 1 એપ્રિલથી બજેટ લાગુ થાય છે, તેથી વચ્ચેનાં બે મહિના અમને તૈયારી માટે મળી જાય છે. અમે પ્રયત્ન કરી રહ્યા છીએ કે બજેટના સંદર્ભમાં તમામ હિતધારક-ખાનગી, જાહેર, રાજ્ય-કેન્દ્ર સરકાર મળીને વિવિધ વિભાગ સામાન્ય બજેટની શક્ય એટલી વહેલી તકે કઈ રીતે અમલી બનાવીએ જેથી તેનું સારામાં સારું પરિણામ મળે."**

વડાપ્રધાનનાં આ શબ્દો રાષ્ટ્રનાં નવનિર્માણ માટે કેન્દ્ર સરકારના દૂરોગામી અભિગમ અને 'સબકા પ્રયાસ'ની ભાવનાને વ્યાખ્યાયિત કરે છે. તેઓ ડઝનબંધ સેક્ટરનાં 40,000થી વધુ હિતધારકો સાથે બજેટ બાદ સંવાદ કરી ચૂક્યા છે. ભારતના સંસદીય ઇતિહાસમાં આવું પ્રથમ વાર બન્યું છે કે દેશનું સામાન્ય બજેટ નાણાકીય જરૂરિયાતોને પૂરી કરવાનો દસ્તાવેજ માત્ર નહીં, પણ તેને સંપૂર્ણપણે અમલ કરવાનો સંકલ્પપત્ર બની ગયો છે. આ વિઝનનો અમલ કરવા માટે ટોચનું નેતૃત્વ એટલે વડાપ્રધાનના સ્તરે જ વીતેલા વર્ષનાં સામાન્ય બજેટમાં પ્રથમ વાર તમામ હિતધારકો સાથે સંવાદનો નવો અને અનોખો પ્રયોગ શરૂ કરવામાં આવ્યો. સરકાર દ્વારા ઉદ્યોગ જગત સાથે સંકલન કરીને લોકોની અપેક્ષાઓને પાર પાડવામાં આવી રહી છે અને અર્થતંત્રને વેગ મળી રહ્યો છે. આ પરંપરાને આગળ ધપાવતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સતત બીજા વર્ષે હિતધારકો સાથે સંવાદ અને સમન્વય સ્થાપિત કરીને સરકાર અને ખાનગી ક્ષેત્ર વચ્ચે વિશ્વાસનો સેતુ સ્થાપ્યો છે, જેથી ભારત આઝાદીનું શતાબ્દી વર્ષ મનાવતું હોય, ત્યારે સરકાર જ નહીં, દેશનાં 130 કરોડ લોકોનાં અભિગમથી આત્મનિર્ભર ભારતનું સપનું સાકાર થાય.

કોવિડનાં સમયમાં બજેટ બાદ હિતધારકો સાથે સંવાદની શરૂઆત ડિજિટલ રીતે કરવામાં આવી, તેથી તેને 'બજેટ વેબિનાર' નામ આપવામાં આવ્યું. બજેટ બાદ હિતધારકો સાથે સંવાદ અને સમન્વયની આ નવી પરંપરા છે. વેબિનારમાં કેન્દ્ર-રાજ્ય સરકારોના પ્રતિનિધિઓ ઉપરાંત, ઉદ્યોગ સાહસિકો, સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો, નિકાસકારો, વૈશ્વિક રોકાણકારો, સ્ટાર્ટઅપ સાથે સંકળાયેલા યુવાનો ભાગ લેતાં હોય છે. પ્રત્યેક વેબિનાર દરમિયાન વ્યાપક પેનલ ચર્ચા અને વિષય આધારિત બ્રેક-આઉટ સત્રનું આયોજન કરવામાં આવ્યું. આ વેબિનાર દરમિયાન સરકારને એકથી એક ચડિયાતાં કિંમતી સૂચન મળ્યાં હતા, જેનાંથી બજેટની જાહેરાતોનો અસરકારક રીતે અમલ કરવામાં મદદ મળશે.

### સંવાદ અને સમન્વયથી મળી ગતિ

બજેટ બાદ હિતધારકો સાથે સંવાદ અને સમન્વયની પરંપરામાંથી નીકળેલી સકારાત્મકતાનું સૌથી મોટું ઉદાહરણ ગયા વર્ષનું સામાન્ય બજેટ છે, જેની મોટા ભાગની જાહેરાતોનો અમલ નાણાકીય વર્ષ

**5.4%**
**જીડીપી નોંધાઇ ઓક્ટોબર-ડિસેમ્બર 2021નાં ક્વાર્ટરમાં**

**બજેટ અમલીકરણ અંગે ઉદ્યોગ જગત અને સરકાર વચ્ચે બજેટ વેબિનાર સાથે ભરોસાની શરૂઆત**

**8.5%**
**જીડીપી રહેવાનો અંદાજ આ નાણાકીય વર્ષમાં આર્થિક સર્વેક્ષણ અનુસાર**


પુરું થતાં પહેલાં જ થઈ ચૂક્યો હતો. ગયા વર્ષનાં સામાન્ય બજેટમાં કરવામાં આવેલી જાહેરાતોનો અમલ કરવામાં આવ્યો છે, જેમ કે. રસીકરણ માટે રૂ. 35,000 કરોડની જોગવાઈ, આરોગ્ય ક્ષેત્રમાં ડિજિટલ વ્યવસ્થાને પ્રોત્સાહન, શાળાઓમાં પોષણ અભિયાનને પાંચ વર્ષ માટે લંબાવવું, જલ જીવન મિશન. ઉજ્જવલા 2.0, શહેરોમાં સ્વચ્છતા માટે એસબીએમ 2.0, અમૃત 2.0, સ્વચ્છ પર્યાવરણની દિશામાં સ્ક્રેપ પોલિસનો અમલ, ભારતને ઉત્પાદનનું હબ બનાવવા માટે 13 સેક્ટરમાં આશરે બે લાખ કરોડ રૂપિયાની પીએલઆઈ યોજના, સાત ટેક્સટાઈલ પાર્કની પહેલ, નેશનલ મોનેટાઈઝેશન પાઈપલાઈન, હાઈવે, રેલવે, જળમાર્ગ, વીજળી, શહેરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર જેવાં ક્ષેત્રોમાં પ્રધાનમંત્રી ગતિશક્તિ, લઘુતમ ટેકાનાં ભાવે કૃષિ ઉપજની ખરીદી, કૃષિ ઈન્ફ્રા ફન્ડની નીતિઓમાં ફેરફાર, સ્વામિત્વ યોજનાનું વિસ્તરણ, એક દેશ-એક રેશન કાર્ડ યોજનાનું વિસ્તરણ, ઈ-શ્રમ પોર્ટલ, દેશમાં 100 સૈનિક સ્કુલ ખોલવાની પહેલ, લેહમાં સેન્ટ્રલ યુનિવર્સિટી, કૌશલ્ય વિકાસ. આ ઉપરાંત, નાણાકીય સુધારા હાથ ધરવામાં આવ્યાં, જેમાં 'મિનિમમ ગર્વેમેન્ટ-મેક્સિમમ ગવર્નન્સ' અંતર્ગત નવી પહેલ સાથે નાણાકીય વર્ષનાં સમાપનના ત્રણ મહિના પહેલાં જ બજેટની મોટા ભાગની જાહેરાતોનો અમલ થઈ ચૂક્યો હતો.

### નવા ભારતના બજેટને નવી દિશા

અગાઉનાં સમયમાં જ્યારે બજેટ લાગુ થતું હતું ત્યારે મે મહિનો પૂરો થતાં જ વરસાદ શરૂ થઈ જતો હતો, જેનાથી જુલાઈથી સપ્ટેમ્બર સુધી ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે સંકળાયેલી યોજનાઓ અટકી જતી હતી. જ્યારે ઈન્ફ્રાસ્ટ્રક્ચરનાં હિસાબે એપ્રિલથી જૂન સુધીનો સમયગાળો અત્યંત મહત્વનો હોય છે. આ સ્થિતમાં બજેટને એક મહિનો વહેલું કરવાથી એપ્રિલ-જૂન સુધીનાં ત્રણ મહિનાનો ઉપયોગ કરીને ઝડપી ગતિથી આગળ વધવાની દિશામાં કામ થઈ રહ્યું છે. સરકારનું માનવું છે કે 1 એપ્રિલથી નવું બજેટ લાગુ થાય તો એ જ દિવસથી તમામ યોજનાઓ પણ આગળ વધવી જોઈએ અને ફેબ્રુઆરી-માર્ચ મહિનામાં તેની તૈયારી કરવામાં આવે. સરકારની આ તૈયારીઓને પરિણામે જ કોરોના પછી આવેલું ઐતિહાસિક બજેટ ન્યૂ ઈન્ડિયાના પાયાને મજબૂત કરનાર અને ભારતને આર્થિક મહાશક્તિ તરીકે ઉપસાવવાનું વિઝન ડોક્યુમેન્ટ બન્યું છે.

### યુવા ભારતનાં સપનાને સાકાર કરશે

ભારતની યુવા પેઢી દેશનાં ભવિષ્યની કર્ણધાર અને રાષ્ટ્રનિર્માતા છે. આ બાબતને ધ્યાનમાં રાખીને જ સામાન્ય બજેટમાં શિક્ષણ સાથે સંકળાયેલા પાંચ પાસાઓ પર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે. તેમાં, તમામ સુધી ગુણવત્તાયુક્ત શિક્ષણની પહોંચ, કૌશલ્ય વિકાસ, શહેરી આયોજન અને ડિઝાઈન, શિક્ષણ અને જ્ઞાન સાથે સંકળાયેલી સંસ્થાઓને આંતરરાષ્ટ્રીય સ્તરની બનાવવા માટે પ્રોત્સાહન, ટેકનોલોજી દ્વારા વિઝ્યુઅલ અસર કરતા ક્ષેત્રોને પ્રોત્સાહન આપવાનો સમાવેશ થાય છે. શિક્ષણનું વિસ્તરણ, તેની ક્ષમતામાં વધારો, ઉદ્યોગોના સંદર્ભમાં કૌશલ્ય વિકાસ,



**સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ, સબકા પ્રયાસ.. આ બજેટમાં પણ સબકા પ્રયાસ.. એ બહુ જરૂરી છે. બજેટ એ માત્ર આંકડાનાં લેખા જોખાં નથી. આપણે, સાચી રીતે, સાચા સમયે બજેટનો ઉપયોગ કરીએ તો આપણા મર્યાદિત સંસાધનો દ્વારા પણ બહુ મોટાં પરિવર્તન લાવી શકીએ તેમ છીએ. અને આ ત્યારે જ શક્ય છે, જ્યારે બધાંનાં મનમાં એ સ્પષ્ટ થઈ જાય કે બજેટથી શું કરવું છે.**

**-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**




**આપણે ખેડૂતોમાં પણ એવી જાગૃતિ ફેલાવવી પડશે, તેમનો સહજ સ્વભાવ બનાવવો પડશે કે તેઓ દર એક-બે વર્ષે પોતાનાં ખેતરની માટીને ટેસ્ટ કરાવે અને તે પ્રમાણે કઈ દવાઓની જરૂર છે, કયા ખાતરની જરૂર છે, તેનું તેમને વૈજ્ઞાનિક જ્ઞાન મળશે. શું તમને માહિતી છે કે આપણા યુવા વૈજ્ઞાનિકોએ નેનો ફર્ટિલાઇઝર વિકસાવ્યું છે. આ શોધ ગેમ ચેઇન્જર સાબિત થવાની છે. -નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**

ભારતના પ્રાચીન અનુભવ અને જ્ઞાનનું એકીકરણ કરવું, ભારતમાં વિશ્વસ્તરીય યુનિવર્સિટીઓને લાવવી અને એનિમેશન ક્ષેત્રમાં ક્ષમતા વિસ્તરણ- આ પાંચ પાસાઓ મહત્વનાં છે. ભારતમાં કોવિડ પહેલાં ડિજિટલ ભવિષ્યની દિશામાં કામ શરૂ થઈ ગયું હતું. એટલાં માટે જ, આ મહામારી દરમિયાન કશું અટક્યું નહોતું. સરકાર આધુનિક શિક્ષણ વ્યવસ્થાને લાવવા માંગે છે, તેથી સામાન્ય બજેટમાં અનેક જાહેરાતો કરવામાં આવી. તેમાં, ડિજિટલ શિક્ષણ અંતર્ગત ઈ-વિદ્યા, વન ક્લાસ-વન ચેનલ, ડિજિટલ લેબોરેટરીઝ, ડિજિટલ યુનિવર્સિટી જેવી પહેલો દ્વારા ગ્રામીણ ભારત સુધી ગરીબ, દલિત, પછાત, આદિવાસીઓને વધુ સારું શિક્ષણ આપવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

નેશનલ ડિજિટલ યુનિવર્સિટી એ ભારતીય શિક્ષણ વ્યવસ્થામાં અનોખું અને અભૂતપુર્વ પગલું છે. યુનિવર્સિટીમાં સીટની કમી એક સમસ્યા રહી છે. પણ આ પહેલથી શિક્ષણ જગતમાં ક્રાંતિકારી પરિવર્તન આવશે, કારણ કે વૈશ્વિક સ્તરની સૂચિત ડિજિટલ યુનિવર્સિટી લર્નિંગ અને રિ-લર્નિંગની વર્તમાન અને ભાવિ જરૂરિયાતો માટે યુવાનોને તૈયાર કરશે. માનસિક વિકાસમાં માતૃભાષાનાં મહત્વને જોતાં અનેક રાજ્યોમાં સ્થાનિક ભાષામાં મેડિકલ અને ટેકનોલોજીનો અભ્યાસ શરૂ થઈ ચૂક્યો છે. આ માટે, વિશેષ ઈ-કન્ટેન્ટને વિકસાવવાની દિશામાં ઝડપથી કામ ચાલુ છે. ભારતીય સાંકેતિક ભાષામાં પણ એવા અભ્યાસક્રમ વિકસાવવામાં આવી રહ્યા છે, જે દિવ્યાંગ યુવાનોને મજબૂત કરશે.

કોવિડ બાદની પરિસ્થિતિ અનુસાર યુવાનોને કૌશલ્યથી સજ્જ કરવા અને આત્મનિર્ભર ભારતનાં લક્ષ્યને સાકાર કરવાના અભિગમ સાથે બજેટમાં ડિજિટલ ઇકોસિસ્ટમ ફોર સ્કિલિંગ એન્ડ લાઇવલીહુડ (DESH STACK  ઈ-પોર્ટલ) અને ઈ-સ્કિલિંગ લેબોરેટરીઝની જાહેરાત કરવામાં આવી છે. આ પહેલથી પર્યટન, ડ્રોન, એનિમેશન-કાર્ટુન, સંરક્ષણ ઉત્પાદન ક્ષેત્રને કુશળ


કર્મચારીઓ મળશે. આ ઉપરાંત, શિક્ષણ ક્ષેત્રનાં હિતધારકો સાથે સંવાદમાં વડાપ્રધાન મોદીએ ગામડાં સુધી ગુણવત્તાયુક્ત શિક્ષણ પૂરું પાડવા અને નવી કલ્પનાઓને આગળ વધારવામાં સહયોગ પર ભાર મૂક્યો. તેમના કહેવા પ્રમાણે બજેટ બાદ આ પ્રકારની ચર્ચાનો હેતુ બજેટની જોગવાઈઓને મૂળ રૂપમાં સહજતાપૂર્વક છેવાડા સુધી લાગુ કરવાનો છે. ભારત જેવા દેશમાં જ્યાં નાલંદા, તક્ષશિલા, વલ્લભી જેવી મોટી શિક્ષણ સંસ્થાઓ હોવા છતાં વિદ્યાર્થીઓ ભણવા માટે વિદેશ જતાં હતાં, પણ હવે કેન્દ્ર સરકાર 21મી સદીને અનુકુળ હોય તેવી રીતે પ્રિ-પ્રાઈમરીથી માંડીને પોસ્ટ ગ્રેજ્યુએશન સુધીનું શિક્ષણ માળખું ઘડી રહી છે. એટલાં માટે સૈનિક સ્કુલની સંખ્યા પણ જાહેર-ખાનગી ભાગીદારી અંતર્ગત વધારવામાં આવી રહી છે. શિક્ષણમાં ટેકનોલોજીનાં મહત્વ પર ભાર મૂકવામાં આવી રહ્યો છે, જેમાં અટલ ટિન્કરીંગ લેબ મુખ્ય છે. આ બજેટમાં આઝાદી ના અમૃત મહોત્સવ કાળમાં રાષ્ટ્રીય શિક્ષણનાં પરિપ્રેક્ષ્યમાં મજબૂત પાયો નાંખવામાં આવ્યો છે.

### ગામડાં સુધી સર્વાંગી, સર્વસ્પર્શી, સમાવેશી વિકાનો પાયો

આઝાદીના અમૃતકાળ માટે નવા ભારતનો સંકલ્પ સૌનાં પ્રયાસથી જ સિધ્ધ થઈ શકે છે. સૌનો વિકાસ થાય, દરેક વ્યક્તિ દરેક વર્ગને વિકાસનો સંપૂર્ણ લાભ મળે. છેલ્લાં સાત વર્ષમાં કેન્દ્ર સરકારે દેશનાં દરેક નાગરિક, દરેક વર્ગને સક્ષમ બનાવવા માટે સતત પ્રયાસ કર્યા છે. દેશના ગામડાં અને ગરીબોને પાકાં ઘર, શૌચાલય, રાંધણ ગેસ, વીજળી, પાણી, રોડ જેવી મૂળભુત સુવિધાઓથી જોડવાની યોજનાઓને આ જ હેતુ છે. સરકારે તેમાં ઘણી સફળતા મેળવી છે. પણ હવે સરકારનું લક્ષ્ય યોજનાઓને એક ચોક્કસ વર્ગને બદલે 100 ટકા લોકો સુધી પહોંચાડવાનો છે. આ લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે જ સામાન્ય બજેટમાં ગ્રામીણ ભારત માટે વિશેષ અભિગમ અપનાવવામાં આવ્યો છે. બજેટમાં પીએમ આવાસ યોજના, ગ્રામીણ સડક યોજના, જલ જીવન મિશન. પૂર્વોત્તરની કનેક્ટિવિટી, ગામડાંમાં બ્રોડબેન્ડ કનેક્ટિવિટી જેવી દરેક યોજના માટે જરૂરી જોગવાઈ કરવામાં આવી છે. ગ્રામીણ વિસ્તારો, પૂર્વોત્તરના વિસ્તારો અને આકાંક્ષી જિલ્લાઓમાં સુવિધાઓની પહોંચ બધાં સુધી પહોંચાડવાનાં પ્રયાસોનો જ આ હિસ્સો છે. બજેટમાં સરહદ પરનાં ગામડાઓ માટે પ્રથમ વાર વિશેષ 'વાઈબ્રન્ટ વિલેજ પ્રોગ્રામ'ની જાહેરાત કરવામાં આવી છે. પીએમ-ડિવાઈનથી પૂર્વોત્તરનાં રાજ્યોમાં સમયમર્યાદાની અંદર વિકાસ યોજનાઓનાં 100 ટકા લાભને સુનિશ્ચિત કરવાની યોજના છે.

આ સેક્ટર સાથે સંકળાયેલા હિતધારકો સાથેના સંવાદમાં વડાપ્રધાને દેશનાં ગ્રામીણ વિસ્તારો પ્રત્યે પોતાનાં વિચાર પણ રજૂ કર્યાં. જમીનની માપણી સાથે સંકળાયેલી સ્વામિત્વ યોજના, લેન્ડ રેકોર્ડનું ડિજિટાઇઝેશન, યુઆઇડી પિન જેવી યોજનાનો હેતુ ગામડાંની પ્રગતિને પ્રોત્સાહન આપવાનો છે. આ સુધારાથી ગામડાંમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને વેપારી પ્રવૃત્તિઓને પ્રોત્સાહન મળશે. દરેક પરિવારનું પોતાનું પાકું મકાન સુનિશ્ચિત કરવા માટે આ વખતનાં

## ટેકનોલોજી અને ઇન્ફ્રાસ્ટ્રક્ચરની મદદથી ગામની તસવીર બદલાશે




**3.8**

**કરોડ નવા નળ જોડાણ ગ્રામીણ પરિવારોને ચાલુ નાણાકીય વર્ષ 2022-23માં આપવામાં આવશે, જેનાં માટે 60,000 કરોડ રૂપિયાનું બજેટ રાખવામાં આવ્યું છે.**

### વાઇબ્રન્ટ વિલેજ

**વાઇબ્રન્ટ વિલેજથી સુધરશે સરહદ નજીકનાં ગામડાંનું ઇન્ફ્રાસ્ટ્રક્ચર, ગયા વર્ષે 2500 કરોડ રૂપિયાની સરખામણીમાં આ વર્ષે બજેટમાં 3500 કરોડની જોગવાઇ કરવામાં આવી છે.**

- ગામડાંમાં ઓપ્ટિકલ ફાઈબર બિછાવવાનું કામ 2025 સુધી પૂરું થવાની અપેક્ષા છે.
- પૂર્વોત્તરનાં ગામોમાં વિકાસને પ્રોત્સાહન આપવા માટે 'પીએમ વિકાસ પહેલ' નામની નવી યોજના.
- યુનિક લેન્ડ પાર્સલ આઈડેન્ટિફિકેશન નંબર (ULPIN)નું કામ 13 રાજ્યોમાં લાગુ થયું, નાણાકીય વર્ષ 2022-23ના અંત સુધીમાં સમગ્ર દેશમાં જમીનને વિશિષ્ટ આઈડી ફાળવવાનું લક્ષ્ય.
- સ્વામિત્વ યોજનામાં 2025 સુધી દેશનાં તમામ ગામોની જમીનનું ડ્રોન દ્વારા સર્વેક્ષણ કરીને ડિજિટલ રેકોર્ડ તૈયાર કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. 1.10 લાખથી વધુ ગામોમાં ડ્રોન ઉડાડવાનું કામ પૂરું.



**163** લાખ ખેડૂતોને કરવામાં આવશે 2.37 લાખ કરોડ રૂપિયાના લઘુતમ ટેકાના ભાવની ચૂકવણી

# નેક્સ્ટ જનરેશન એગ્રીકલ્ચર તરફ આગેકૂચ

## 1.32

**લાખ કરોડ રૂપિયા કરવામાં આવ્યું કૃષિ અને કલ્યાણ મંત્રાલયનું બજેટ, ગયા વર્ષનાં 1.23 લાખ કરોડ રૂપિયાની સરખામણીમાં**


1. ગંગાનાં બંને કિનારા પર 5 કિ.મીનાં દાયરામાં પ્રાકૃતિક ખેતી કોરિડોર બનાવવાનું લક્ષ્ય.
2. ખેડૂતોને કૃષિ અને બાગાયતમાં આધુનિક ટેકનોલોજી પૂરી પાડવામાં આવશે.
3. ખાદ્ય તેલની આયાતને ઘટાડવા માટે પામ ઓઇલ મિશન સાથે તેલિબિયાં પર પણ ભાર મૂકવો.
4. ખેતી સંલગ્ન ચીજોનાં પરિવહન માટે પીએમ-ગતિ શક્તિથી લોજિસ્ટિક્સની નવી વ્યવસ્થા ઘડવી.
5. કૃષિ કચરાનું ઉત્તમ વ્યવસ્થાપન કરીને કચરામાંથી ઊર્જા ઉત્પાદન કરીને ખેડૂતોની આવક વધારવી.
6. ખેડૂતોની સરળતા માટે દેશની દોઢ લાખથી વધુ પોસ્ટ ઓફિસોમાં બેન્કિંગ સુવિધાઓ પૂરી પાડવી.
7. કૃષિ સંશોધન-શિક્ષણ સાથે સંકળાયેલા અભ્યાસક્રમ, માનવ સંસાધન વિકાસમાં આધુનિક સમય પ્રમાણે પરિવર્તન.

### પ્રાકૃતિક ખેતી

**રસાયણમુક્ત પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન, પ્રથમ તબક્કામાં ગંગા નદીનાં કિનારે પાંચ કિલોમીટર પહોળા કોરિડોર પર ખેડૂતોની જમીન પર ફોકસ**

### ટેકનોલોજીની મદદથી અવરોધો દૂર થશે

**એસેસમેન્ટ, લેન્ડ રેકોર્ડનું ડિજિટાઇઝેશન અને કિટનાશકો તથા પોષક તત્વોના છંટકાવ માટે 'કિસાન ડ્રોન'નાં ઉપયોગને પ્રોત્સાહન. પીપીપી મોડમાં ખેડૂતોને ડિજિટલ અને હાઇટેક સેવાઓની ડિલિવરી. કૃષિ સ્ટાર્ટઅપનાં ફાઇનાન્સિંગ માટે વિશેષ ભંડોળ સાથે ફન્ડની સ્થાપના. 9.1 લાખ હેક્ટર જમીન માટે કેન બેતવા લિન્ક પ્રોજેક્ટ પર વર્ષો બાદ કામ શરૂ થશે.**



બજેટમાં 80 લાખ નવાં ઘર બનાવવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. દેશનાં છ શહેરોમાં લાઇટ હાઉસ જેવી નવી ટેકનોલોજીનાં ઉપયોગથી ઘર બનાવવામાં આવી રહ્યાં છે. ગ્રામીણ વિસ્તારોમાં પાયાની સુવિધા પૂરી પાડવા માટે આ બજેટમાં જલ જીવન મિશન અંતર્ગત લગભગ 4 કરોડ નવાં કનેક્શનનું લક્ષ્ય નિર્ધારિત કરવામાં આવ્યું છે. વડાપ્રધાને હિતધારકોને કહ્યું કે આ લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે તમામનો સહયોગ જરૂરી છે, જેથી 2024 સુધી દરેક ઘરમાં નળથી જળનું લક્ષ્ય સાકાર થઈ શકે.

ગામડાંમાં બ્રોડબેન્ડની સુવિધા આજની જરૂરિયાત બની ગઈ હોવાનું જણાવતા વડાપ્રધાને કહ્યું કે, તેનાથી ડિજિટલ કનેક્ટિવિટીને પ્રોત્સાહન મળશે એટલું જ નહીં પણ કુશળ યુવાનોનું એક મોટું નેટવર્ક પણ તૈયાર થશે. આ પ્રયોગથી તમામ પોસ્ટ ઓફિસને કોર બેન્કિંગ સિસ્ટમ હેઠળ લાવવાની શરૂઆત થઈ છે, જેથી નાણાકીય સર્વસમાવેશિતા માટે શરૂ થયેલી જનધન


યોજનાને સંપૂર્ણપણે લોકો સુધી પહોંચાડી શકાય.

આ નાણાકીય સર્વસમાવેશિતાને કારણે મહિલાઓ આર્થિક નિર્ણયોમાં ભાગ લઈ શકે છે. કેન્દ્ર સરકારની પહેલ ગ્રામીણ વિસ્તારોમાં વધુને વધુ સ્ટાર્ટઅપ લાવવાની છે, જેમાં ખાનગી ક્ષેત્રની ભૂમિકા મહત્વની છે. વડાપ્રધાને આકાંક્ષી જિલ્લાઓની જેમ જ 2022માં ગામડાંમાં વિકાસની હરિફાઇ તાલુકા સ્તરે કરવા પર પણ ભાર મૂક્યો.

### 7 સૂત્રથી કૃષિના નેકસ્ટ જનરેશનની દિશામાં પગલાં

ખેડૂતોની આવક વધારવી, ખેતીનો ખર્ચ ઓછો કરવો, બીજથી બજાર સુધી ખેડૂતોને આધુનિક સુવિધા આપવી વર્તમાન કેન્દ્ર સરકારની પ્રાથમિકતાઓમાં સામેલ છે. એટલાં માટે જ વીતેલાં સાત વર્ષોમાં અનેક નવી વ્યવસ્થાઓ તૈયાર થઈ છે. માત્ર છ વર્ષોમાં કૃષિ બજેટ અનેક ગણું વધ્યું છે, તો ખેડૂતો માટે કૃષિ લોનમાં સાત વર્ષોમાં અઢી ગણો વધારો કરવામાં આવ્યો છે. કોવિડનાં મુશ્કેલ સમયમાં પણ વિશેષ અભિયાન હાથ ધરીને ત્રણ કરોડ નાના ખેડૂતોને કિસાન ક્રેડિટ કાર્ડ(KCC) ની સુવિધાથી જોડવામાં આવ્યાં છે. આ તમામ પ્રયાસોને કારણે દર વર્ષે ખેડૂતો વિક્રમ ઉત્પાદન કરી રહ્યાં છે અને સરકાર દ્વારા લઘુતમ ટેકાનાં ભાવે ખરીદીનાં નવા રેકોર્ડ બની રહ્યાં છે. જૈવિક ખેતીને પ્રોત્સાહન આપવાને કારણે જૈવિક વસ્તુઓનું બજાર હવે રૂ. 11,000 કરોડને વટાવી ચૂક્યું છે. તેની નિકાસ 6 વર્ષમાં રૂ. 2,000 કરોડથી વધીને રૂ. 7,000 કરોડ થઈ ગઈ છે. સરકાર હવે આ કૃષિ સુધારાઓનું સતત વિસ્તરણ કરી રહી છે. કૃષિને આધુનિક અને સ્માર્ટ બનાવવા માટે આ વર્ષનાં સામાન્ય બજેટમાં સાત ઉપાયો સૂચવવામાં આવ્યા છે. (જૂઓ બોક્સ). તેમાં પ્રાકૃતિક ખેતીનો કોરિડોર, રિસર્ચ અને કૌશલ્ય વિકાસ જેવા પરિવર્તનનો સમાવેશ થાય છે.

વડાપ્રધાને તમામ હિતધારકોને કહ્યું કે પ્રાકૃતિક ખેતીનાં લાભ દરેક વ્યક્તિ સુધી પહોંચાડવામાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રો અને કૃષિ યુનિવર્સિટીઓએ પૂરી તાકાત સાથે કામ કરવું પડશે. તેમણે કિસાન વિકાસ કેન્દ્રોને એક-એક ગામ દત્તક લેવા અને યુનિવર્સિટીઓને 100-500 ખેડૂતોને આગામી એક વર્ષમાં પ્રાકૃતિક ખેતી તરફ લઇ જવાનો લક્ષ્ય રાખવાનું સૂચન કર્યું. તેમનાં કહેવા પ્રમાણે, આરોગ્યનાં નામે અનેક વિદેશી ચીજો લોકોનાં ડાઇનિંગ ટેબલ પર પહોંચી રહી છે, જ્યારે હકીકત એ છે કે આ તમામ ચીજો ભારતીય ખેડૂત પણ ઉગાડે છે અને તેમાં સ્વાદ પણ હોય છે. તેમણે વોકલ ફોર લોકલ અંતર્ગત આ ચીજોનો પ્રચાર કરવા પર પણ ભાર મૂક્યો. બદલાતા વાતાવરણની સાથે સાથે દર વર્ષે માટીની તપાસને પ્રોત્સાહન આપવા અને તેનાં માટે લેબોરેટરીઝનું નેટવર્ક ઊભું કરવાની જરૂર પર સરકાર કામ કરી રહી છે. સુક્ષ્મ સિંચાઈ, કેન-બેતવા લિન્ક જેવાં રિવર લિન્કિંગ પ્રોજેક્ટ, પાક ચક્રમાં પરિવર્તન જેવી પહેલ દ્વારા કેન્દ્ર સરકાર ખેતીને પ્રોત્સાહન આપવા પગલાં ભરી રહી છે. વડાપ્રધાન મોદીએ કોર્પોરેટ જગતને આગળ આવવા આહવાન કર્યું છે. આ ઉપરાંત, ભારતની અન્ન જરૂરિયાતોનો અભ્યાસ કરીને ખેડૂતો સાથે પહેલેથી કરાર (કોન્ટ્રાક્ટ) કરીને પાકનાં ઉત્પાદનને પ્રોત્સાહન



**વિશ્વમાં દરેક પ્રકારની પ્રાકૃતિક સંપત્તિ, પ્રાકૃતિક સંસાધનોની અછત ઊભી થઇ રહી છે. ત્યારે સર્ક્યુલર ઇકોનોમી એ સમયની માંગ છે અને તેને જીવનનો અનિવાર્ય હિસ્સો બનાવવો જ પડશે. આપણાં માટે દરેક ક્ષેત્રમાં ઇનોવેશન ખૂબ જરૂરી છે. નવી વસ્તુઓ જરૂરી છે અને હું દેશનાં ખાનગી ક્ષેત્રને વિશ્વાસ અપાવું છું કે સરકાર તમારાં પ્રયત્નોમાં તમારી સાથે ઊભી છે.**

-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન



# રાષ્ટ્રનાં ઇરાદાનો આધાર આત્મનિર્ભર સંરક્ષણ ક્ષેત્ર

**5.25**

**લાખ કરોડ રૂપિયાની ફાળવણી સંરક્ષણ બજેટને, જે કુલ બજેટનાં 13.31% છે.**

**સંરક્ષણ ખર્ચ**

**સંરક્ષણ ખર્ચનાં મુદ્દે ભારત વિશ્વમાં ત્રીજા ક્રમે છે**

- સંરક્ષણ બજેટમાં 2021-22માં બજેટ અંદાજની સરખામણીમાં 46,970 કરોડ રૂપિયા (9.82 ટકા)નો વધારો કરવામાં આવ્યો છે.
- સંરક્ષણ સેવાઓનાં મૂડીગત ખર્ચ અંતર્ગત કુલ ફાળવણી 2013-14ના રૂ. 86,740 કરોડથી વધીને 2022-23માં રૂ. 1.52 લાખ કરોડ થઈ ગઈ છે. નવ વર્ષમાં આ વૃધ્ધિ 76 ટકા રહી છે.
- કેન્દ્રીય બજેટ 2022-23માં સશસ્ત્ર દળોનાં આધુનિકીકરણ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ સંબંધિત મૂડી ફાળવણી 1.52 લાખ કરોડ રૂપિયા કરવામાં આવી, જે અગાઉનાં વર્ષ કરતાં 12.82 ટકા વધુ
- આ નાણાંકીય વર્ષમાં સંરક્ષણ ખરીદીનાં બજેટનો 68 ટકા હિસ્સો સ્થાનિક ઉદ્યોગ માટે ફાળવવામાં આવ્યો છે, જે વીતેલા વર્ષમાં 58 ટકા હતો.
- દરિયાઇ સલામતીની મજૂબૂતી માટે ભારતીય નૌસેનાના મૂડી બજેટમાં 44.31 % નો વધારો.
- રિસર્ચ અને ડેવલપમેન્ટ ક્ષેત્રને ઉદ્યોગ, સ્ટાર્ટઅપ અને શિક્ષણ જગત માટે ખોલવાની તૈયારી, તેમનાં માટે સંરક્ષણ રિસર્ચ અને વિકાસ બજેટનો 25 ટકા હિસ્સો.
- મોટાં પાયે પરીક્ષણ અને સર્ટિફિકેશન જરૂરિયાતોને પૂરી કરવા માટે એક સ્વતંત્ર નોડલ અમ્બ્રેલા બોડીની સ્થાપના.

આપવા ખાનગી ક્ષેત્રનાં સહયોગ પર સરકારે ભાર મૂકયો છે. પરાળી અને અન્ય કૃષિ કચરાના વ્યવસ્થાપનમાં પણ ખાનગી ક્ષેત્રની ભાગીદારી મુખ્ય છે. સરકાર પોતાનાં સ્તરે પગલાં લઈ રહી છે, પણ ખાનગી ક્ષેત્રએ પણ તેમાં પોતાનું યોગદાન આપવું પડશે. આ ઉપરાંત, આ બજેટ વેબિનાર દ્વારા હિતધારકો સાથેના સંવાદમાં વડાપ્રધાને જણાવ્યું કે, ભારતમાં ફુડ પ્રોસેસિંગ અને ઈથેનોલમાં રોકાણની વ્યાપક સંભાવના છે. સરકાર ઈથેનોલનાં 20 ટકા મિશ્રણનાં લક્ષ્ય સાથે આગળ વધી રહી છે. 2014 પહેલાં માત્ર 1-2 ટકા જ ઈથેનોલનું જ મિશ્રણ થતું હતું, પણ હવે તે વધીને 8 ટકાની આસપાસ થઈ ગયું છે. ઈથેનોલ મિશ્રણને વધારવા માટે સરકાર અનેક પ્રોત્સાહનો આપી રહી છે, જેથી આ ક્ષેત્રમાં પણ વેપારીઓ આગળ આવે. કૃષિ ક્ષેત્રમાં શોધની સાથે સાથે સ્ટાર્ટઅપ અને ખેડૂત ઉત્પાદન સંઘોને પણ આર્થિક મદદ આપીને પ્રોત્સાહન આપવામાં ખાનગી ક્ષેત્રનાં મહત્વ અંગે વડાપ્રધાને ઉલ્લેખ કર્યો. કૃષિને નેકસ્ટ જનરેશન તરફ લઈ જવા અને પરંપરાગત પધ્ધતિઓમાંથી બહાર લાવવા માટે ખેડૂતોને મદદ કરવામાં તેમણે ખાનગી ક્ષેત્રને વિનંતી કરી હતી.

**રાષ્ટ્રના ઈરાદાનો આધાર આત્મનિર્ભર સંરક્ષણ ક્ષેત્ર**

દેશ આઝાદ થયો ત્યારે ભારતની સંરક્ષણ ઉત્પાદન ક્ષમતા મજબૂત હતી. પણ સમયની સાથે આ તાકાત નબળી પડતી ગઈ. સંરક્ષણ ઉપકરણો માટે ભારતને આયાત પર આધાર રાખવો પડતો હતો. પણ હવે ભારતે પોતાની જૂની ક્ષમતા પાછી લાવવા અને આધુનિકતા સાથે તાદામ્ય સાધીને સંરક્ષણ ક્ષેત્રમાં દેશને આત્મનિર્ભર બનાવવાની નિર્ણાયક ઝૂંબેશ શરૂ કરી છે. આ વર્ષનાં સામાન્ય બજેટમાં પણ તેનાં પર પ્રતિબધ્ધતા વ્યક્ત કરવામાં આવી. કેન્દ્ર સરકારે આ વર્ષનાં સામાન્ય બજેટમાં સંરક્ષણ ક્ષેત્ર માટે દેશની અંદર જ રિસર્ચ, ડિઝાઇન અને વિકાસથી માંડીને ઉત્પાદન સુધીની બ્લુપ્રિન્ટ રજૂ કરી છે. સંરક્ષણ ક્ષેત્રમાં 68 ટકા બજેટ માત્ર સ્થાનિક સંરક્ષણ ઉદ્યોગ માટે રાખવામાં આવ્યું છે. સંરક્ષણ મંત્રાલય અત્યાર સુધી 309 ઉપકરણોની યાદી જારી કરી ચૂક્યું છે, જેની ખરીદી સ્વદેશી ઉત્પાદકો પાસેથી જ કરવામાં આવશે. તેની ત્રીજી યાદી પણ ટૂંક સમયમાં જ બહાર પાડશે. આ યાદી બાદ 54,000 કરોડ રૂપિયાના સ્વદેશી ઉપકરણોની ખરીદીની સમજૂતિ થઈ ચૂકી છે અને 4,500 કરોડ રૂપિયાથી વધુનાં ઉપકરણો માટે ઉદ્યોગો સાથે થયેલી સમજૂતિઓ અલગ અલગ તબક્કામાં છે. સંરક્ષણ ક્ષેત્રમાં ભારતની આત્મનિર્ભરતાના મહત્વને સમજતાં મોટાં નિર્ણય લેવામાં આવી રહ્યાં છે. સાઈબર સલામતી પણ લડાઇનું શસ્ત્ર

બની ગયું છે, જેનાં માટે ભારત તૈયાર થઈ રહ્યું છે. વડાપ્રધાને હિતધારકોને કહ્યું કે જ્યારે સંપૂર્ણ નિષ્ઠા સાથે સંકલ્પ લઈને દેશ આગળ વધે છે ત્યારે તેનું પરિણામ શું આવે છે તેનું ઉત્તમ ઉદાહરણ આયુષ ફેક્ટરીઓ છે, જે ઝડપથી વિસ્તરણ કરી રહી છે. વીતેલાં છ વર્ષમાં ભારતે સંરક્ષણ ઉપકરણોની નિકાસમાં છ ગણી વૃદ્ધિ કરી છે, તો 75થી વધુ દેશોમાં ભારતમાં નિર્મિત ઉપકરણોની નિકાસ કરવામાં આવી રહી છે. છેલ્લાં સાત વર્ષમાં સંરક્ષણ ઉત્પાદન માટે 350થી વધુ લાઈસન્સ મંજૂર કરીને આ ક્ષેત્રને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. ખાનગી ક્ષેત્ર પણ ડીઆરડીઓ અને જાહેર સંરક્ષણ એકમોની સમકક્ષ બની શકે તે માટે સંરક્ષણ ક્ષેત્રમાં રિસર્ચ માટે ફાળવેલા બજેટનો 25 ટકા હિસ્સો સ્ટાર્ટ અપ માટે ફાળવવામાં આવ્યો છે. ડિફેન્સ કોરિડોર, વિશેષ નીતિવિષયક સુધારા દેશનાં સંરક્ષણ ક્ષેત્રને મજબૂતી પ્રદાન કરશે. વડાપ્રધાને ખાનગી ક્ષેત્રને આહવાન કર્યું કે સંરક્ષણ ક્ષેત્ર માટે કામ કરતી વખતે નફાને બદલે દેશને શક્તિશાળી બનાવવાનો અભિગમ રાખે.

## આરોગ્ય ક્ષેત્રમાં હવે સમાવેશી અભિગમ

ભારતનું આરોગ્યતંત્ર કેટલું મજબૂત છે તે વિશ્વએ કોવિડનાં સમયમાં નજીકથી અનુભવ્યું છે. ભારતે આ મહામારીની અસરને ઘટાડી, તો વસુધૈવ કુટુમ્બકમની ભાવના સાથે વિશ્વનાં અન્ય દેશોને પણ મદદ કરી. તે પછી રસીકરણ અભિયાનમાં ભારતે પોતાની ક્ષમતા સાબિત કરી. કેન્દ્ર સરકારની યોજના ભારતમાં એવું હેલ્થ ઇન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવાની છે, જે માત્ર મોટાં શહેરો પૂરતું મર્યાદિત ન હોય. આ માટે આરોગ્ય માટે પ્રથમ વાર સર્વગ્રાહી અભિગમ અપનાવવામાં આવ્યો છે. એક બાજુ, બિમારીની સારવાર પર ભાર મૂકવામાં આવી રહ્યો છે ત્યારે બીજી બાજુ રોગોથી બચાવને પણ એટલું જ મહત્વ આપવામાં આવી રહ્યું છે. આ માટે સ્વચ્છ ભારત અભિયાન, ફિટ ઇન્ડિયા મિશન, પોષણ અભિયાન, મિશન ઇન્દ્રધનૂષ, આયુષ્યમાન ભારત, જલ જીવન મિશન જેવી પહેલને બધાંની મદદથી મહત્તમ લોકો સુધી પહોંચાડવા પર કામ ચાલી રહ્યું છે.

કેન્દ્ર સરકાર આરોગ્ય ક્ષેત્રમાં સમગ્રતા સાથે બધાંને સાથે લઈને ચાલવાની વાત કરી રહી છે અને તેનાં માટે ત્રણ પાસા પર કામ ચાલી રહ્યું છે- આધુનિક મેડિકલ સાયન્સ સાથે જોડાયેલા ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને માનવ સંસાધનનું વિસ્તરણ, બીજું, આયુષ જેવી પરંપરાગત મેડિકલ સિસ્ટમમાં રિસર્ચને પ્રોત્સાહન સાથે આરોગ્ય સારવારમાં જોડવી અને ત્રીજું, આધુનિક અને ભવિષ્યની ટેકનોલોજીનાં માધ્યમથી દેશની દરેક વ્યક્તિ સુધી સહજ અને સુલભ આરોગ્યસેવાને પહોંચાડી. આ માટે સામાન્ય બજેટમાં ઘણો મોટો વધારો કરવામાં આવ્યો છે. વન ઇન્ડિયા-વન હેલ્થને મિશન માનીને જિલ્લા, બ્લોક અને ગામ સ્તર સુધી ગંભીર બિમારીઓની સારવાર સુધીનું ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરીને સુવિધા સ્થાપવામાં આવી રહી છે, જેને જાળવી રાખવા માટે ખાનગી અને અન્ય સેક્ટર્સને જોડવાની પહેલ કરવામાં આવી રહી છે.

સારા ઇન્ફ્રાસ્ટ્રક્ચરને કારણે સુવિધા વધે છે એટલું જ નહીં,

## વન ઇન્ડિયા વન હેલ્થ

**86, 200**

**કરોડ રૂપિયા ફાળવવામા આવ્યા છે, આ નાણાકીય વર્ષમાં આરોગ્ય બજેટ માટે, જે ગયા બજેટ કરતાં 16% વધુ છે.**

### બજેટ

**આયુષ મંત્રાલય માટે 3050 કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે, જે ગયા બજેટ કરતાં 2.69 ટકા વધુ છે.**

- આયુષ્યમાન ભારત ડિજિટલ મિશન અંતર્ગત નેશનલ ડિજિટલ હેલ્થ ઇકોસિસ્ટમ ઓપન પ્લેટફોર્મ શરૂ થશે.
- ક્વોલિટી કાઉન્સેલિંગ માટે નેશનલ ટેલિ મેન્ટલ હેલ્થ પ્રોગ્રામથી તણાવ દૂર થશે.
- મિશન શક્તિ, મિશન વાત્સલ્ય, સક્ષમ આંગણવાડી અને પોષણ 2.0 શરૂ કરવામાં આવશે.
- બે લાખ આંગણવાડીઓને સક્ષમ આંગણવાડીમાં અપગ્રેડ કરવામાં આવશે.





# ગતિશક્તિ

## રૂ. 107 લાખ કરોડથી બદલાશે દેશનાં ઇન્ફ્રાસ્ટ્રક્ચરની સ્થિતિ

**25, 000**

**કિ.મી નેશનલ હાઇવેનું કામ પૂરું થશે નાણાકીય વર્ષ 2022-23માં**

**400**

**નવી પેઢીની વંદે ભારત ટ્રેનથી મળશે નવી ઝડપ**

**ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ માટે ક્ષમતા નિર્માણ, પીપીપી મોડ પર બે સ્થળો પર મલ્ટી-મોડલ લોજિસ્ટિક્સ પાર્ક બનાવવાનો કોન્ટ્રાક્ટ અપાશે.**

- વૈશ્વિક સ્તરીય આધુનિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર માટે નેશનલ માસ્ટર પ્લાન પીએમ ગતિશક્તિને પ્રોત્સાહન આપવા સાત એન્જિન- રોડ, રેલ, એર, એરપોર્ટ, ફ્રેઇટ ટ્રાન્સપોર્ટ, જળમાર્ગ અને લોજિસ્ટિક્સ- મલ્ટી મોડલ નેટવર્ક વિકસાવવામાં મદદરૂપ બનશે.
- યુનિફાઇડ લોજિસ્ટિક્સ ઇન્ટરફેસ પ્લેટફોર્મ (ULIP)ની સ્થાપના અને ઓપન-સોર્સ મોબિલિટી સ્ટેકની સુવિધા.
- પોસ્ટ અને રેલ નેટવર્કનું એકીકરણ થશે, વન સ્ટેશન-વન પ્રોડક્ટથી સ્થાનિક ઉદ્યોગને પ્રોત્સાહન મળશે.
- મલ્ટી મોડેલ લોજિસ્ટિક્સ સુવિધાઓ માટે 100 કાર્ગો ટર્મિનલ સ્થપાશે.
- વિશ્વસ્તરીય ભારતીય ટેકનોલોજી અને ક્ષમતા વૃધ્ધિ કવચ અંતર્ગત રેલ માર્ગ નેટવર્કમાં 2000 કિલોમીટર જોડવામાં આવશે.
- શહેરી પરિવહન અને રેલવે સ્ટેશનો વચ્ચે મલ્ટી મોડેલ કનેક્ટિવિટી મળશે.
- નેશનલ રોપવેઝ ડેવલપમેન્ટ પ્લાનમાં 60 કિલોમીટર લાંબા રોપવે પ્રોજેક્ટ માટે કોન્ટ્રાક્ટ આપવામાં આવશે.

પણ આરોગ્ય સેવાની માંગને પણ પ્રોત્સાહન મળે છે, જે રોજગાર વધારવા માટેનું મોટું માધ્યમ પણ છે. કુશળ આરોગ્યકર્મીઓ તૈયાર કરવા માટે બજેટમાં આરોગ્ય શિક્ષણ અને માનવ સંસાધન માટેના ભંડોળમાં વધારો કરવામાં આવ્યો છે. સરકારે દવાઓ માટે રો મટિરિયલ અને ઉપકરણો માટે પણ પીએલઆઇ સ્કીમ શરૂ કરી છે. આરોગ્ય ક્ષેત્રને મજબૂતીથી આગળ વધારવા માટે ટેકનોલોજીનો વધુ સારો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. કોવિડ વેક્સિનેશન માટે બનાવવામાં આવેલા કો-વિન પ્લેટફોર્મ જેવી ડિજિટલ ટેકનોલોજીને આખી દુનિયા પ્રશંસા કરી રહી છે. હવે આયુષ્યમાન ભારત ડિજિટલ મિશન નામનું ઓપન પ્લેટફોર્મ બનાવવાની યોજના છે. કોરોના કાળમાં રિમોટ હેલ્થકેર, ટેલીમેડિસિન, ટેલી કન્સલ્ટેશન દ્વારા લગભગ અઢી કરોડ દર્દીઓને સારવાર આપવામાં આવી.

આરોગ્ય ક્ષેત્રના હિતધારકો સાથેના સંવાદમાં વડાપ્રધાને અત્યંત મહત્વપૂર્ણ અપીલ કરી. તેમણે કહ્યું, ભારતના બાળકો મેડિકલ શિક્ષણ માટે વિશ્વનાં નાના-નાના દેશોમાં જાય છે, જ્યાં ભાષાની સમસ્યા હોય છે અને દેશનાં અબજો રૂપિયા બહાર જાય છે. આ માટે ખાનગી ક્ષેત્રએ મોટી સંખ્યામાં આગળ આવવું જોઇએ અને રાજ્ય સરકારોએ પણ આ કામ માટે જમીન આપવામાં સારી નીતિઓ ઘડવી જોઇએ જેથી વધુ સંખ્યામાં ડોક્ટર્સ અને પેરામેડિક્સ દેશમાં જ તૈયાર થઈ શકે.

### ગતિશક્તિઃ 21મી સદીનું નવું ભારત

સામાન્ય રીતે એક પરંપરા બની ગઈ હતી કે જેટલી જરૂર હોય એટલાં જ ઇન્ફ્રાસ્ટ્રક્ચરનું નિર્માણ કરવું. એટલે કે ટૂકડે ટૂકડે જરૂર પ્રમાણે કામ કરવાનું. કેન્દ્ર-રાજ્ય સરકારો, સ્થાનિક સુધરાઇ એકમો અને ખાનગી ક્ષેત્રમાં તાલમેલના અભાવે દેશને બહુ નુકસાન થયું. જેમ કે રેલવેનું કામ હોય કે રોડનું કામ હોય. આ બંને વચ્ચે તાલમેલનો અભાવ અને ટકરાવ અનેક જગ્યાએ દેખાઈ રહ્યો છે. ક્યાંક રોડ બન્યો હોય તો બીજા દિવસે પાણીની પાઇપ


નાખવા માટે તેને ખોદી નાખ્યો હોય. રોડ ફરીથી બનાવ્યો હોય તો ગટર લાઇન નાખનારા તેને ખોદી નાખે. આવું એટલાં માટે થતું હતું કે વિવિધ વિભાગો પાસે સ્પષ્ટ માહિતીનો અભાવ હતો. આ અવરોધને દૂર કરવાનું કામ 'પીએમ-ગતિ શક્તિ' યોજના કરી રહી છે. આ વર્ષનાં સામાન્ય બજેટમાં 21મી સદીના ભારતના વિકાસની ગતિશક્તિ નિર્ધારિત કરવામાં આવી છે. આને કારણે વિલંબમાં પડતા પ્રોજેક્ટથી ખર્ચ વધવાનું બંધ થઈ જશે. પીએમ ગતિશક્તિ પ્લાનમાં 400થી વધુ ડેટા લેયર ઉપલબ્ધ છે, જેનાંથી વર્તમાન અને સુનિયોજીત ઈન્ફ્રાસ્ટ્રક્ચરની માહિતી મળે છે એટલું જ નહીં પણ તેમાં જંગલ વિસ્તાર, ઉપલબ્ધ ઔદ્યોગિક સંપત્તિ જેવી માહિતીઓ પણ ઉપલબ્ધ છે. વડાપ્રધાને પ્રાઈવેટ સેક્ટરને પણ તેનો શક્ય તેટલો વધુ ઉપયોગ કરવાનું સૂચન કર્યું છે. તેમાં સારા સંકલન માટે સચિવોનું જૂથ પણ રચવામાં આવ્યું છે.

ગતિશક્તિ ઈન્ફ્રા નિર્માણ સાચા અર્થમાં જાહેર-ખાનગી ભાગીદારીને સુનિશ્ચિત કરશે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનતું હોય તો સ્વાભાવિક છે કે વ્યવસ્થા વિક્સે છે. વડાપ્રધાન મોદી કહે છે, “હવે લાગી રહ્યું છે કે જ્યાં જ્યાં ઓપ્ટિકલ ફાઈબર હશે ત્યાં ત્યાં દુનિયા વિક્સિત થતી રહેશે. સમય બદલાઈ રહ્યો છે. એનો અર્થ એ કે ઈન્ફ્રાસ્ટ્રક્ચર આઈસોલેટેડ નથી હોતું. તેને કારણે આસપાસ સમગ્ર નવી ઈકો-સિસ્ટમ વિક્સિત થઈ જાય છે. તેને ધ્યાનમાં રાખતા ગતિશક્તિ માસ્ટરપ્લાનથી આપણને બહુ ફાયદો થશે.”

## ટેકનોલોજીથી વિકાસમાં નવી તેજી

કોઈ પણ સમાજ અને અર્થતંત્રને અસરકારક બનાવવામાં ચાર સ્તંભ મહત્વપૂર્ણ હોય છે. પ્રથમ-વિજ્ઞાન અને ટેકનોલોજી. બીજું, નાગરિક સમાજ, જેનાં માટે આરોગ્ય, શિક્ષણ, કૃષિ, નોકરી, પરિવહન જેવી સુવિધા માટે કામ કરવું. ત્રીજું, ઉદ્યોગ, જે વસ્તુઓનું નિર્માણ કરીને લોકો સુધી પહોંચાડે છે અને ચોથું, સરકાર. વિજ્ઞાન અને ટેકનોલોજીની સાથે ચાલનારા આ ચાર મહત્વપૂર્ણ સ્તંભ છે, જેનાં પર દેશનું અર્થતંત્ર અને વિકાસ નિર્ભર છે. આઝાદી બાદ આ સ્તંભોનો વિકાસ તો થયો, પણ સંગઠિત રીતે તેમનામાં પરસ્પર જે સંપર્ક કે જોડાણ હોવું જોઈએ તે ન થઈ શક્યું. આ તફાવતને પૂરવા અને તમામ ક્ષેત્રો વચ્ચે સેતુ બનાવવાની અભૂતપુર્વ પહેલ થઈ રહી છે. 'સબકા સાથ, સબકા વિકાસ ઔર સબકા વિશ્વાસ' મંત્ર સાથે આ ભરોસાને સેતુ બનાવવાનું બીડું વડાપ્રધાને ઝડપ્યું છે. સાચા અર્થમાં અંત્યોદયના સિધ્ધાંતને સાકાર કરીને અંતિમ વ્યક્તિ સુધી વિકાસનો લાભ પહોંચાડવામાં ટેકનોલોજી વર્તમાન સરકારની નીતિઓનો આધાર બની ચૂકી છે.

વર્તમાન દાયકાને વડાપ્રધાન મોદી હંમેશા 'ટેકેડ' એટલે કે 'ટેકનોલોજીનો દાયકો' કહે છે. એવામાં ટેકનોલોજી સામાન્ય નાગરિકોને સશક્ત કરવા અને ભારતને આત્મનિર્ભર બનાવવા માટેનો મુખ્ય આધાર છે. વિશ્વમાં જે નવી વ્યવસ્થાઓ બની રહી છે તેમાં ભારત માટે પણ બહુ જરૂરી છે કે તે આત્મનિર્ભરતાની સાથે આગળ વધે. સામાન્ય બજેટમાં તેનાં પર ખાસ્સો ભાર મૂકવામાં આવ્યો છે. સનરાઈઝ સેક્ટર્સ જેવા કે એઆઈ, ડ્રોન, સેમી કન્ડક્ટર,



**હું આપ સૌને આગ્રહ કરું છું કે આ દેશ ભક્તિનું કામ છે. આ દેશ સેવાનું કામ છે. આવો, નફો ક્યારે થશે, કેટલો થશે, એ પછી વિચારીશું. પહેલાં તો દેશને આપણે શક્તિશાળી કઈ રીતે બનાવીએ તેનાં પર વિચારો. હું તમને આમંત્રણ આપું છું અને મને ખુશી છે કે આજે અમારી સેના, સેનાની ત્રણેય પાંખો ભારે ઉમંગ અને ઉત્સાહ સાથે આ કામોને પૂર્ણ કરવા ઈનિશિયેટિવ લઈ રહી છે, પ્રોત્સાહન આપી રહી છે. હવે આ તક આપણી પ્રાઇવેટ પાર્ટીનાં લોકોએ ખોવી ન જોઇએ.**

**-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**

# ટેકનોલોજીથી વિકાસ ઝડપી

- **સારી કનેક્ટિવિટી**
  **સારી કનેક્ટિવિટી અને હાઈ સ્પીડ નેટવર્ક 5G ની 2022-23માં શરૂઆત થશે, જરૂરી સ્પેક્ટ્રમની નિલામી 2022માં કરવામાં આવશે.**
- **ડિજિટલ બેન્કિંગ યુનિટ્સ**
  **દેશમાં શીડ્યુલ્ડ કોમર્શિયલ બેન્કો દ્વારા 75 જિલ્લામાં 75 ડિજિટલ બેન્કિંગ યુનિટ્સથી ડિજિટલ પેમેન્ટને પ્રોત્સાહન મળશે.**

- સ્ટાર્ટઅપ માટે વર્તમાન કરમુક્તિની મર્યાદા વધુ એક વર્ષ વધવાથી સ્ટાર્ટઅપ ઈકો-સિસ્ટમ મજબૂત બનશે.
- સાર્વત્રિક શિક્ષણ અને ડિજિટલ યુનિવર્સિટી તથા ગણિત-વિજ્ઞાન માટે 750 વર્ચ્યુઅલ લેબની સુવિધાથી વિદ્યાર્થીઓને વિકાસની તક.
- દેશ સ્ટેક ઈ-પોર્ટલની શરૂઆતઃ કૌશલ્ય અને આજીવિકા માટે ડિજિટલ ઈકો સિસ્ટમ મળશે.
- ચાલુ નાણાકીય વર્ષમાં એમ્બેડેડ ચિપ તથા ભવિષ્યની ટેકનોલોજીવાળો ઈ-પાસપોર્ટ જારી થશે, વિદેશ યાત્રા સરળ રહેશે.
- ભારતીય રિઝર્વ બેન્ક બ્લોકચેઈન સહિતની ટેકનોલોજીનો ઉપયોગ કરીને આ વર્ષમાં જ ડિજિટલ રૂપી જારી કરશે, કાગળવાળી નોટ ખિસ્સામાં રાખીને નહીં ફરવું પડે.
- આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, જીયો સ્પેશિયલ સિસ્ટમ અને ડ્રોન, સેમિકન્ડક્ટર અને તેમની ઈકો સિસ્ટમ, સ્પેસ ઈકોનોમી, જીનોમિક્સ અને ફાર્માસ્યુટિકલ્સ, ગ્રીન એનર્જી અને ક્લિન મોબિલિટી સિસ્ટમ્સ જેવા આરએન્ડડી સનરાઈઝ સેક્ટર્સમાં આરએન્ડડીને પ્રોત્સાહન આપશે, નવા ભારતને મજબૂતી મળશે.

સ્પેસ ટેકનોલોજી, 5G આજે દેશની પ્રાથમિકતાઓમાં સામેલ છે. એટલાં માટે, સરકાર ટેકનોલોજી સક્ષમ વિકાસનાં વિષય સાથે સંકળાયેલાં તમામ હિતધારકો સાથે મળીને કામ કરવાની જરૂરિયાત પર ભાર મૂકી રહી છે.

આરોગ્ય ક્ષેત્ર સંલગ્ન ઉપકરણ હોય કે પછી ગેમિંગ- એનિમેશન સેક્ટર્સને પ્રોત્સાહન આપવાનું હોય કે, સંદેશાવ્યવહાર માધ્યમોને સલામત બનાવવાના હોય કે પછી નાણાકીય સર્વસમાવેશી તંત્રને મજબૂત બનાવવાનું હોય કે સ્ટાર્ટ અપ ઈકોસિસ્ટમને ગતિ આપવાની હોય કે કચરાના નિકાલનો ઉપાય, વિદેશો પર અવલંબન ઘટાડીને દેશમાં જ તેને પ્રોત્સાહન આપવાની પહેલ થઈ રહી છે. ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે 14 સેક્ટર્સમાં આશરે બે લાખ કરોડ રૂપિયાની પીએલઆઈ યોજનાના વિકાસની સાથે સાથે 60 લાખ નવાં રોજગારની તકો પણ ઉપલબ્ધ થશે.

### ભારતની તાકાતઃ "મેક ઈન ઈન્ડિયા ફોર ધ વર્લ્ડ"

એક સમય હતો, જ્યારે ભારતને માત્ર વિશ્વના સૌથી મોટાં બજાર તરીકે જ ઓળખવામાં આવતું હતું, પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં 'મેક ઈન ઈન્ડિયા ફોર ધ વર્લ્ડ'નાં વિઝન પર ચાલીને હવે ભારત વિશ્વના ટોચનાં નિકાસકાર તરીકે ઊભરી રહ્યું છે. એટલાં માટે જ આ વિષય પર હિતધારકો સાથેના સંવાદમાં વડાપ્રધાને ભારતને વિશ્વનું મેન્યુફેક્ચરિંગ પાવરહાઉસ બનાવવાનું આહવાન કર્યું અને કહ્યું કે, એ સ્વીકારી શકાય તેમ નથી કે ભારત જેવો દેશ માત્ર એક બજાર બનીને જ રહી જાય. યુવા અને પ્રતિભાશાળી વસતિના ડેમોગ્રાફિક લાભ, લોકશાહી વ્યવસ્થા, કુદરતી સંસાધનો જેવા સકારાત્મક કારણોનાં જોરે દ્રઢ સંકલ્પ સાથે મેક ઈન ઈન્ડિયા તરફ આગળ વધવા માટે પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે.

ભારતની આ પહેલને પરિણામે આ વર્ષે 400 અબજ ડોલરની ચીજવસ્તુઓની નિકાસનું લક્ષ્ય સમય પહેલાં હાંસલ કરીને વિક્રમ સ્થાપવામાં આવ્યો છે. દેશની જીડીપીમાં મેન્યુફેક્ચરિંગ સેક્ટરની ભાગીદારી 15 ટકા છે. વડાપ્રધાને ભવિષ્ય માટે બે મંત્ર આપ્યા- પ્રથમ, નિકાસને ધ્યાનમાં રાખીને વિચારવું અને બીજું- ભારતની જરૂરિયાતોને પૂરી કરવા માટે વિચારવું. આ માટે તેમણે વિશ્વસ્તરીય ગુણવત્તા ધરાવતી ચીજવસ્તુઓનું ઉત્પાદન કરવા પર ભાર મૂક્યો જેથી વૈશ્વિક હરિફાઈમાં ભારત સૌથી આગળ રહે. માત્ર ચીજવસ્તુઓનાં ઉત્પાદનમાં જ નહીં, સ્વચ્છ ઊર્જા જેવા નવા ક્ષેત્રમાં પણ મેક ઈન ઈન્ડિયાની પહેલ નવી સંભાવના લઈને આવી છે.

વાહનોનું ઉત્પાદન હોય કે પછી પર્યાવરણલક્ષી મશીન, ભારત

ઈનોવેશન સાથે લીડરશીપ ભૂમિકા ભજવવાની દિશામાં પગલાં ભરી રહ્યું છે. આ સંવાદમાં વડાપ્રધાનનું ફોકસ એ બાબત પર રહ્યું કે દેશમાં જેટલાં પણ ભાવિ નિર્માતા છે તેમણે એવો અભિગમ અપનાવવો જોઈએ કે દેશની જરૂરિયાતો દેશમાં નિર્મિત ચીજવસ્તુઓથી જ પૂરી થાય. તેમણે ખાનગી ક્ષેત્રનાં લોકોને વોકલ ફોર લોકલમાં અગ્રણી ભૂમિકા નિભાવવાનું આહવાન કર્યું. તેમણે કહ્યું, કે કંપનીઓએ ચીજોનું ઉત્પાદન કરતી વખતે પોતાનાં પર અભિમાન હોવું જોઈએ અને લોકોને પણ ગર્વ લેવા માટે પ્રેરિત કરવા જોઈએ. તેમણે કહ્યું કે, વિશ્વનાં બજારો અંગે અભ્યાસ કરીને વધુને વધુ પ્રોડક્ટ્સ અને પેકેજિંગ માટે પોતાની મિલોને અત્યારથી તૈયાર કરવી જોઈએ. હેલ્થ, માઈનિંગ, કોલ, ડિફેન્સ જેવા સેક્ટર્સ ખુલવાની પણ નવી શક્યતાઓ વધી છે. એટલાં માટે, બજેટમાં એમએસએમઈને મજબૂત કરવા પર પણ ખાસ ધ્યાન આપવામાં આવ્યું છે.

### ઊર્જા ક્ષેત્રઃ વિકાસની સ્થિરતાનાં નવા પરિમાણ

રાષ્ટ્રની પ્રગતિમાં ઊર્જા ક્ષેત્રની મોટી ભૂમિકા છે, કારણ કે તેમાં જીવન અને વેપારમાં સરળતા (ઇઝ ઓફ લિવિંગ અને ઇઝ ઓફ ડુઈંગ બિઝનેસ) બંને સંકળાયેલા છે. એવામાં કેન્દ્ર સરકારે ઊર્જા ક્ષેત્રમાં પહોંચ (Reach), મજબૂતીકરણ (Reinforce), સુધારા(Reforms) અને અક્ષય ઊર્જા (Renewable Energy) ને મૂળ મંત્ર બનાવ્યો છે. સતત વિકાસ માટે ઊર્જા ભારતની પ્રાચીન પરંપરાઓથી પ્રેરિત છે, તો ભવિષ્યની જરૂરિયાતો-મહત્વાકાંક્ષાઓ પૂરી કરવાનો માર્ગ પણ છે. એટલાં માટે, ભારતે ગ્લાસગોમાં વિશ્વ સમક્ષ 2027 સુધી નેટ ઝીરોનું લક્ષ્ય મૂક્યું અને લાઈફ એટલે કે પર્યાવરણ અનુકુળ જીવનશૈલીનો સંદેશો પણ આપ્યો. સાથે સાથે, બિનઅશ્મિભૂત ઇંધણની ક્ષમતાનો પણ નવો લક્ષ્ય મૂકયો. આ વખતનાં બજેટમાં એ નિર્ધારિત કરવામાં આવ્યું કે, આ સંદેશની નીતિ વિષયક સ્તર પર કઈ રીતે આગળ વધારવો છે. સૌર ઊર્જા માટે બજેટની જોગવાઈઓથી સૌર ઊર્જાવાળી ચીજો બનાવવાથી ભારતને ગ્લોબલ હબ બનવામાં મદદ મળશે. નેશનલ હાઈડ્રોજન મિશન દ્વારા ભારતને ગ્રીન હાઈડ્રોજન હબ બનાવવામાં ખાનગી ક્ષેત્ર દ્વારા ઈનોવેશનને પ્રોત્સાહન આપવા અને રાષ્ટ્રની ક્ષમતાનાં ઉપયોગની જરૂરિયાત પર આ સંવાદમાં ભાર મૂકવામાં આવ્યો. ભારતે છેલ્લાં કેટલાંક વર્ષોમાં આ કરીને બતાવ્યું છે કે કઈ રીતે નવા પ્રયોગથી જીવન અને પર્યાવરણ બંનેને લાભ પહોંચાડી શકાય તેમ છે. 2014માં નવી સરકાર આવી ત્યારે એલઈડી બલ્બનો ભાવ રૂ. 300-400 હતો, પણ સરકારે ઉત્પાદન વધાર્યું અને તેનો ભાવ ઘટીને રૂ. 70-80 થઈ ગયો છે. દેશમાં ઉજાલા યોજના અંતર્ગત 37 કરોડ એલઈડી બલ્બ વહેંચવામાં આવ્યા. તેનું પરિણામ એ આવ્યું કે વીજળીની બચત થવાની સાથે સાથે ગરીબ-મધ્યમ વર્ગને વીજળીનાં બિલમાં વર્ષે 20,000 કરોડ રૂપિયાની બચત થઈ. કાર્બન ઉત્સર્જનમાં ચાર કરોડ ટનનો ઘટાડો થયો. કોલ ગેસિફિકેશન માટે બજેટમાં ચાર પાયલટ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યા છે, જેમાં આ ક્ષેત્રનાં



## ઊર્જા ક્ષેત્ર
### વિકાસની સાતત્યતમાં નવા પરિમાણ

**2070**

**સુધી શૂન્ય ઉત્સર્જનનાં લક્ષ્યને પૂર્ણ કરવા વડાપ્રધાને ગ્લાસગોમાં સંકલ્પ લીધો**

#### મહત્વાકાંક્ષી લક્ષ્ય

**2030 સુધી 280 ગિગાવોટ સ્થાપિત સૌર ક્ષમતાના મહત્વાકાંક્ષી લક્ષ્યને હાંસલ કરવા માટે જરૂરી ઘરેલુ ઉત્પાદન પણ સુનિશ્ચિત થશે.**

- ઉચ્ચ કાર્યક્ષમતા ધરાવતા સોલર મોડ્યુલ્સનાં ઉત્પાદનને પ્રોત્સાહન આપવા 19,500 કરોડ રૂપિયાની વધારાની ફાળવણી, ટૂંક સમયમાં લક્ષ્ય હાંસલ થશે.
- થર્મલ પ્લાન્ટ્સમાં 5થી 7 ટકા બાયોમાસ પેલેટ્સ કો-ફાયર્ડ કરવામાં આવશે, જેનાંથી વર્ષે 38 MMT કાર્બન ડાયોક્સાઇડની બચત થશે.
- સૌર ઊર્જાનાં ઉત્પાદનથી ખેડૂતોને વધારાની આવક મળશે અને સ્થાનિક લોકોને રોજગારીની તક મળશે.
- કોલ ગેસિફિકેશન અને ઉદ્યોગ માટે કોલસાને રસાયણમાં પરિવર્તિત કરવા ચાર પાયલટ પ્રોજેક્ટ્સની સ્થાપના થશે.
- એગ્રો-ફોરેસ્ટ્રી અપનાવનાર અનુસૂચિત જાતિ અને જનજાતિ સંબંધિત ખેડૂતોને નાણાકીય સહાયતા, જેથી રોજગાર પણ વધે અને પર્યાવરણને પણ લાભ થાય.
- ગ્રીન ઈન્ફ્રાસ્ટ્રાક્ચરના સંસાધન એકત્ર કરવા સોવરીન ગ્રીન બોન્ડ જારી કરવામાં આવશે, જેથી ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં પૈસાની અછત અવરોધ ન બને.



# મેક ઇન ઇન્ડિયા ફોર ધ વર્લ્ડ

- મેન્યુફેક્ચરિંગ ભારતની જીડીપીમાં 15 ટકા હિસ્સો ધરાવે છે, પણ મેક ઈન ઈન્ડિયામાં અપાર સંભાવનાઓ છે. સરકારે એમએસએમઇ માટે 6,000 કરોડ રૂપિયાનાં કાર્યક્રમની જાહેરાત કરેલી છે, જેનાંથી આત્મનિર્ભર ભારતને મજબૂતી મળશે.
- મોટાં ઉદ્યોગો, એમએસએમઇ અને ખેડૂતો માટે નવા રેલવે લોજિસ્ટીક્સ વિક્સાવવા પર ફોકસ. આનાથી ઉત્પાદનને ઝડપથી પહોંચાડવામાં અને વેચવામાં સરળતા.

લોકોને જોડાવા માટેનું આહવાન વડાપ્રધાને કર્યું. ઊર્જાની માંગ સતત વધી રહી છે, ત્યારે ભારતનાં 24-25 કરોડ ઘરોમાં રસોઇ બનાવવા સ્વચ્છ ઇંધણની યોજનાને કઈ રીતે આગળ વધારવી એ દિશામાં ઝડપથી કામ થઈ રહ્યું છે.

### નાણાકીય સંસાધનો વિકાસ આડે ન આવે

સદીની સૌથી મોટી મહામારી બાદ ભારતીય અર્થતંત્ર ફરી એક વાર ગતિ પકડી રહ્યું છે અને તે દેશનાં આર્થિક નિર્ણયો અને અર્થતંત્રનાં મજબૂત પાયાને દર્શાવે છે. આ બાબતને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકારે આ બજેટમાં તીવ્ર આર્થિક વિકાસ ચાલુ રાખવા માટે અનેક પગલાં ભર્યા છે. આમાં વિદેશી રોકાણ પ્રવાહને પ્રોત્સાહન આપવું, ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટમેન્ટ પર ટેક્સ ઘટાડવો, એનઆઈઆઈએફ, ગિફ્ટ સિટી, નવા ડીએફઆઇ જેવી સંસ્થાઓનાં નિર્માણનો સમાવેશ થાય છે. તેનાં દ્વારા નાણાકીય અને આર્થિક પ્રગતિને નવી દિશા આપવાનાં પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. નાણાકીય ક્ષેત્રમાં ડિજિટલ ટેકનોલોજીના વ્યાપક ઉપયોગ માટે દેશની પ્રતિબધ્ધતા હવે આગામી સ્તર પર પહોંચી રહી છે. 75 જિલ્લામાં 75 ડિજિટલ બેન્કિંગ એકમો હોય કે સેન્ટ્રલ બેન્ક ડિજિટલ કરન્સી (CBDC), તે નવા ભારતનાં દ્રષ્ટિકોણને દર્શાવે છે. આત્મનિર્ભર ભારત અભિયાન હોય કે પછી પીએમ-ગતિ શક્તિ નેશનલ માસ્ટર પ્લાન, અન્ય દેશો પર પરનું અવલંબન ઘટાડવાની પધ્ધતિઓ પર દેશ કામ કરી રહ્યો છે. વિકાસને સંતુલિત અને સમાવેશી બનાવવા માટે આકાંક્ષી જિલ્લા કાર્યક્રમ હોય કે પછી પૂર્વ ભારત અને પૂર્વોત્તરમાં વિકાસ યોજનાઓને પ્રાથમિકતા આપવાની હોય, ભારતે નવી શરૂઆત કરી દીધી છે. હિતધારકો સાથેના સંવાદમાં વડાપ્રધાને ભારપૂર્વક કહ્યું કે, જ્યાં સુધી દેશ ફિનટેક, એગ્રીટેક, મેડિટેક અને કૌશલ્ય વિકાસ જેવા ક્ષેત્રોમાં આગળ ન વધે ત્યાં સુધી ઔદ્યોગિક ક્રાંતિ 4.0 શક્ય નથી. તેમણે આશા વ્યક્ત કરી હતી કે આવા ક્ષેત્રોમાં નાણાકીય સંસ્થાઓની મદદથી ભારત તેમાં નવી ઊંચાઈઓ પર પહોંચશે. વડાપ્રધાને એવા સેક્ટર્સને શોધવાનાં દ્રષ્ટિકોણ અંગે વાત કરી જેમાં ભારત ટોચનાં ત્રણ દેશોમાં સામેલ થઈ શકે છે. તેમણે ધિરાણમાં નવીનતા અને નવા ભાવિ વિચારો અને પહેલનાં લાંબા ગાળાનાં રિસ્ક મેનેજમેન્ટનાં મહત્વ પર ભાર મૂક્યો હતો. તેમનું કહેવું હતું કે, જો કોઇ નવું કામ કરવા માંગે અથવા કરે તો નાણા સંસ્થાઓએ પણ તેને મદદ કરવી જોઇએ. એટલું જ નહીં, ભારતનો અભિગમ એવાં ડઝનબંધ સેક્ટર્સની ઓળખ કરીને વિશ્વમાં ટોચનું સ્થાન હાંસલ કરવાનો છે, જેમાં ખાનગી ક્ષેત્રની ભાગીદારી મુખ્ય હોય.

કેન્દ્ર સરકાર ભારતની અસીમ યુવા ક્ષમતા દ્વારા સ્વર્ણિમ વર્ષના સંકલ્પો સાથે દર વર્ષે સાતત્યપૂર્ણ રીતે આગળ વધી રહી છે, ત્યારે બજેટમાં વેબિનાર તરીકે તમામ હિતધારકો સાથે સંવાદની પરંપરા ખાનગી ક્ષેત્રને ભરોસો આપનારું પગલું સાબિત થયું છે, ત્યારે બીજી બાજુ સરકારી યોજનાઓનાં પણ વાસ્તવિક અમલમાં મદદ મળી રહી છે, જે નવા ભારતનાં નવ નિર્માણ માટે ક્રાંતિકારી પગલું બનીને ઊભરી રહ્યું છે. ●



## ભારત-જાપાન 14મું વાર્ષિક શિખર સંમેલન

# પ્રગતિમાં સમકક્ષ

**જાપાન સાથે ભારતનું વિશેષ મહત્વ રહ્યું છે. ભગવાન બુધ્ધથી લઈને નેતાજી સુભાષચંદ્ર બોઝ, મેરા જુતા હૈ જાપાનીથી લઈને આધુનિક યુગની મેટ્રો રેલ, કાર અને ટેલિવિઝન સેટથી માંડીને આવનારી બુલેટ ટ્રેન. આ દરેક બાબત સાથે જાપાન સંકળાયેલું છે. 2014 બાદ બંને દેશો વચ્ચે સંબંધો નવી ઊંચાઈ પર પહોંચ્યા છે. અમદાવાદ-મુંબઈ હાઈ સ્પીડ રેલ નેટવર્ક સ્થપાઈ રહ્યું છે તો ક્વાડ સમૂહમાં પણ બંને દેશો સંકળાયેલા છે. હોદ્દો સંભાળતા જ પોતાની પ્રથમ ભારત મુલાકાતમાં જાપાની વડાપ્રધાન ફુમિયો કિશિદા બંને દેશો વચ્ચે 14મા વાર્ષિક શિખર સંમેલનમાં ભાગ લેવા દિલ્હી આવ્યા હતા, તો સંબંધોની ઉષ્મા ફરી એક વાર જોવા મળી....**

જાપાન સાથે ભારતના સંબંધો નવી ઊંચાઈ પર છે. તેનું ઉદાહરણ એ છે કે 2014માં વડાપ્રધાનપદ સંભાળ્યા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉપખંડની બહાર પ્રથમ વિદેશ યાત્રામાં જાપાન જ ગયા હતા. બંને દેશો વચ્ચે દર વર્ષે શિખર સંમેલનનું આયોજન કરવામાં આવે છે. 19 માર્ચનાં રોજ 14મા શિખર સંમેલનમાં ભાગ લેવા જાપાનના વડાપ્રધાન ફુમિયો કિશિદા દિલ્હી પહોંચ્યા હતા. શિખર સંમેલમાં તમામ દ્વિપક્ષીય મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી, જે કોવિડ-19 અને બંને દેશો વચ્ચેના સ્થાનિક મુદ્દાઓને કારણે સાડા ચાર વર્ષ મોડી યોજાઈ હતી. હૈદરાબાદ હાઉસમાં પીએમ કિશિદાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી. વિદેશ સચિવ હર્ષવર્ધન શ્રૃંગલાનાં જણાવ્યા પ્રમાણે વડાપ્રધાન મોદી અને જાપાનીઝ પીએમ વચ્ચે રશિયા-યુક્રેન વચ્ચે ચાલી રહેલાં સંઘર્ષ અને માનવીય સંકટ પર ચર્ચા થઈ. બંનેએ તેનાં શાંતિપૂર્વક ઉકેલ પર ભાર મૂક્યો. બંને દેશોએ આર્થિક, વેપાર અને ઊર્જા ક્ષેત્ર સહિતનાં દ્વિપક્ષીય સંબંધોને મજબૂત કરવા મુદ્દે સાર્થક વાત કરી. બંને દેશો વચ્ચે છ સમજૂતિ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા. જાપાને 2014માં કરવામાં આવેલી રોકાણ પ્રોત્સાહન ભાગીદારી અંતર્ગત ભારતમાં 3.2 લાખ કરોડ રૂપિયાનાં રોકાણનાં લક્ષ્યની જાહેરાત કરી.

વડાપ્રધાનનું સંપૂર્ણ સંબોધન સાંભળવા માટે QR કોડ સ્કેન કરો.



"આજના સમયમાં સમગ્ર વિશ્વ ગંભીર સંકટમાંથી પસાર થઇ રહ્યું છે ત્યારે ભારત અને જાપાન વચ્ચે ગાઢ ભાગીદારી હોવી ખૂબ જરૂરી છે. શિખર સંમેલનમાં અમે અમારા વિચાર વ્યક્ત કર્યા, સાથે સાથે યુક્રેન પર રશિયાએ કરેલા હૂમલા અંગે પણ વાત કરી. અમે આંતરરાષ્ટ્રીય કાયદાને આધારે શાંતિપૂર્ણ સમાધાનની જરૂર હોવાની વાત કરી. બંને દેશોએ મુક્ત હિન્દ-પ્રશાંત વિસ્તાર માટે પ્રયત્નો વધારવા જોઇએ. જાપાન માટે ભારત ખૂબ મહત્વનો ભાગીદાર છે. હું ટોક્યોમાં ક્વાડ શિખર સંમેલનની બેઠક માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આમંત્રણ આપું છું."

"પ્રગતિ, સમૃધ્ધિ અને ભાગીદારી ભારત-જાપાન સંબંધોનો આધાર છે. અમે 2014માં નિર્ધારિત 3.5 ટ્રિલિયન જાપાની યેનનાં રોકાણનો લક્ષ્ય હાંસલ કર્યો છે. આગામી પાંચ વર્ષોમાં પાંચ ટ્રિલિયન જાપાની યેન એટલે કે રૂ. 3.20 લાખ કરોડનો નવો લક્ષ્ય નક્કી કરવામાં આવ્યો છે. ભારતે છેલ્લાં કેટલાંક વર્ષોમાં વ્યાપક આર્થિક સુધારા કર્યા છે. ભારત 'મેક ઇન ઇન્ડિયા, મેક ફોર ધ વર્લ્ડ' માટે અસીમ સંભાવનાઓ પ્રસ્તુત કરે છે. અમે જાપાની કંપનીઓને ભારતમાં અનુકુળ માહોલ આપવા માટે પ્રતિબધ્ધ છીએ."

ભારત-ઓસ્ટ્રેલિયાઃ બીજું વર્ચ્યુઅલ શિખર સંમેલન

## મુક્ત અને સ્વતંત્ર હિંદ-પ્રશાંત અમારી પ્રતિબધ્ધતાઃ પીએમ મોદી



ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે લાંબા સમયથી એક બીજા સાથે સૌહાદપૂર્વકનાં સંબંધ રહ્યાં છે. સમયની સાથે સાથે બંને દેશો વચ્ચે પ્રગતિ થઈ રહી છે. દ્વિપક્ષીય વેપાર, વ્યૂહાત્મક પ્રયાસ. સ્ટુડન્ટ એક્સચેન્જ કાર્યક્રમ અને સાતત્યપૂર્ણ વિકાસ માટે સમાન પ્રતિબધ્ધતાઓએ ભારત અને ઓસ્ટ્રેલિયાના સંબંધોને વધુ ગતિશીલ બનાવ્યા છે. જ્યારે વૈશ્વિક વ્યવસ્થામાં ઝડપથી પરિવર્તન આવી રહ્યું છે ત્યારે આ સમયમાં હિન્દ-પ્રશાંત ક્ષેત્રનું મહત્વ અને ભારત-ઓસ્ટ્રેલિયાની વ્યૂહાત્મક ભાગીદારી મહત્વની બની જાય છે. બંને દેશો વચ્ચે 21 માર્ચનાં રોજ વર્ચ્યુઅલ શિખર સંમેલનમાં જ્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ઓસ્ટ્રેલિયન વડાપ્રધાન સ્કોટ મોરિસન વચ્ચે વાતચીત થઈ ત્યારે આ સંબંધ નવી ઊંચાઈઓ પર પહોંચ્યા..આ બીજા વર્ચ્યુઅલ સંમેલનમાં નરેન્દ્ર મોદી અને સ્કોટ મોરિસન વચ્ચે મહત્વની વાતચીત થઈ. બંને દેશોનાં નેતાઓએ જૂન 2020માં પ્રથમ વર્ચ્યુઅલ શિખર સંમેલન દરમિયાન સ્થાપિત વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારી અંતર્ગત થયેલી પ્રગતિ અંગે સંતોષ વ્યક્ત કર્યો. વડાપ્રધાન મોદીએ પરસ્પરના સંબંધોનાં વધતાં જતાં વ્યાપ અંગે સંતોષ વ્યક્ત કર્યો. ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે વર્ચ્યુઅલી આયોજિત બીજા શિખર સંમેલનને સંબોધિત કરતા વડાપ્રધાન મોદીએ કહ્યું, અમે બંને દેશો વચ્ચે વાર્ષિક શિખર સંમેલન માટે સંસ્થાકીય વ્યવસ્થા સ્થાપિત કરી રહ્યા છીએ. આપણા વ્યાપક આર્થિક સહયોગ સમજૂતિ (CECA) માં બહુ ઓછા સમયમાં નોંધપાત્ર પ્રગતિ થઈ છે. ક્વાડમાં પણ અમારી વચ્ચે સારો સહયોગ છે. અમારો સહયોગ સ્વતંત્ર, ખુલ્લા અને સમાવેશી હિન્દ-પ્રશાંત પ્રત્યે અમારી પ્રતિબધ્ધતાને દર્શાવે છે.

## પીએમ મોદીએ પીએમ કિશિદાને શુધ્ધ ચંદનમાંથી બનેલું 'કૃષ્ણ પંખી' ભેટ આપ્યું

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જાપાનના વડાપ્રધાન ફુમિયો કિશિદાને 'કૃષ્ણ પંખી' ભેટમાં આપ્યું. 'કૃષ્ણ પંખી' શુધ્ધ ચંદનનાં લાકડાંમાંથી બનાવવામાં આવે છે. તેની કિનારીઓ પર કલાત્મક આકૃતિઓનાં માધ્યમથી ભગવાન કૃષ્ણની વિવિધ મુદ્રાઓને દર્શાવવામાં આવી છે.

## ભારત અને જાપાન વચ્ચે મહત્વનાં સંબંધ

2022માં ભારત અને જાપાન વચ્ચે રાજકીય સંબંધોની 70મી વર્ષગાંઠ છે. બદલાતાં વૈશ્વિક સમીકરણો વચ્ચે ભારત અને જાપાન માત્ર આર્થિક જ નહીં, પણ મહત્વનાં વ્યૂહાત્મક ભાગીદાર પણ છે. હિન્દ-પ્રશાંત વિસ્તારમાં સલામતી સુનિશ્ચિત કરવા માટે બંને દેશોએ અમેરિકા અને ઓસ્ટ્રેલિયા સાથે ક્વાડ સંગઠનના સભ્ય છે. શાંતિ, સમૃધ્ધિ અને પ્રગતિનાં પરિપ્રેક્ષ્યમાં આ એક મહત્વપૂર્ણ ભાગીદારી છે. ●

### પીએમ આવાસ યોજના ગ્રામીણ

# સુખનું સરનામું: ગરીબો અને વંચિતોને પોતાનું ઘર મળ્યું




**કડકડતી ઠંડી હોય કે ધોધમાર વરસાદ હોય.. વંચિતો માટે રહેવું મુશ્કેલ હતું. પણ પીએમ આવાસ યોજનાને કારણે ગરીબોને હવે પોતાનું ઘર મળી રહ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આવા વંચિતોની તકલીફ સમજીને જૂન, 2014માં પીએમ આવાસ યોજના ગ્રામીણની શરૂઆત કરી હતી. આ યોજના અંતર્ગત 24 માર્ચ, 2022 સુધી 2.32 કરોડથી વધુ પાકા ઘર બનીને તૈયાર થઈ ચૂક્યા છે. આમાંથી બે કરોડ મકાનોના માલિકી હક મહિલાઓનાં નામ પર કરવામાં આવ્યો છે. પોતાની માલિકીનાં ઘરનું વંચિતોનું સપનું પૂરું કરનાર વડાપ્રધાન મોદીની આ મહત્વાકાંક્ષી યોજના અંતર્ગત 29 માર્ચનાં રોજ મધ્યપ્રદેશનાં પાંચ લાખથી વધુ પરિવારોને ચાવી સોંપવામાં આવી...**

મધ્યપ્રદેશનાં બાલાઘાટના લાંજી બ્લોકમાં જમના તેની બે દીકરીઓ સાથે રહે છે. ઘર બિલકુલ રહેવાલાયક નથી અને પડું પડું થઈ રહ્યું છે. જમના કહે છે, મોદી સરકારે અમને મદદ કરી. મારું મકાન હવે પાકું થઈ ગયું છે. અમે હવે આરામથી રહીએ છીએ. દેવાંગની ભગવંતાદેવીને પણ એ વાતની ખુશી છે કે હવે વરસાદમાં બહુ વાંધો નહીં આવે. સામાન્ય માણસોની આવી ખુશીની કહાની તમને લગભગ દરેક રાજ્ય અને જિલ્લામાંથી સાંભળવા મળશે. જે લોકો માની ચૂક્યા હતા કે જિંદગી હવે ફુટપાથ અને ઝૂંપડીમાં જ વીતશે, તેમને સરકારે ખુશીઓથી ભરપૂર ઘરની ચાવી સોંપી છે. પીએમ આવાસ યોજનામાં એ વાતનું પણ ધ્યાન રાખવામાં આવે છે કે ગરીબોને જે ઘર આપવામાં આવે છે તેમાં જીવનની બાકીની સુવિધાઓ પણ પૂરી પાડવામાં આવે. જેમ કે, આ યોજના હેઠળ આપવામાં આવતા ઘરમાં શૌચાલય છે, સૌભાગ્ય યોજના અંતર્ગત

વડાપ્રધાનનું સંપૂર્ણ સંબોધન સાંભળવા માટે QR કોડ સ્કેન કરો.

## ખુશીઓનો ગૃહપ્રવેશ

**2, 32, 43,740**

**પાકા મકાન બનીને તૈયાર 24 માર્ચ, 2022 સુધી દેશમાં**

- 2022 સુધી પ્રાથમિક સુવિધાઓ સાથે 2.95 કરોડ પાકા ઘર બનાવવાનું લક્ષ્ય
- જે ઘર બન્યાં છે તેમાંથી આશરે બે કરોડ ઘરો પર માલિકી હક મહિલાઓને આપવામાં આવ્યો છે

**2.29**

**કરોડથી વધુ લાભાર્થી નોંધાયા અત્યાર સુધી**

**2.28**

**કરોડથી વધુ ઘર મંજૂર**

બજેટમાં 80 લાખ નવા ઘરો બનાવવા માટે ફન્ડ ફાળવવામાં આવ્યું છે.

**અમારો પ્રયાસ છે કે આઝાદીના અમૃતકાળમાં આપણે દરેક લાભાર્થી સુધી પાયાની સુવિધાઓ ઝડપથી પહોંચાડી શકીએ. અમે યોજનાઓને 'સેચ્યુરેશન' એટલે કે દરેક યોજનાના 100% લાભાર્થીઓ સુધી પહોંચવાના સંકલ્પ પર કામ કરી રહ્યા છીએ. ગામમાં આ યોજનાના જે લાભાર્થી હશે, હિતધારક હશે તેને તેનો હક તેના ઘર સુધી પહોંચવો જોઈએ. આ કામમાં અમે લાગી ગયા છીએ. 'સેચ્યુરેશન'નાં આ ધ્યેયનો સૌથી મોટો ફાયદો એ છે કે કોઇ પણ ગરીબ યોજનાઓના લાભોથી વંચિત નહીં રહે. સરકાર દરેક વ્યક્તિ સુધી પહોંચશે. આનાથી ભેદભાવ અને ભ્રષ્ટાચારની સંભાવના નહીં રહે.**

-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન

વીજળીનું જોડાણ આપવામાં આવે છે, ઉજાલા યોજના અંતર્ગત એલઈડી બલ્બ હોય છે, ઉજ્જવલા યોજના અંતર્ગત ગેસનું જોડાણ પૂરું પાડવામાં આવે છે અને 'હર ઘર જલ' યોજના અંતર્ગત પાણીનું જોડાણ પણ આપવામાં આવે છે. એટલે કે, ગરીબ લાભાર્થીઓને આ સુવિધાઓ મેળવવા માટે સરકારી કચેરીઓનાં આંટા મારવાની જરૂર નહીં પડે. છેલ્લાં બે વર્ષમાં કોરોનાને કારણે અનેક અવરોધ આવ્યા છતાં કામને ધીમું નથી પડવા દીધું.

મધ્યપ્રદેશમાં આવા 5.25 લાખ લાભાર્થીઓને 'ગૃહ પ્રવેશમ' કાર્યક્રમ દ્વારા ઘરની ચાવી સોંપવામાં આવી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ કાર્યક્રમમાં અનેક લાભાર્થીઓ સાથે વાતચીત પણ કરી. વડાપ્રધાને કાર્યક્રમમાં કહ્યું, "જ્યારે ગરીબ મજબૂત થાય તો તેનામાં ગરીબી સામે લડવાની તાકાત આવે છે. એક પ્રામાણિક સરકારના પ્રયાસ અને એક સશક્ત ગરીબના પ્રયાસ સાથે મળે છે ત્યારે ગરીબી દૂર થાય છે. " કાર્યક્રમમાં વડાપ્રધાને કહ્યું, "ગરીબોને તેમની માલિકીનું પાકું ઘર આપવાનું આ અભિયાન માત્ર એક સરકારી યોજના નથી. આ ગામને, ગરીબને વિશ્વાસ અપાવવાની પ્રતિબધ્ધતા છે. ગરીબોને ગરીબીમાંથી બહાર લાવવાની, ગરીબી સામે લડવાની હિંમત બતાવવાની આ પ્રથમ સીડી છે. જ્યારે ગરીબના શિરે પાકી છત હોય છે, ત્યારે તે પોતાનું સંપૂર્ણ ધ્યાન બાળકોના શિક્ષણ અને અન્ય કાર્યોમાં લગાવી શકે છે. જ્યારે ગરીબને ઘર મળે છે ત્યારે તેના જીવનમાં સ્થિરતા આવે છે. આ વિચાર સાથે અમારી સરકાર પીએમ આવાસ યોજનાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી રહી છે."વડાપ્રધાન મોદીએ કહ્યું, પીએમ નરેન્દ્ર મોદીએ કહ્યું, "મારાં આવ્યા પહેલા અગાઉની સરકારોમાં જે લોકો હતા, તેમણે તેમના શાસન દરમિયાન માત્ર થોડા લાખ મકાનો જ બનાવ્યા, જ્યારે અમારી સરકાર 2.5 કરોડથી વધુ ઘરો બનાવની સોંપી ચૂકી છે, જેમાંથી લગભગ બે કરોડ ગામડાઓમાં છે. પીએમ આવાસ યોજના હેઠળ બનેલા મકાનોમાંથી લગભગ બે કરોડ મકાનો પર મહિલાઓનો માલિકી હક છે. આ માલિકીના કારણે ઘરના અન્ય આર્થિક નિર્ણયોમાં મહિલાઓની ભાગીદારી પણ મજબૂત બની છે. બે વર્ષ સુધી કોરોના કાળમાં અવરોધો છતાં કામ ધીમું પડ્યું ન હતું." ●



# નવા ભારતનાં પદ્મ

થોડાં દિવસો પહેલાં 126 વર્ષનાં બાબા શિવાનંદની તંદુરસ્તીએ સમગ્ર દેશમાં ચર્ચા જગાવી હતી. બાબા શિવાનંદ તેમની ઉંમર કરતાં ચાર ગણી ઓછી વયના લોકો કરતાં પણ વધુ ફિટ છે. બાબા શિવાનંદનું જીવન આપણને બધાને પ્રેરણા આપે તેવું છે. તેમનામાં યોગ પ્રત્યે ભારે જુસ્સો છે અને તેઓ અત્યંત સ્વસ્થ જીવનશૈલી જીવે છે. પદ્મ પુરસ્કાર લેતા પહેલા તેઓ વડાપ્રધાન તરફ ઝૂક્યા હતા, તો ખુદ પીએમ મોદીએ તેમને નમીને પ્રણામ કર્યા હતા.

**હવે દેશ બદલાઈ રહ્યો છે, જૂની વ્યવસ્થાઓ પણ બદલાઈ રહી છે. આ પરિવર્તન હવે પદ્મ પુરસ્કાર સન્માનમાં પણ જોવા મળી રહ્યું છે. રાષ્ટ્રપતિ ભવનના ઐતિહાસિક દરબાર હોલમાં રાષ્ટ્રપતિ, વડાપ્રધાન, ઉપરાષ્ટ્રપતિ સહિત દેશની સૌથી મોટી હસ્તીઓ પદ્મ પુરસ્કારો દરમિયાન ઉપસ્થિત રહી હતી. કેમેરાની આંખો આંજતી ફ્લેશ અને તાળીઓની ગુંજ વચ્ચે રેડ કાર્પેટ પર હવે અસાધારણ કામ કરનારાં, પણ બહુ સાધારણ દેખાતા લોકો નજરે પડે છે. બદલાતા ભારતની આ તસવીર છે, જેમાં વિશિષ્ટ ઉપલબ્ધિઓ હાંસલ કરનારાં સામાન્ય માણસને પણ પદ્મ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવી રહ્યો છે. આ વર્ષે કુલ 128 પદ્મ પુરસ્કારો અર્પણ કરવામાં આવ્યા, જેમાં ચાર પદ્મ વિભૂષણ, 17 પદ્મ ભૂષણ અને 107 પદ્મશ્રીનો સમાવેશ થાય છે.**

પદ્મ પુરસ્કાર સમારોહ જોવા માટે QR કોડ સ્કેન કરો





ગોંડ પેઈન્ટિંગને વૈશ્વિક ઓળખ આપનાર દુર્ગાબાઈ વ્યોમ મૂળ મધ્ય પ્રદેશના ડિંડોરીના નાનકડા ગામ બરબાસપુરના રહેવાસી છે. પદ્મ પુરસ્કારથી સન્માનિત થવા બદલ તેમણે આભાર વ્યક્ત કર્યો હતો.



હિમાચલની લોક સંસ્કૃતિની જાળવણી બદલ પ્રખ્યાત લોક કલાકાર વિદ્યાનંદ સરૈકને પદ્મશ્રીથી સન્માનિત કરવામાં આવ્યા છે. તેમણે જણાવ્યું કે સરકારે યોગ્ય અને લાયક વ્યક્તિઓની પસંદગી કરીને જ પુરસ્કાર અર્પણ કર્યા છે.



પંજાબના લોક વારસાનું જતન કરનાર સુરોની મલ્લિકા ગુરમીત બાવાને મરણોપરાંત પદ્મ ભૂષણ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા છે. તેમની પુત્રી ગ્લોરી બાવાએ આ માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો આભાર વ્યક્ત કર્યો.



જમ્મુ કાશ્મીરમાં મર્યાદિત સંસાધનો સાથે માર્શલ આર્ટ એકેડેમી ચલાવનાર ફાસિલ અલી દારને પદ્મશ્રીથી નવાજવામાં આવ્યા છે. પુરસ્કાર મળ્યા બાદ ફાસિલે કહ્યું કે આનાથી યુવાનોને જીવનમાં સારું કરવાની પ્રેરણા મળશે. ●

# પ્રતિબંધો દૂર થયા

**2 વર્ષ પહેલાં જ્યારે સમગ્ર વિશ્વ કોવિડ જેવી સદીની સૌથી મોટી મહામારીનો સામનો કરી રહ્યું હતું ત્યારે સામાન્ય જીવન થંભી ગયું હતું. સરકારે અનેક પ્રતિબંધો લગાવ્યા હતા, જેમાં ક્રમશઃ વધારો કરવામાં આવ્યો, ક્યારેક રાહતો પણ આપવામાં આવી. પણ ઝડપી રસીકરણ અને કોવિડના દૈનિક કેસોમાં સતત ઘટાડાને કારણે કેન્દ્ર સરકારે 31 માર્ચથી તમામ પ્રકારના પ્રતિબંધો હટાવી દીધા છે. કેટલાંક રાજ્યોએ તો માસ્ક ન પહેરવા બદલ લેવાતો દંડ પણ નાબૂદ કરી દીધો છે...**

સદીની સૌથી મોટી મહામારી કોવિડનાં દૈનિક કેસોમાં ભલે સતત ઘટાડો થઈ રહ્યો હોય, પણ સરકાર જરાય ઢીલાશ વર્તવા માંગતી નથી અને એટલાં માટે જ રસીકરણ અભિયાન સતત ચાલુ જ છે. આરોગ્યકર્મીઓ, ફ્રન્ટલાઈન વર્કર્સ અને 60થી વધુ વયના લોકોને પ્રિકોશન ડોઝ આપવામાં આવી રહ્યો છે ત્યારે 12થી 17 વર્ષની વયના બાળકોનું રસીકરણ અભિયાન પણ ઝડપથી ચાલી રહ્યું છે. દેશમાં અત્યાર સુધી કુલ 185 કરોડથી વધુ લોકોને રસીના ડોઝ આપવામાં આવી ચૂકયા છે. દૈનિક કેસોની સંખ્યા ઘટીને 1,000ની આસપાસ થઈ ગઈ છે.



## કોવિડ કેસોમાં થઈ રહેલો ઘટાડો

| | |
|---|---|
| 22 માર્ચ- | 1,581 |
| 23 માર્ચ- | 1,778 |
| 24 માર્ચ- | 1,938 |
| 25 માર્ચ- | 1,685 |
| 26 માર્ચ- | 1,660 |
| 27 માર્ચ- | 1,421 |
| 28 માર્ચ- | 1,270 |
| 29 માર્ચ- | 1,259 |

- 707 દિવસ બાદ 30 માર્ચનાં રોજ 15,000થી ઓછાં સક્રિય કેસો નોંધવામાં આવ્યા.
- રસીકરણ શરૂ થવાના 439 દિવસો બાદ દેશમાં 183.82 કરોડથી વધુ ડોઝ લગાવી દેવામાં આવ્યા છે.
- ભારત આવવા-જવા માટે કમર્શિયલ આંતરરાષ્ટ્રીય પેસેન્જર ફ્લાઈટ્સ 27 માર્ચ, 2022થી પુનઃ શરૂ. આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના દિશા નિર્દેશ પ્રમાણે કામગીરી શરૂ.

# ટ્રેનોમાં ફરી મળવા લાગ્યા તકિયા, ચાદર, બ્લેન્કેટ

દેશમાં કોવિડના નવા કેસોની સંખ્યામાં ઘટાડો અને પરિસ્થિતિમાં સતત સુધારાને ધ્યાનમાં રાખીને રેલવેએ તાત્કાલિક અસરથી તકિયા, ચાદર, બ્લેન્કેટ અને બારીનાં પડદા પર લાદવામાં આવેલા પ્રતિબંધને પાછો ખેંચી લેવાનો નિર્ણય કર્યો છે. જો કે, મીડિયાના અહેવાલો પ્રમાણે તાત્કાલિક અસરથી ટ્રેનમાં ધાબળા અને ચાદરો પરનો પ્રતિબંધ હટાવવામાં આવ્યો હોવા છતાં ઘણી ટ્રેનોમાં તેનો અમલ કરવામાં આવ્યો નથી. રેલવે સત્તાવાળાઓએ તબક્કાવાર રીતે એસી ટ્રેનોમાં આ ચીજો આપવાનું શરૂ કર્યું છે. વિલંબ થવાનું કારણ એ છે કે લગભગ બે વર્ષ સુધી ઉપયોગ વિના પડી રહેલો મોટા ભાગના સ્ટોક હવે કામનો નથી રહ્યો. રેલવે મોટી માત્રામાં નવા ચાદર અને બ્લેન્કેટની ખરીદી કરી રહી છે. કોવિડ પહેલાંની જેમ આ સેવા પૂર્વવત કરવા માટે ભારતીય રેલવે સતત પ્રયાસ કરી રહી છે.



## કોવિડ હજુ ખતમ નથી થયો, સાવધાની જરૂરી

કેન્દ્ર સરકારે ભલે 31 માર્ચથી કોવિડ સંબંધિત તમામ પ્રતિબંધો હટાવવાનો નિર્ણય લીધો હોય, પરંતુ કોવિડ હજુ ગયો નથી. તેના વેરિએન્ટ સ્વરૂપ બદલીને આવતા-જતા રહેશે. આ સ્થિતિમાં, આપણે હજુ પણ મહામારી અંગે ખૂબ સાવચેત રહેવાની જરૂર છે. માસ્ક પહેરવું, હાથને સેનિટાઇઝ કરવા અને બે ગજનું અંતર રાખવા જેવા નિયમોનું પાલન કરતા રહેવાનું છે. કેન્દ્ર સરકારે સાવચેતીનાં ભાગ રૂપે હજુ આ પ્રોટોકોલનું પાલન ચાલુ રાખવાનો નિર્ણય લીધો છે. આ ઉપરાંત, આરોગ્ય મંત્રાલયે કોવિડ-19 અંગેની તમામ સાવધાનીનું પાલન કરવા જણાવ્યું છે. કોઈ રાજ્ય કે કેન્દ્રશાસિત પ્રદેશમાં કોઈ વિસ્તારમાં કોવિડનાં કેસ વધી જાય તો તેને રોકવા માટે રાજ્ય સરકાર પગલાં ભરી શકે છે. કેન્દ્રએ 24 માર્ચ, 2020નાં રોજ કોવિડથી બચવા તમામ પ્રતિબંધો લગાવ્યા હતા અને સમય સમયે તેમાં ફેરફાર પણ કરવામાં આવતો હતો. મહારાષ્ટ્રમાં XE વેરિએન્ટનો પ્રથમ કેસ નોંધાયાના અહેવાલો પ્રસિધ્ધ થયા હતા, જો કે કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે તેને રદીયો આપ્યો હતો.

## દેશવ્યાપી રસીકરણની ઝડપ ચાલુ છે

દેશભરમાં 6 એપ્રિલ સુધીમાં 185.20 કરોડથી વધુ ડોઝ અપાઈ ચૂક્યા છે, તો 29 માર્ચ સુધી 12-14 વર્ષનાં 1.36 કરોડથી વધુ કિશોરોને કોવિડ-19નો પ્રથમ ડોઝ લગાવવામાં આવ્યો છે. 12-14 વર્ષનાં કિશોરો માટે કોવિડ-19 રસીકરણ 16 માર્ચ, 2022નાં રોજ શરૂ થયું હતું. ભારતમાં કોવિડનાં સક્રિય કેસોની સંખ્યા 29 માર્ચનાં રોજ 15,378 હતી, જ્યારે છેલ્લાં 24 કલાકમાં માત્ર 1259 નવા કેસો નોંધાયા હતા. સક્રિય કેસો 0.04 ટકા નોંધાયા હતા, જ્યારે રિકવરી રેટ 98.75 ટકા રહ્યો હતો. બીજી બાજુ, 15થી 17ની વયજૂથનાં 50 ટકાથી વધુ કિશોરોનું રસીકરણ થઈ ગયું છે. કોવિડ-19ની રસી બધાં માટે ઉપલબ્ધ કરાવવા માટે બીજો તબક્કો 21 જૂન, 2021થી શરૂ કરવામાં આવ્યો હતો. વધુને વધુ લોકો સુધી પહોંચી શકાય તે માટે રસીકરણ અભિયાનની ઝડપ વધારવામાં આવી છે. બીજી બાજુ, ભારતે વિશ્વસ્તરીય રસી ઉત્પાદન ક્ષમતા પ્રદર્શિત કરી છે અને 150થી વધુ દેશોમાં રસીનો પૂરવઠો પૂરો પાડ્યો છે. તો ડબલ્યુએચઓની રસી જરૂરિયાતમાં 65થી 70 ટકા પ્રદાન આપ્યું છે. ●



## ખેલો ઇન્ડિયા

# પ્રતિભાઓને મળી રહી છે નવી ઓળખ, નવી તકો

**દરેક વ્યક્તિનાં જીવનમાં રમતગમતનું વધુ મહત્વ હોય છે. રમતગમતથી વ્યક્તિમાં ટીમ ભાવના પેદા થાય છે, તો મનોબળ મજબૂત બને છે, નેતૃત્વ કુશળતા, લક્ષ્ય નિર્ધારણ અને જોખમ લેવાનો વિશ્વાસ પણ પેદા કરે છે. થોડાં વર્ષો પહેલાં ઓલિમ્પિક, એશિયાડ જેવા આંતરરાષ્ટ્રીય રમતગમત મંચ પર ભારતની હાજરી ખાસ અસરકારક નહોતી. દેશમાં પ્રતિભાશાળી ખેલાડીઓની કમી નહોતી, પણ એ પ્રતિભાઓને સ્થાનિક સ્તરે શોધવાથી માંડીને તેમને મોટા મંચ પર સ્પર્ધા કરવા તૈયાર કરવાની સિસ્ટમની કમી હતી. આ કમીને પૂરી કરવાની શરૂઆત 22 એપ્રિલ, 2016નાં રોજ 'ખેલો ઇન્ડિયા' યોજના સાથે થઈ. કારણ કે "ખેલેગા ભારત, તભી તો બઢેગા ભારત..."**

હરિયાણાના જઝ્ઝરમાં રહેતી મનુ ભાકરે બહુ ઓછા સમયમાં જ ભારતીય રમતગમતની દુનિયામાં જાણીતી ખેલાડીઓમાં સ્થાન મેળવ્યું છે. ખેલો ઇન્ડિયાથી આગળ આવેલી મનુ ભાકર 2017માં ત્રિવેન્દ્રમમાં આયોજિત 61મી રાષ્ટ્રીય શૂટિંગ ચેમ્પિયનશીપમાં મહિલાઓની 10 મીટર પિસ્ટલની શ્રેણીમાં સફળતા મેળવીને પ્રથમ વાર લાઇમલાઇટમાં આવી હતી અને 2018માં ખેલો ઇન્ડિયા અંતર્ગત પ્રથમ સ્કુલ ગેમમાં મહિલાઓની 10 મીટર એર પિસ્ટલ સ્પર્ધામાં તેમની કુશળતા લોકોનાં ધ્યાનમાં આવી. બીજી બાજુ, 2018માં જ ખેલો ઇન્ડિયા સ્કુલ ગેમ્સમાં 10 મીટર એર પિસ્ટલ સ્પર્ધામાં સુવર્ણચંદ્રક મેળવનાર મેરઠના કલીના ગામના નિવાસી સૌરભ ચૌધરીએ પણ બહુ ઓછા સમયમાં નોધપાત્ર દેખાવ કર્યો છે. આ જ રીતે, દિવ્યાંશ સિંહ પંવારની પ્રતિભા પણ ખેલો ઇન્ડિયામાંથી બહાર આવી છે. તેમણે ખેલો ઇન્ડિયા ગેમ્સના બે સત્રોમાં ભાગ લીધો હતો. 2018માં દિલ્હીમાં યોજાયેલી સ્કુલ ગેમ અને 2019માં પૂણેમાં યોજાયેલી યુથ ગેમ્સમાં તેણે ભાગ લીધો હતો. આજે મનુ ભાકર, સૌરભ ચૌધરી અને દિવ્યાંશ સિંહ પંવાર જેવા ખેલાડીઓ રમતગમતની દુનિયામાં દેશનું નામ ઉજળું કરી રહ્યા છે ત્યારે તેમાં ખેલો ઇન્ડિયા યોજનાની મહત્વની ભૂમિકા રહી છે, જેનાં દ્વારા સરકાર દેશમાં રમતગમતનાં સમગ્ર વાતાવરણને બદલવા માંગે છે. ખેલો ઇન્ડિયા કાર્યક્રમનો હેતુ પ્રતિભાશાળી ખેલાડીઓને પ્રારંભથી જ ઓળખીને તેમને સારી તાલીમ, આધુનિક સુવિધા પૂરી પાડવાનો અને રમતગમત માટે ઉત્તમ માળખાગત સુવિધાઓ પૂરી પાડવાનો છે.

આજે દેશ ખેલાડીઓ સુધી પહોંચવાનો પ્રયત્ન કરી રહ્યો છે અને ગ્રામીણ વિસ્તારો પર વિશેષ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. આપણા ગામ અને અંતરિયાળ વિસ્તારો પ્રતિભાશાળી ખેલાડીઓથી ભરેલા છે અને દેશ પોતાનાં ખેલાડીઓને ખુલ્લાં હૃદયથી મદદ કરી રહ્યો છે.



# ખેલો ઈન્ડિયા અને નેશનલ ટેલેન્ટ સર્ચ

**ભારતમાં ખૂણે ખૂણે અનેક પ્રતિભાશાળી ખેલાડીઓ છે, જેમને આગળ આવવા માટે યોગ્ય મંચ નથી મળતો. જો કે ખેલો ઈન્ડિયા યોજનાએ સેતુ તરીકે કામ કર્યું છે. 2016માં લોંચ કરાયેલી આ યોજના ભારતમાં ગ્રાસ રૂટ લેવલથી પ્રતિભાઓને બહાર લાવવામાં અને તેમને ઓલિમ્પિકના પોડિયમ સુધી પહોંચાડવામાં સૌથી મહત્વની ભૂમિકા નિભાવી રહી છે.**

### સ્પોર્ટ્સનાં મેદાનોનો વિકાસ

**દેશમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર**

| 2008–2014 | 2014–2020 |
|---|---|
| 38 | 267 |

### રાજ્ય સ્તરીય ખેલો ઈન્ડિયા સેન્ટર

એથ્લીટોને કોચિંગથી માંડીને તમામ સુવિધાઓ પૂરી પાડી શકાય તે માટે રાજ્યોમાં ખેલો ઈન્ડિયા સેન્ટર તરીકે સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ બનાવવાની શરૂઆત કરવામાં આવી.

### સ્વદેશી રમતને પ્રોત્સાહન

મલખમ, યોગાસન જેવા પરંપરાગત ભારતીય રમતને પ્રોત્સાહન આપવા માટે 19 જગ્યાએ એક ભારત-શ્રેષ્ઠ ભારત સ્પર્ધાનાં 36 આયોજન કરવામાં આવ્યા છે.

### વાર્ષિક રમતગમત સ્પર્ધા

શાળાથી કોલેજ સ્તર સુધીની પ્રતિભા સામે આવે છે. ખેલો ઈન્ડિયા સ્કુલ ગેમ્સ, ખેલો ઈન્ડિયા યુથ ગેમ્સ અને ખેલો ઈન્ડિયા યુનિવર્સિટી ગેમ્સ સાથે સ્પોર્ટસનો નવો મંચ

### પ્રતિભા શોધ-તેમનો વિકાસ

ઝોન પ્રમાણે ટેલેન્ટ સર્ચ ટીમ બનાવવામાં આવી, જેથી જિલ્લા અને બ્લોક સ્તરે પ્રતિભશાળી ખેલાડીઓ સુધી પહોંચી શકાય. ટેલેન્ટ સર્ચ પોર્ટલની શરૂઆત કરવામાં આવી.

### સ્પોર્ટ્સ એકેડેમીને મદદ

સ્પોર્ટસ એકેડેમીને મદદ તરીકે સારું ઈન્ફ્રાસ્ટ્રક્ચર પૂરૂં પાડવામાં આવ્યું છે. દરેક પ્રકારનાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે નવી પ્રતિભાઓને સારી તકો

### સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો ઉપયોગ અને સર્જન

હોકી ટ્રેક, ટર્ફ, જિમ, ફુટબોલ ટર્ફ, ઈન્ડોર હોલ, સ્પોર્ટસ હોસ્ટેલ જેવી સુવિધાઓનાં વિસ્તરણની નવી શરૂઆત કરવામાં આવી

### શાળાના બાળકોની ફિટનેસ

નાની ઉંમરમાં બાળકોને રમત માટે પ્રોત્સાહિત કરવા અને તેમને શારિરિક રીતે ફિટ રાખવા માટે ટ્રેનર્સની મદદ લેવામાં આવી. ખેલો ઈન્ડિયા મોબાઈલ એપની શરૂઆત કરવામાં આવી.

### મહિલાઓ માટે રમતગમત

તેનાં દ્વારા રમતગમતમાં મહિલાઓની હરીફાઈ સુનિશ્ચિત કરવામાં આવી. નાના અને પાયાના સ્તરે છોકરીઓ માટે અલગથી ‘સ્પોર્ટસ મીટ’ની શરૂઆત

### કોચિંગમાં સુધારો

**14,595**

કોચને પાયાના સ્તરે પ્રતિભા પસંદ કરવા માટે તાલીમ આપવામાં આવી

### દિવ્યાંગો માટે રમતને પ્રોત્સાહન

ભારતના પેરા એથ્લેટ્સે સતત સુંદર દેખાવ કર્યો છે. ખેલો ઈન્ડિયા કાર્યક્રમ અંતર્ગત તેનાં પર વિશેષ ભાર મૂકવામાં આવી રહ્યો છે. 2021માં ટોપ્સ યોજનામાં 32 પેરા એથ્લીટ સામેલ હતા.

### શાંતિ-વિકાસ માટે રમતગમત

જમ્મુ-કાશ્મીરમાં ખેલો ઈન્ડિયા વિન્ટર ગેમ્સનું પ્રથમ વાર આયોજન કરવામાં આવ્યું. કેન્દ્રશાસિત પ્રદેશો માટે વિન્ટર ગેમ્સનું આયોજન લડાખમાં કરવામાં આવ્યું હતું.

### આ બજેટમાં 48% નો વધારો

- ચાલુ નાણાકીય વર્ષનાં બજેટમાં ખેલો ઈન્ડિયા યોજના માટે 974 કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે, જે અગાઉનાં બજેટની સરખામણીમાં 48.9%નો વધારો છે. સરકારે રૂ. 3165.50 કરોડનાં ખર્ચ સાથે 15મા નાણા પંચની મુદત (2021-22થી 2025-26) દરમિયાન ‘ખેલો ઈન્ડિયા-ખેલો’ના વિકાસ માટે રાષ્ટ્રીય કાર્યક્રમ યોજનાને ચાલુ રાખવાનો નિર્ણય કર્યો.

### ખેલો ઈન્ડિયાથી પ્રતિભાઓમાં ચમક

- 2021 સુધી ખેલો ઈન્ડિયા સ્કુલ એન્ડ યુથ ગેમ્સની ત્રણ આવૃત્તિ, ખેલો ઈન્ડિયા યુનિવર્સિટી ગેમ્સની એક આવૃત્તિ અને ખેલો ઈન્ડિયા વિન્ટર ગેમ્સની બે આવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું.
- તેનાથી પ્રતિભાશાળી યુવા ખેલાડીઓને ખેલો ઈન્ડિયા સ્કોલરશીપ્સ જીતવાની અને અત્યાધુનિક રમતગમત સંકુલોમાં તાલીમ મેળવવાની તક મળી. સાધનો, ભોજન અને શિક્ષણ સહાય ઉપરાંત દર મહિને રૂ. 1,000નું ભથ્થું પણ આપવામાં આવે છે.

# ગુરુકળ પરંપરાએ 'સર્વજન હિતાય'ને આત્મસાત કર્યું હતું

**પ્રાચીન ભારતની ગુરુકુળ પરંપરાએ 'સર્વજન હિતાય'ને આત્માસાત કર્યું હતું, કારણ કે ગુરુકુળમાં તમામ વર્ગના શિષ્યો હતા અને બધાં એક સાથે ભણતા હતા. આ પરંપરામાં તેનો ગૌરવશાળી ભૂતકાળ અને ભવ્ય ભવિષ્યના બીજ સમાયેલા છે. ગુરુકુળ પરંપરા સામાન્ય નાગરિકોને પણ ધાર્મિક, સાંસ્કૃતિક અને સામાજિક પ્રેરણા પૂરી પાડે છે અને દેશને પ્રગતિની સાથે આત્મનિર્ભરતાનાં માર્ગે લઈ જઈ રહી છે...**



ભારતના ઈતિહાસમાં સંતો અને ભક્તિ આંદોલનનો મોટો ફાળો રહ્યો છે. સંતો અને ભક્તિ આંદોલને સ્વતંત્રતા આંદોલનનો પાયો નાખવામાં મહત્વની ભૂમિકા નિભાવી હતી. વર્તમાન સમયમાં પણ તેની અલગ ભૂમિકા હોઈ શકે છે. એટલાં માટે જ, 20 માર્ચનાં રોજ અમદાવાદ સ્થિત સ્વામિનારાયણ ગુરુકુળ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ (એસજીવીપી) ગુરુકુળનાં ભાવ વંદના કાર્યક્રમ પ્રસંગે સંબોધન કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું, "ગુરુકુળ પરિવાર આઝાદીના અમૃત મહોત્સવ અને અમૃતકાળમાં યોગદાન કરવા માટે આગળ આવી શકે છે." આ કાર્યક્રમનું આયોજન શાસ્ત્રીજી મહારાજના જીવન પર આધારિત 'શ્રી ધર્મજીવન ગાથા'ના છ ખંડોનાં વિમોચન માટે કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, વડાપ્રધાને ગુરુકુળ પરિવારને કેમિકલથી થતાં નુકસાનથી ધરતી માતાની રક્ષા માટે પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહિત કરવા આહવાન કર્યું કારણ કે ગુરુકુળ પરિવારને વિનંતી કરી કે તેઓ પુજ્ય શાસ્ત્રીજી મહારાજના ઉપદેશોનું પાલન કરતાં નવીનતાપૂર્વક આઝાદીનો અમૃત મહોત્સવ મનાવે.

### વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સંબોધનના અંશ...

- ગુરૂદેવ શાસ્ત્રીજી અને તેમની એક સાધના હતી, તપસ્યા હતી, સમાજ માટે સમર્પણ હતું. પૂજ્ય માધવપ્રિયદાસ મહારાજે આપણને 'શ્રીધર્મજીવન ગાથા' સ્વરૂપમાં પ્રેરક ગ્રંથ આપ્યો છે.
- 'સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ અને સબકા પ્રયાસ'ની પરિકલ્પના શાસ્ત્રીજી મહારાજ જેવી મહાન વ્યક્તિઓથી પ્રેરિત છે અને 'સર્વજન હિતાય, સર્વજન સુખાય'ની ફિલોસોફી પર આધારિત છે. તેમનું જીવન માત્ર ઉપદેશાત્મક કે મેથડીકલ નહોતું, પણ શિસ્ત અને તપશ્ચર્યાથી સભર હતું. તેઓ કર્તવ્યપથ પર સતત આપણું માર્ગદર્શન કરતા રહ્યા છે. ●

**ધરતી માતાને કેમિકલના બોઝમાંથી મુક્તિ અપાવો, તમારે ત્યાં ગૌશાળા પણ છે. અને પ્રાકૃતિક ખેતીની જે પધ્ધતિ છે, તે ગુરુકુળમાં શીખવાડવામાં આવી છે. ગુરુકુળમાંથી ગામ જાવ, ગામડે-ગામડે જઇને દરેક ખેડૂતને શીખવાડો. ફર્ટિલાઇઝર, કેમિકલ, દવાઓની જરૂર નથી. હું માનું છું કે આ ગુજરાત અને દેશની મોટી સેવા હશે અને શાસ્ત્રીજી મહારાજને સાચી શ્રધ્ધાંજલી હશે.** -નરેન્દ્ર મોદી, વડાપ્રધાન




## ખોંગજોમનું એંગ્લો-મણિપુર યુધ્ધ અને ક્યોંઝરનો બળવો

# ભારતની આઝાદી માટે જ્યારે સેંકડો વીરોએ પ્રાણોની આહૂતિ આપી

**ભારતને મળેલી આઝાદી માત્ર એક દિવસ કે એક વ્યક્તિના સંઘર્ષનું પરિણામ નથી. વર્ષો સુધી અસંખ્ય લડવૈયાઓનાં સંઘર્ષનું પરિણામ હતું. આશરે 200 વર્ષોની ગુલામી દરમિયાન અનેક પ્રસંગો બન્યાં, જ્યારે અંગ્રેજી શાસન સામે બળવાનું બ્યુગલ ફૂંકવામાં આવ્યું. અંગ્રેજોએ અત્યાચાર દ્વારા તેને દબાવવાનો પ્રયાસ કર્યો અને સંખ્યાબંધ સેનાનીઓએ પોતાના પ્રાણોનું બલિદાન આપવું પડ્યું. ભારતની આઝાદીના ઈતિહાસમાં મણિપુરમાં ખોંગજોમ અને ઓડિશાના ક્યોંઝર આવા સંઘર્ષનાં સાક્ષી છે....**

રાષ્ટ્ર માટે જે બલિદાન આપે છે, તેમને અમરત્વ પ્રાપ્ત થાય છે. તેઓ પ્રેરણાના પુષ્પ બનીને પેઢી દર પેઢી પોતાની સુગંધ પ્રસારતા રહે છે. ભારતને ગુલામીના સમયગાળામાં ત્રણ પ્રવાહોના સંયુક્ત પ્રયાસોથી આઝાદી મળી હતી. એક પ્રવાહ હતો ક્રાંતિનો, બીજો પ્રવાહ હતો સત્યાગ્રહનો અને ત્રીજો પ્રવાહ હતો જાગૃતિનો. ત્રણેય પ્રવાહ તિરંગાના ત્રણ રંગોમાં વહેતા રહ્યા છે. 23 માર્ચનાં રોજ શહીદ દિવસ પ્રસંગે વિક્ટોરિયા મેમોરિયલ હોલમાં બિપ્લોબી ભારત ગેલેરી (જૂઓ બોક્સ)નું ઉદઘાટન કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું, "આપણા તિરંગામાં કેસરિયો રંગ ક્રાંતિના પ્રવાહનું પ્રતીક છે. સફેદ રંગ સત્યાગ્રહ અને અહિંસાનાં પ્રવાહનું પ્રતીક છે, લીલો

વડાપ્રધાનનું સંપૂર્ણ સંબોધન સાંભળવા માટે QR કોડ સ્કેન કરો




## મહાત્મા ગાંધીના આદર્શોથી પ્રેરાઇને 'માતૃભૂમિ' નો જન્મ થયો હતો

ભારતના સ્વતંત્રતા સંગ્રામને મજબૂત કરવા માટે અને મહાત્મા ગાંધીના આદર્શોથી પ્રેરાઈને 18 માર્ચ, 1923નાં રોજ માતૃભૂમિ અખબારનો જન્મ થયો હતો. આપણે ઈતિહાસ પર નજર નાખીએ તો અનેક મહાન વ્યક્તિ કોઈને કોઈ અખબાર સાથે જોડાયેલાં હતા. લોકમાન્ય તિળકે 'કેસરી' અને 'મહરઅટ્ટા'નું સુકાન સંભાળ્યું હતું, તો ગોપાલકૃષ્ણ ગોખલે 'હિતવાદ' સાથે સંકળાયેલા હતા. સ્વામી વિવેકાનંદનો સંબંધ 'પ્રબુધ્ધ ભારત' સાથે હતો, અને મહાત્મા ગાંધી 'યંગ ઇન્ડિયા', 'નવજીવન' અને 'હરિજન' સાથે સંકળાયેલ રહ્યા હતા. કેરળથી પ્રકાશિત મલયાલમ દૈનિક માતૃભૂમિની સ્થાપના કેપી કેશવ મેનને કરી હતી, જેઓ અંગ્રેજી વિરુધ્ધ ભારતીય સ્વતંત્રતા સંગ્રામના સક્રિય સ્વયંસેવક હતા.

## વિક્ટોરિયા મેમોરિયલ હોલમાં જોઇ શકાશે બિપ્લોબી ભારત ગેલેરી

બિપ્લોબી ભારત ગેલેરી પશ્ચિમ બંગાળની સમૃધ્ધ સાંસ્કૃતિક અને ઐતિહાસિક વારસાને જાળવવાનું અને તેને સુંદર બનાવવાની સરકારની પ્રતિબધ્ધતાનું પ્રમાણ છે. આ ગેલેરીમાં સ્વતંત્રતા સંગ્રમમાં ક્રાંતિકારીઓનું યોગદાન અને સામ્રાજ્યવાદી શાસન સામે તેમનાં સશસ્ત્ર પ્રતિકારને પ્રદર્શિત કરવામાં આવ્યું છે. આ નવી ગેલેરીનો હેતુ 1947 સુધીની ઘટનાઓને સર્વગ્રાહી રીતે રજૂ કરવાનો અને ક્રાંતિકારીઓની મહત્વપૂર્ણ ભૂમિકાને રજૂ કરવાનો છે. બિપ્લોબી ભારત ગેલેરી એ રાજકીય અને બૌધ્ધિક પૃષ્ઠભૂમિને દર્શાવે છે જેણે ક્રાંતિકારી આંદોલનને ગતિ આપી. તેમાં ક્રાંતિકારી આંદોલનની શરૂઆત, ક્રાંતિકારીઓ દ્વારા મહત્વપૂર્ણ સંગઠનોની રચના, આંદોલનનાં પ્રસાર વગેરેને પ્રદર્શિત કરવામાં આવ્યાં છે.

રંગ રચનાત્મક પ્રવૃત્તિનો પ્રવાહ અને તિરંગાની અંદર વાદળી ચક્રોમાં સાંસ્કૃતિક ચેતનાના પ્રતીક તરીકે જોઉં છું. આજે, તિરંગાના ત્રણ રંગોમાં નવા ભારતનાં ભવિષ્યને પણ જોઈ રહ્યો છું. કેસરિયો રંગ હવે આપણને ફરજ અને રાષ્ટ્રીય સલામતીની પ્રેરણા આપે છે. સફેદ રંગ હવે 'સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ અને સબકા પ્રયાસ'નો પર્યાય છે. લીલો રંગ આજે પર્યાવરણની સલામતી માટે, અક્ષય ઊર્જા માટે ભારતનાં મોટાં લક્ષ્યોનું પ્રતીક છે. અને તિરંગાનું વાદળી ચક્ર આજે બ્લુ ઇકોનોમીનો પર્યાય છે. " 18 માર્ચનાં રોજ મલયાલમ દૈનિક માતૃભૂમિનાં શતાબ્દી વર્ષ સમારોહ (જૂઓ બોક્સ)નું ઉદઘાટન કરતાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ફરી એક વાર આઝાદીનાં બલિદાનીઓનાં સંઘર્ષ પર કહ્યું, "સ્વરાજ્ય માટે સ્વતંત્રતા સંગ્રામ દરમિયાન અમને અમારાં જીવનનું બલિદાન આપવાની તક ન મળી. જો કે, આ અમૃત કાળ આપણને એક મજબૂત, વિક્સિત અને સમાવેશી ભારત બનાવવાની દિશામાં કામ કરવાની તક પૂરી પાડી રહ્યો છે. કોઈ પણ દેશનાં વિકાસ માટે સારી નીતિ બનાવવી એક પાસું છે." આનાથી સાબિત થાય છે કે આગામી વર્ષોમાં એક સારું રાષ્ટ્ર બનાવવા માટે ઘણું બધું છે, જે આઝાદીના અમૃત મહોત્સવને ધ્યાનમાં રાખીને કરી શકાય તેમ છે. સ્વતંત્રતા સંગ્રામની ઓછી ચર્ચાસ્પદ ઘટનાઓ અને ગુમનામ સ્વતંત્રતા સેનાનીઓની ચર્ચાને આગળ વધારવામાં મીડિયા મોટું માધ્યમ બની શકે તેમ છે. આ જ રીતે, દરેક ગામમાં સ્વતંત્રતા આંદોલન સાથે સંકળાયેલા સ્થળો છે, જે અંગે વધુ માહિતી નથી. આપણે આ સ્થળોને હાઈલાઈટ કરીને અને લોકોને ત્યાં જવા માટે પ્રોત્સાહિત કરી શકીએ તેમ છીએ.

**આઝાદીના અમૃત મહોત્સવમાં આ અંકમાં વાંચો એવા બે સંઘર્ષની કહાની, જેને ઈતિહાસના પાનામાં મળવું જોઈતું હતું તેવું સ્થાન ન મળી શક્યું. જો કે આ ઘટનાઓએ અંગ્રેજી સામ્રાજ્યને હલાવવાનું કામ કર્યું. મણિપુરના ખોંગજોમ અને ઓડિશાના ક્યોંઝરમાં થયેલા સ્વતંત્રતા સંગ્રામની કહાની...**

# સ્વતંત્રતા સેનાનીઓ મણિપુરના ખોંગજોમમાં બ્રિટિશ સામ્રાજ્ય સામે મજબૂતીથી લડ્યા

ખોંગજોમ, પૂર્વોત્તર રાજ્ય મણિપુરની એવી જગ્યા છે, જ્યાં એક સશસ્ત્ર બળવાએ અંગ્રેજી શાસનની ઉંઘ હરામ કરી દીધી હતી. 1981માં થયેલું એંગ્લો-મણિપુર યુધ્ધ દેશનાં ઇતિહાસની સૌથી મહત્વપૂર્ણ ઘટનાઓમાંની એક છે. બ્રિટિશર્સના સામ્રાજ્યવાદ વિરુધ્ધ થયેલા યુધ્ધમાં મણિપુરનાં નાનામાં નાના રાજ્યનાં અનેક લોકો અંગ્રેજોના શક્તિશાળી સામ્રાજ્ય સામે લડાઈ લડ્યા અને પોતાની માતૃભૂમિની ગરિમા, સન્માન અને સાર્વભૌમત્વને બચાવવા માટે પોતાનાં પ્રાણોનું બલિદાન આપી દીધું. એ જમાનામાં કહેવામાં આવતું હતું કે, ‘બ્રિટિશ સામ્રાજ્યનો સુરજ ક્યારેય ડૂબતો નથી. ' એ સમયે મણિપુર જેવું નાનું રાજ્ય અંગ્રેજો સામે લડે તેનો અર્થ માત્ર અને માત્ર હાર હતો. તેમ છતાં, મણિપુરી યોદ્ધાઓ હાર ન માન્યા. બ્રિટિશ સરકાર પ્રારંભથી જ મણિપુરને પોતાના નિયંત્રણમાં રાખવા માંગતી હતી, પણ એ શક્ય નહોતું બનતું. અંગ્રેજોએ 22 માર્ચ, 1890નાં રોજ 400 ગોરખા સૈનિકોને મણિપુર મોકલી આપ્યા અને 24 માર્ચ, 1891માં મણિપુરનાં મહલ કાંગલા પર હૂમલો કરી દીધો.

અંગ્રેજોના આ અન્યાયપૂર્ણ અભિગમને કારણે અનેક લોકો માર્યા ગયા અને મણિપુરી અને બ્રિટિશ સેના વચ્ચે સશસ્ત્ર સંઘર્ષ શરૂ થઈ ગયો. અંગ્રેજી સેના પાસે આધુનિક શસ્ત્રો અને બોંબ હતા, તો મણિપુરી સેના પાસે માત્ર પરંપરાગત ભાલા અને તલવારો હતી. તેમ છતાં, મણિપુરી સેનાએ અંગ્રેજોને ટક્કર આપી. યુધ્ધનાં પ્રથમ તબક્કામાં અંગ્રેજોએ આત્મસમર્પણ કરી દીધું હતું, પણ બીજા તબક્કામાં અંગ્રેજોએ મણિપુર પર ત્રણ દિશામાંથી હૂમલો કર્યો. મણિપુરી સેનાએ ભારે વીરતા સાથે લડાઈ લડી, પણ 23 એપ્રિલ, 1891નાં રોજ ખોંગજોમમાં તેને હારનો સામનો કરવો પડ્યો અને અનેક બહાદુર યોધ્ધા આ યુધ્ધમાં શહીદ થઈ ગયા. આ લડાઈને ભારતના સ્વતંત્રતા સંગ્રામના ઇતિહાસમાં સૌથી ભીષણ યુધ્ધોમાંનું એક માનવામાં આવે છે. આ યુધ્ધ મણિપુરની ખોંગજોમની ખેબા ટેકરીઓ પર લડવામાં આવ્યું હતું અને તેથી આ દિવસને ખોંગજોમ દિવસનાં નામે ઓળખવામાં આવે છે. 27 એપ્રિલ, 1891નાં રોજ યુધ્ધ પૂરું થયું તે પછી મણિપુર પર અંગ્રેજોનું સંપૂર્ણ નિયંત્રણ થયું. યુધ્ધ બાદ બ્રિટિશ સરકારે અનેક લોકો સામે કેસ ચલાવીને તેમને ફાંસીની સજા આપી. 13 ઓગસ્ટ, 1891નાં રોજ રાજકુમાર ટિકેન્દ્રજીત સાથે ચાર અન્ય લોકોને ફાંસી પર લટકાવી દેવામાં આવ્યા, જ્યારે કુલચંદ્ર અને અન્ય 22 જણને આંદામાન દ્વિપ સમૂહ મોકલી દેવામાં આવ્યા. કહેવાય છે કે મણિપુરી સેના અને સ્થાનિક લોકોની વીરતા અને બહાદુરી જોઇને અંગ્રેજો નવાઇ પામ્યા હતા. મણિપુરના ખોંગજોમમાં બહાદુર સૈનિકોએ એટલાં માટે પોતાનાં પ્રાણોની આહૂતિ આપી હતી, જેથી આવનારી પેઢીઓ આઝાદીની હવામાં શ્વાસ લઈ શકે. ભારતીય રાજ્યોને બ્રિટિશ સામ્રાજ્યમાં જોડવાનું કામ 1757નાં પ્લાસીનાં યુધ્ધ સાથે શરૂ થયું હતું અને ખોંગજોમનાં યુધ્ધ સાથે પૂરું થયું હતું. આ યુધ્ધ બાદ ભારતીય ઉપખંડમાં બ્રિટિશ સામ્રાજ્યનાં કબ્જામાં આવનારું મણિપુર અંતિમ રાજ્ય હતું. આ યુધ્ધને 1891નાં એંગલો-મણિપુર યુધ્ધ તરીકે ઓળખવામાં આવે છે. તત્કાલીન રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ 23 એપ્રિલ, 2016નાં રોજ મણિપુરના ખોંગજોમમાં ખોંગજોમ યુધ્ધ સ્મારકનું ઉદઘાટન કર્યું હતું. ખોંગજોમ સ્મારક સ્થળ માત્ર મણિપુર જ નહીં, બીજાં રાજ્યોનાં લોકો માટે પણ તીર્થ સ્મારક સમાન બની ગયું છે.



## ખોંગજોમ યુધ્ધ સ્મારક પરિસર

***ખોંગજોમ યુધ્ધ સ્મારક પરિસર મણિપુરના થૌબલ જિલ્લાના ખોંગજોમમાં આવેલું છે. સ્મારક પરિસરનું નિર્માણ એ વીર મણિપુરી સૈનિકોને શ્રધ્ધાંજલિ તરીકે કરવામાં આવ્યું હતું, જેમણે 1891નાં એંગલો મણિપુરી યુધ્ધમાં અંગ્રેજો સામે લડાઈ લડી હતી. ખોંગજોમ દિવસ દર વર્ષે 23 એપ્રિલનાં રોજ મનાવવામાં આવે છે અને આ વર્ષે તેની 131મી વરસી છે.***

# ક્યોંઝરમાં ભુઈયાં અને જુઆંગ આદિવાસીઓના બળવાએ અંગ્રેજોની ઊંઘ ઉડાડી મૂકી હતી

ઓડિશાના ક્યોંઝરમાં થયેલા બળવાએ અંગ્રેજ શાસનને જોરદાર ટક્કર આપી હતી. બન્યું એવું કે, અંગ્રેજ સરકારે ક્યોંઝરના ભૂઈયાં અને જુઆંગ લોકોની ઇચ્છા અને રીતિ રિવાજો વિરુધ્ધ એક નવા રાજાના ગાદી પર બેસાડી દીધા. અંગ્રેજો એ રાજા મારફતે શાસન કરવા માંગતા હતા, જેમને સ્થાનિક લોકો પસંદ નહોતા કરતા. નવા રાજા જનતાને બદલે અંગ્રેજોનાં હિતમાં કામ કરી રહ્યા હતા. રાજાએ ગાદી સંભાળતા જ મન ફાવે તેમ કર વસૂલવાનું શરૂ કરી દીધું. અંગ્રેજો અને નવા રાજાના શોષણ વિરુધ્ધ 21 એપ્રિલ, 1868નાં રોજ રત્ના અને નંદા નાઇકનાં નેતૃત્વમાં જુઆંગ અને ભૂઈયાં લોકોએ શસ્ત્ર ઉઠાવીને બળવો પોકાર્યો. અંગ્રેજો સામે ક્યોંઝરમાં થયેલા આંદોલનનું નેતૃત્વ રત્ના નાયકે કર્યું હતું. તેમનો જન્મ 1820માં ક્યોંઝર જિલ્લાનાં તારપુર ગામમાં થયો હતો. રત્ના નાયક અને ધરણીધર નાયક ભૂઈયાં આદિવાસી સમાજમાંથી આવતા હતા અને આ આંદોલનમાં નંદ નાયક, નંદ પ્રધાન, બાબુ નાયક અને દસરથી કુંવર, પાદુ નાયક જેવા લોકોએ તેમને સાથ આપ્યો હતો. આ બળવો અંગ્રેજી શાસન અને સ્થાનિક રાજાના અત્યાચાર અને અન્યાય વિરુધ્ધ હતો.

બળવાખોરોએ ક્યોંઝર બજારને લૂંટ્યું અ 28 એપ્રિલ, 1868નાં રોજ મહેલમાં ઘુસીને રાજાના દિવાન સહિત તેનાં 100 સિપાહીઓ અને સમર્થકોનું અપહરણ કર્યું. એ પછી, અંગ્રેજી શાસને આંદોલનને કચડી નાંખવાનો નિર્ણય લીધો અને 7 મે, 1868નાં રોજ સિંહભૂમના ડેપ્યુટી ગવર્નર ડોક્ટર ડબલ્યુ હાઇસના નેતૃવમાં સેનાની એક ટીમ ક્યોંઝર પહોંચી. ત્યાં પહોંચતાની સાથે જ સેનાએ આદિવાસીઓ પર હૂમલો કરી દીધો. આનાથી આંદોલન ઉગ્ર થયું. એ પછી, રત્ના નાયકના નેતૃત્વમાં આંદોલનકારીઓએ દિવાનની હત્યા કરી દીધી. હાઇસ આ પરાજયને સહન ન કરી શક્યા અને તેમણે આ ઘટનાને પ્રતિષ્ઠાનો સવાલ બનાવી દીધો. અંગ્રેજોએ આદિવાસીઓનાં ઘરોમાં આગ લગાવવાનો આદેશ આપ્યો અને કાર્યવાહી શરૂ કરી. હાઇસે ફરમાન જારી કરતા કહ્યું, "તમે લોકો આત્મસમર્પણ કરો, નહીંતર તો બધાંને મારી નાખવામાં આવશે." પણ આંદોલનકારીઓએ આ ફરમાનની અવગણના કરી અને ચાઇબાસા અને ક્યોંઝર વચ્ચેનાં રોડ સંપર્કને કાપી નાખ્યો. એવામાં અંગ્રેજોએ છોટા નાગપુરથી કમિશનર કર્નલ ઇ ટી ડાલ્ટનને ક્યોંઝર મોકલ્યા, પણ જૂન મહિનામાં ગરમી અને પર્વતીય વિસ્તારને કારણે તેઓ આંદોલન સ્થળ સુધી ન પહોંચી શક્યા. આ સ્થિતિમાં, અંગ્રેજોએ પડોશી રાજ્યોના રાજાઓ અને મોટી સેનાની મદદથી આ બળવાને દબાવવાનો પ્રયાસ શરૂ કરી દીધો. પડોશી



## ક્યોંઝરના સંગ્રામની નિશાની

***ઓડિશામાં તત્કાલીન ક્યોંઝર સ્ટેટનો શાહી મહેલ, જ્યાંથી આ બળવાની શરૂઆત થઈ અને ભૂઈયાં આદિવાસી સમાજના લોકોએ રત્ના નાયકનાં નેતૃત્વમાં શસ્ત્રો ઉપાડ્યા. બળવાનું પરિણામ ભલે અંગ્રેજોની તરફેણમા ગયું હોય, પણ આ આંદોલનની અસર માત્ર ઓડિશા જ નહીં, સમગ્ર દેશ પર પડી***

રાજ્ય બણાઇ, મયૂરભંજ, પાલલહડા અને ઢેંકાનાલથી સેનાઓ મોકલવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી. કટકથી કમિશનર ટી ઇ રમેંસાને ક્યોંઝર મોકલાવમાં આવ્યા, જેમણે આંદોલનકારીઓને આત્મસમર્પણ કરવાનું કહ્યું, પણ રત્ના નાયકે સમર્પણ નહીં કરીને અંત સુધી લડવાનો નિર્ણય લીધો. બાદમાં, ભૂઈયાં સમુદાયને બચાવવા માટે રત્ના નાયક અને નંદ નાયક બંનેએ સમર્પણ કરી દીધું. અંગ્રેજોએ બંનેને ફાંસી આપી. આંદોલનકારીઓનું સમર્થન અને સહયોગ કરનાર રાણી વિષ્ણુપ્રિયા દેવીને પણ અંગ્રેજોએ જેલમાં પૂરી દીધાં. બાદમાં ધરણીધર નાયકે આ આંદોલનને નવી ધાર આપી, જેમનાં નામે આજે પણ ક્યોંઝરમાં એક કોલેજ છે. આ આંદોલનની અસર એટલી વ્યાપક હતી કે તેની અસર સમગ્ર દેશમાં જોવા મળી. ●



**PMO India** @PMOIndia ·

जब सरकार सबका साथ, सबका विकास, सबका विश्वास के आधार पर सरकारी योजनाओं को जन-जन तक पहुंचाती है,

जब सबका प्रयास, राष्ट्र के विकास की शक्ति बनता है,

तब हम सर्वसमावेशी समाज के निर्माण की तरफ बढ़ते हैं: PM @narendramodi



**Rajnath Singh** @rajnathsingh

हमने अपने Capital Budget में निर्धारित किया है कि उसका 68% केवल domestic products पर खर्च किया जाएगा..

309 ऐसे items हैं जिनके बारे में हमने यह निर्णय लिया है कि एक निश्चित समयावधि के बाद हम किसी भी सूरत में उन्हें आयात नही करेंगे..



**Amit Shah** @AmitShah ·

प्रधानमंत्री @narendramodi जी ने पूर्वोत्तर में शांति, विकास, समृद्धि व यहां की सांस्कृतिक धरोहर के संवर्धन हेतु NLFT,ब्रू-रियांग, बोडो व कार्बी-आंगलोंग जैसे कई ऐतिहासिक समझौते कर उग्रवादी संगठनों को हथियार के रास्ते से हटाकर विकास की मुख्यधारा से जोड़ने का अभूतपूर्व काम किया है।



Nitin Gadkari Retweeted

**Office Of Nitin Gadkari** @Of...

India will soon become Green Hydrogen exporting country.

In line with PM Shri @narendramodi ji's vision of clean and cutting-edge mobility in India, our government, through 'National Hydrogen Mission' is committed to focus on green and clean energy.



Nirmala Sitharaman Retweeted

**NSitharamanOffice** @nsitha...

We believe govt & pvt sector are partners in ushering development in this economy...To set up pvt investments, govt has launched PLI schemes in 14 sectors expected to add additional productive capacity of over Rs 30 lakh cr over next 5 years.



**Narendra Singh Tom...**

देश के सुदूर क्षेत्रों में खाद्य सुरक्षा सुनिश्चित कर रही है मोदी सरकार।

देश भर में 77 करोड़ गरीबों को मिल रहा है 'एक राष्ट्र, एक राशन कार्ड' योजना का लाभ।

# भारत ने 400 अरब डॉलर का निर्यात कर साबित की क्षमता : मोदी

## मन की बात कार्यक्रम में पीएम ने लोगों से की स्थानीय उत्पादों को वैश्विक बनाने की अपील



**37** फीसदी बढ़ा एक साल में निर्यात

### देश के कोने-कोने से विदेश भेजे जा रहे उत्पाद

### सभी भाषाओं में उपलब्ध कराएं पोर्टल

### बाबा शिवानंद का किया जिक्र



**7 अप्रैल को विश्व स्वास्थ्य दिवस मनाएंगे**

### महात्मा फुले, बाबा साहब से जुड़ी जगहों का दर्शन करने जाएं

### नासिक के चंद्र किशोर और ओडिशा के राहुल की तारीफ

# जन कल्याण की दिशा में दुनिया को एकजुट कर रहा योग : मोदी

■ पीएम ने भारत की पारंपरिक औषधियों और स्वास्थ्य पद्धतियों को विश्व स्तर पर बहुत लोकप्रिय बताया

**'परीक्षा पे चर्चा' जीवन के विभिन्न पहलुओं पर बात करने का अवसर देता है**

# नए भारत के सपने बड़े, लोकल को अब ग्लोबल बनाएं: पीएम

'मन की बात' में कहा- 30 लाख करोड़ का निर्यात हुआ

■ पीटीआई, नई दिल्ली



■ पीएम ने कहा कि 'नया भारत' न केवल बड़े सपने देखता है बल्कि लक्ष्य तक पहुंचने का साहस भी दिखाता है

■ स्थानीय उत्पादों को वैश्विक स्तर पर ले जाने पर जोर

# 5.21 लाख को मिला 'आशियाना'

**मोदी ने एमपी में कराया 'गृह प्रवेशम' : गरीब को गरीबी से बाहर निकालने के लिये प्रतिबद्ध है सरकार**

पंजाब केसरी/भोपाल



**हर घर को जल कनेक्शन देने की तैयारी**

# मोदी से जुड़ी कहानियां साझा करने वाला पोर्टल शुरू

■ नई दिल्ली (भाषा)।

■ 'मोदीस्टोरी डॉट इन' स्वयंसेवी पहल है। इसमें नरेंद्र मोदी के जीवन से जुड़ी रोचक कहानियां होंगी

# बोले मोदी, सभी पूर्व पीएम का करें सम्मान

नई दिल्ली (एसएनबी)।

**भाजपा संसदीय दल की बैठक**

■ कहा, देश के हर एक प्रधानमंत्री का योगदान महत्वपूर्ण है

■ राजग सरकार ने ही सभी पूर्व प्रधानमंत्रियों के योगदान का सम्मान किया है

सामाजिक

RNI No. :
DELGUJ/2020/78810
April: 16-30, 2022

New India SAMACHAR
Fortnightly

RNI Registered No DELGUJ/2020/78810, Delhi Postal License No DL(S)-1/3554/2020-22, WPP NO U (S)-102/2020-22, posting at BPC, Meghdoot Bhawan, New Delhi - 110 001 on 13-17 advance Fortnightly (Publishing Date April 4, 2022, Pages - 48)

प्रधानमंत्री जन आरोग्य योजना
आयुष्मान भारत
PM-JAY

## આયુષ્યમાન ભારત દિવસ (30 એપ્રિલ)

# પહેલું સુખ તે જાતે નર્યા




ગરીબો માટે આરોગ્ય કલ્યાણને પ્રોત્સાહન આપવા અને તેમને આરોગ્ય વીમાનો બેવડો લાભ આપવાના હેતુથી 2018માં પ્રધાનમંત્રી જન આરોગ્ય-આયુષ્યમાન ભારત યોજનાની શરૂઆત કરવામાં આવી હતી. વિશ્વની આ સૌથી મોટી આરોગ્ય વીમા યોજનાનાં આ બે લક્ષ્યાંક સિધ્ધ કરવા માટે દેશ દર વર્ષે 30 એપ્રિલનાં રોજ આયુષ્યમાન ભારત દિવસ મનાવે છે. આ યોજના અંતર્ગત સામાજિક-આર્થિક જાતિ વસતિ ગણતરીનાં ડેટા બેઝનાં આધારે દેશનાં અંતરિયાળ વિસ્તારોમાં સસ્તી મેડિકલ સારવારને પ્રોત્સાહન આપવામાં આવ્યું છે, તો 50 કરોડથી વધુ લોકોને પાંચ લાખ રૂપિયા સુધીનો મફત આરોગ્ય વીમો આપવાનાં લક્ષ્ય સાથે સરકાર આગળ વધી રહી છે.

**17,86,97,235**
આયુષ્યમાન કાર્ડ ઈશ્યુ થઈ ચૂક્યા છે યોજના શરૂ થયાથી 21 માર્ચ, 2022 સુધી

**3,11,27,750**
લોકો હોસ્પિટલોમાં ભર્તી થઈને આ યોજના અંતર્ગત આરોગ્યનો લાભ લઈ ચૂક્યા છે

**1 લાખ**
આયુષ્યમાન ભારત આરોગ્ય અને કલ્યાણ કેન્દ્રોની સ્થાપના કરવામાં આવી છે, જ્યાં ટેલિકન્સલ્ટેશન દ્વારા તમે નિષ્ણાતો સાથે સીધો સંપર્ક કરી શકો છો.

**Helpline No.**
**14555**
**or**
**1800-111-565.**



"આપણા દેશમાં દાયકાઓથી કરોડો ગરીબ નાગરિક એ ચિંતામાં ડૂબીને જીવન વ્યતિત કર રહા હતા કે જો તેઓ બિમાર પડી જાય તો શું થશે? બિમારીની સારવાર ક્યાં કરાવશે અથવા પરિવાર માટે ભોજનની ચિંતા કરશે. દેશનાં આ ગરીબ અને મધ્યમવર્ગીય લોકોની સારવારમાં આ યોજનાએ મહત્વની ભૂમિકા ભજવી છે. હવે આયુષ્યમાન ભારત ડિજિટલ મિશનના ડિજિટલ પ્લેટફોર્મ પર પણ તેનું વિસ્તરણ કરવામાં આવ્યું છે.

**-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**

Gujarati

Editor
Jaideep Bhatnagar,
Principal Director General,
Press Information Bureau, New Delhi

Published & Printed by:
Satyendra Prakash, Principal Director General, BOC on behalf of Bureau of Outreach and Communication

Published from
Room No–278, Bureau of Outreach and Communication, 2nd Floor, Soochna Bhawan, New Delhi -110003

Printed at Aravali Printers & Publishers Pvt. Ltd., Okhla Industrial Area Phase-II, New Delhi-110020